

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૮ ❖ ૧૦, એપ્રિલ-૨૦૧૧

૫, જમા.અવ્વલ, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૬

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ ✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨ હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૬ |
| ❋ ગડમથલ | ૦૮ |
| ❋ દરજ્જાઓની પ્રાપ્તિ | ૦૯ |
| ❋ ઈર્શાદાતે રઝવી | ૧૨ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૩ |
| ❋ સિરાતે મુસ્તકીમ | ૧૭ |
| ❋ આરોગ્યની સાચવણી | ૨૪ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૫ |
| ❋ જુંબિશે લબ | ૨૯ |
| ❋ નહજુલ બલાગહ | ૩૧ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૩ |
| ❋ મા–બાપનો મહાન દરજ્જો | ૩૫ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૭ |
| ❋ મશાયખવાણી | ૩૯ |
| ❋ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૪૩ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૭ |
| ❋ તૌહીદ | ૪૯ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૫ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૯ |


## ઊઘડતે પાને...

એક જલીલુલ કદ્ર સહાબી.

હઝરત સલમાન ફારસી(રઝી.).

હઝરત સલમાન ફારસી(રઝી.)ને જ્યારે મદાયનના ગર્વનર નિમવામાં આવ્યા ત્યારે તેઓ નિમણૂંક પત્ર લઈને ખચ્ચર પર સવાર થઈને મદાયન તરફ રવાના થઈ ગયા.

આ બાજુ મદાયનના લોકોને જાણ થઈ ગઈ હતી કે સલમાન ફારસી નામના એક નવા શાસક આવી રહ્યા છે ત્યારે શહેરના લોકો નવા શાસકના સ્વાગત માટે દરરોજ મદાયનની સરહદે એકઠા થતા હતા. પરંતુ ગર્વનરને આવવામાં વિલંબ થતો

રહ્યો.

એક દિવસ મદાયનવાસીઓ નિરાશ થઈને પોત પોતાના ઘેર પાછા ફરી રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે એક માણસ ખચ્ચર ઉપર બેસીને આવી રહ્યો છે. આ જોઈને તેઓ રોકાઈ ગયા. જ્યારે ખચ્ચરસવાર નજીક આવ્યો તો તેણે મદાયનવાસીઓને સલામ કરી. શહેરના લોકોએ તેને પ્રશ્ન કર્યો,

'શું તમે રસ્તામાં મદાયનના ગર્વનરને જોયા છે ખરા ?'

હઝરત સલમાને કહ્યું,

'તેનું શું નામ છે ?'

શહેરવાસીઓએ કહ્યું,

'તેમનું નામ સલમાને ફારસી(રઝી.) છે. તેઓ પયગમ્બરે ખુદા(સ.)ના સહાબી છે.'

હઝરત સલમાને કહ્યું,

'ગવર્નર-આગેવાનને તો હું જાણતો નથી પરંતુ સલામાન ફારસી હું પોતે જ છું.'

આ સાંભળીને લોકો તેમને માન આપવા માટે પોત પોતાના ઘોડાઓ પરથી નીચે ઉતરી ગયા અને તેમની સેવામાં સવારી માટે ઘોડો રજૂ કરી દીધો. સલમાન(રઝી.)એ હ્યું,

'મારા માટે તો આ ખચ્ચર જ બરાબર છે.'

ત્યાર પછી લોકો તેમને રાજધાનીમાં ગવર્નરો માટેના ખાસ મકાનમાં લઈ ગયા ત્યારે આપે ફરમાવ્યું,

'હું શાસક કે આગેવાન નથી એટલા માટે અહીં નહીં રહું.'

ત્યાર પછી તેમણે એક દુકાન ભાડે રાખી અને એને જ પોતાના કામકાજનું કેન્દ્ર બનાવ્યું. તે સ્થળે બેસીને જ આપ ફરિયાદોનો નિકાલ કરતા અને કાનૂન લાગુ કરતા હતા. આપના શાસનકાળ દરમિયાન આપની કુલ સંપત્તિમાં એક ચામડાની ખાલ, એક લોટો અને એક લાકડી સિવાય બીજી કોઈ પૂંજી ન હતી.

એક વાર મદાયનમાં પાણીનું પૂર આવ્યું. લોકો પોતાની ઘરવખરી સુરક્ષિત સ્થળે ફેરવવા લાગ્યા. લોકો આકુળ વ્યાકુળ અવસ્થામાં હતા. એટલામાં હઝરત સલમાન(રઝી.) પોતાના રહેઠાણમાંથી ખભા ઉપર ખાલ નાખીને એક હાથમાં લોટો અને બીજા હાથમાં લાકડી લઈને બહાર નીકળ્યા. તેમણે ગભરાયેલા લોકોને જોઈને કહ્યું,

'દુનિયામાં એવી રીતે રહો કે તમારે કોઈ વસ્તુ માટે ભાગદોડ ન કરવી પડે અને યાદ રાખો કે નસીહત કરનાર લોકો પણ પુલે સિરાત ઉપરથી આ રીતે જ સહેલાઈથી પસાર થઈ જશે.'

(અન્વારૂલ નોઅમાનિયા, પેજ-૧૧૮)

વરામ બિન અબી ફરાસે નોંધ્યું છે :

'સલમાન(રઝી.) માંદા પડ્યા. સઅદ તેમની ખબર અંતર પૂછવા ગયા. તેઓ કહે છે કે મેં સલમાનના ખબર અંતર પૂછ્યા ત્યારે તેઓ રડવા લાગ્યા. મેં રડવાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું,

હું દુનિયાની લાલચમાં નથી રડતો. હું તો એટલા માટે રડી રહ્યો છું કે હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે આપણી પાસેથી એવું વચન લેવામાં આવેલ છે કે આપણે દુનિયાની મૂડી એટલા જ પ્રમાણમાં એકઠી કરીશું જેટલી પૂંજી કોઈ પ્રવાસી પોતાના નિયત ઠેકાણા સુધી પહોંચે ત્યાં સુધી પોતાની સાથે રાખે છે. મને ભય છે કે ક્યાંક મેં એ પ્રમાણ કરતાં વધારે તો એકઠું કરી લીધું નથી ને ?'

સઅદ કહે છે,

'મેં સલમાનની ઓરડીમાં જોયું તો ત્યાં મને એક લોટો, એક પ્યાલો અને એક થાળી સિવાય બીજું કશું જ જોવા ન મળ્યું.'

*

બીજા એક મહાન સહાબી.

હઝરત અબુઝર ગફ્ફારી(રઝી.)

હઝરત અબુઝર(રઝી.) વિષે હઝરત રસૂલે ખુદા(સ.)નું ફરમાન છે,

'હઝરત અબુઝરથી વધારે સાચા હોય તેવા કોઈ માણસ ઉપર ન તો આસમાને છાંયડો કર્યો છે કે ન તો જમીને પોતાની પીઠ પર એવા માણસનો બોજો ઉપાડ્યો છે.'

ત્રીજા ખલીફાએ હઝરત અબુઝર(રઝી.)ને ઊંટ ઉપર બેસાડીને મદીનાથી તડીપાર કરીને રબ્ઝાના રણમાં મોકલી દીધા હતા.

હઝરત અબુઝર(રઝી.) ત્યાં લાંબા સમય સુધી ભટકતા રહ્યા. એમનો પુત્ર રણ પ્રદેશમાં જ મૃત્યુ પામ્યો. વ્હાલસોયા પુત્રને દફનાવીને તેમણે કહ્યું,

'દીકરા ! તારી કબર ઉપર બેસીને હું રડ્યા કરત પરંતુ (શું કરું ?) નસીબમાં રઝળપટ્ટી જ લખાયેલી છે.'

થોડા સમય પછી તેમની પત્નીએ પણ રણમાં પ્રાણ ત્યજી દીધા. હઝરત અબુઝર(રઝી.)એ પત્નીને પણ ધરતીના ખોળામાં સૂવાડી દીધી. ધોમધખતા રણમાં હવે એક વ્હાલી દીકરી અને પોતે જ બચી ગયા.

હઝરત અબુઝર(રઝી.)ની પુત્રીએ કહ્યું,

'પિતાજી ! ત્રણ દિવસથી ભૂખી છું. ભૂખના કારણે મારી શક્તિ ચાલી ગઈ છે અને મારા શરીરમાં એક પ્રકારની નબળાઈ દેખાઈ રહી છે.'

હઝરત અબુઝર(રઝી.)એ રેતી એકઠી કરી અને તેનું ઓશિકું બનાવીને માથા નીચે મૂકી સૂઈ ગયા. દીકરીએ પોતાના પિતાની પાસે જઈને જોયું તો તેમની આંખો ફરી ગઈ હતી અને તેઓ અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા.

દીકરી કહે છે,

'આ પરિસ્થિતિ જોઈને હું રડી રડીને કહેવા લાગી, વ્હાલા પિતાજી ! તમારો અંતિમ સમય આવી પહોંચ્યો છે અને હું આ રણપ્રદેશમાં એકલી અટુલી છું. અરે, હું આપના કફન-દફનની વ્યવસ્થા કેવી રીતે કરીશ ?'

મારા પિતાએ મારી સામે જોઈને કહ્યું,

'વ્હાલી દીકરી ! જ્યારે હું મરી જાઉં ત્યારે મારા મોઢા ઉપર ચાદરનો પાલવ નાખી દેજે અને ઈરાક તરફના રસ્તા ઉપર જઈને બેસી જજે. ત્યાંથી એક કાફલો નીકળશે. તેમને કહેજે કે પયગમ્બરે ખુદા(સ.)ના સહાબી હઝરત અબુઝર આ દુનિયાથી વિદાય થઈ ગયા છે. એમના દફન કફનની વ્યવસ્થા કરો. મને આ વાતની જાણ હબીબે ખુદા(સ.)એ તબૂકના રણમોરચેથી પાછા ફરતી વખતે કરી હતી.'

દીકરીનું કહેવું છે કે રબ્ઝાના અમુક માણસો મારા પિતાની ખબર અંતર પૂછવા આવ્યા અને કહેવા લાગ્યા,

'તમે કઈ બાબતથી ભયભીત છો ?'

હઝરત અબુઝર(રઝી.)એ કહ્યું,

'હું મારા ગુનાહોથી ભયભીત છું.'

રબ્ઝાવાસીઓએ કહ્યું,

'શું તમારે કોઈ વસ્તુની જરૂર છે ?'

હઝરત અબુઝર(રઝી.)એ કહ્યું,

## મુખપૃષ્ઠ પરિચય

**જનાબે કાસિમ આઠમા ઈમામ અલી રઝા(અ.) તેમજ માઅસૂમાએ કુમ જનાબે ફાતેમા(અ.)ના ભાઈ છે. આપે પોતાના પિતાની શહાદત પછી બગદાદને છેલ્લી સલામ કરી અને હિલ્લાથી છ ફરસખના અંતરે આવેલ બાખમરીમાં ઠરીઠામ થઈ ગયા અને છેવટે ત્યાં જ આપની વફાત થઈ અને ત્યાં જ આપને દફન કરવામાં આવ્યા જ્યાં આલીશાન રોઝો બનાવેલ છે. આ શહેરનું અર્વાચીન નામ 'મદીનતુલ કાસિમ' (અર્થાત કાસિમનું શહેર) છે. આપનો મરતબો એટલો બધો છે કે ખુદ ઈમામ અલી રઝા(અ.)એ ફરમાવ્યું છે કે જે કોઈ મારી ઝિયારત કરી શકે તેમ ન હોય અને મારા ભાઈ કાસિમની ઝિયારત કરશે તેણે મારી ઝિયારત કર્યા બરાબર ગણાશે.**

'માત્ર અલ્લાહની રહેમતની જરૂર છે.'

લોકોએ કહ્યું,

'શું અમે તમારા માટે કોઈ વૈદ્યની વ્યવસ્થા કરીએ ?'

હઝરત અબુઝર(રઝી.)એ કહ્યું,

'હકીમે તો આ માંદગી મોકલાવી છે.'

દીકરી કહે છે કે જ્યારે મારા પિતાની નજર મોતના ફરિશ્તા ઉપર પડી ત્યારે તેમણે કહ્યું,

'હું આવનાર મિત્રનું સ્વાગત કરું છું જે ખૂબ જરૂરતના સમયે મારી પાસે આવ્યો છે. જે વ્યક્તિ ક્યારેય સફળ ન થઈ હોય તો તેને જોઈને જરૂર પસ્તાય છે. હે પાલનહાર ! તારી રહેમતના સામ્રાજ્યમાં મને સ્થાન આપ. તું તો સારી રીતે જાણે છે કે હું તો તને મળવા માટે હંમેશાં ઉત્સુક રહ્યો છું અને મેં મૃત્યુથી ક્યારેય આંખ-મીંચામણાં કર્યાં નથી.'

દીકરી કહે છે,

જ્યારે મારા પિતાનો ઈન્તેકાલ થઈ ગયો ત્યારે મેં એમના મોઢા ઉપર ચાદર ઢાંકી દીધી અને રસ્તા પર જઈને બેસી ગઈ. જોયું તો દૂરથી એક કાફલો આવી રહ્યો હતો.

જ્યારે તેઓ મારી પાસે આવ્યા તો મેં કહ્યું,

'અય મુસલમાનો ! હઝરત રસૂલે ખુદા (સ.)ના સહાબી હઝરત અબુઝર(રઝી.) દુનિયાથી વિદાય થઈ ગયા છે અને હું તેમની દીકરી છું.'

કાફલો રોકાઈ ગયો અને મારા પિતાની મૈયત વિષે પૂછપરછ કરી. હું તેમને મારા પિતાની લાશ પાસે લઈ ગઈ. કાફલાના લોકો અબુઝર(રઝી.)ની લાશને જોઈને રડવા લાગ્યા. ત્યાર પછી તેમને ગુસલ અને કફન આપવામાં આવ્યું. માલિકે ઉશ્તરે જનાઝાની નમાઝ પઢાવીને દફન કર્યા. માલિકે ઉશ્તર(રઝી.) પાસે એક કિંમતી વસ્ત્ર હતું જેની કિંમત ચાર હજાર દિરહમ હતી તેનું અબુઝરને કફન આપવામાં આવ્યું. * (હયાતુલ કુલૂબ, ભાગ-૨, પેજ-૩૮૦, અસદુલ ગાબા, પેજ-૨૭૭)

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ઈસ્લામી કવીઝ નં. ૨૦૫

**(૧) હવા ઉપર કાબૂ ધરાવનાર ફરિશ્તાનું નામ શું છે ?**

(A) ઈઝરાઈલ (B) ઈસરાફીલ (C) જિબ્રઈલ

**(૨) હઝરત ઈસ્હાક પયગમ્બર(અ.)ની માતાનું નામ શું હતું ?**

(A) જનાબે મરીયમ (B) જનાબે હાજરા

(C) જનાબે સારહ

**(૩) નમાઝે શબ (તહજ્જુદની નમાઝ)નો ચોક્કસ સમય કયો છે ?**

(A) મધ્યરાત્રીથી લઈને સુબ્હે કાઝિબ સુધી

(B) મગરિબથી લઈને મધ્યરાત્રી સુધી

(C) આખી રાત્રે ગમે ત્યારે

**(૪) બયતુલ મુકદ્દસનું બાંધકામ કયા પયગમ્બરના સમયગાળામાં થયું હતું ?**

(A) હઝરત દાઉદ પયગમ્બરના

(B) હઝરત સુલયમાન પયગમ્બરના

(C) હઝરત ઝકરીયા પયગમ્બરના

**(૫) માહે સફરમાં આપણા કયા ઈમામના અલમનું જુલૂસ કાઢવામાં આવે છે ?**

(A) ઈમામ હુસૈન(અ.)ના

(B) ઈમામ અલી મુર્તઝા(અ.)ના

(C) ઈમામ અલી ઝયનુલ આબેદીન(અ.)ના

**(૬) જે માણસ અલ્લાહ તઆલાની ઝાતમાં અન્યને ભાગીદાર બનાવે તેને શું કહેવાય?**

(A) મુશરિક (B) મુનાફિક (C) કાફિર

**(૭) કુરઆન શરીફમાં 'કુલ' શબ્દથી શરૂ થતા સૂરાઓની સંખ્યા કેટલી છે ?**

(A) ચાર (B) પાંચ (C) છ

**(૮) ઈદની નમાઝમાં બન્ને રકાતોની મળીને કુલ કેટલી વખત દુઆએ કુનૂત પઢવામાં આવે છે ?**

(A) પાંચ વખત (B) સાત વખત

(C) નવ વખત

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ સ્તુતિને પાત્ર છે તે(અલ્લાહ)ની જાત કે જેણે દરેક વસ્તુનાં જોડાં ઉત્પન્ન કર્યાં છે, જે જમીનમાંથી ઉગે છે તેમાંથી, અને તેમના પોતાનામાંથી, અને તે વસ્તુઓમાંથી પણ કે જેમનું હજી સુધી તેમને જ્ઞાન નથી.

**(પારો-૨૩, સૂરએ યાસીન, આયત-૩૬)**

✻ માટે તમે તેના સિવાય જેની ચાહો તેની ઈબાદત કરો;

**(પારો-૨૩, સૂરએ ઝુમ્ર, આયત-૧૫)**

✻ કે જેઓ (મારા) બોલને ધ્યાન દઈ સાંભળતા રહે છે અને તે માંહેની સૌથી સરસ બાબતોનું અનુકરણ કરે છે; તેઓ જ છે કે જેમને અલ્લાહે હિદાયત ફરમાવી છે, અને તેઓ જ બુધ્ધિશાળી છે.

**(પારો-૨૩, સૂરએ ઝુમ્ર, આયત-૧૮)**

✻ અલ્લાહ પ્રાણોને તેમના મૃત્યુ સમયે હરી લે છે અને જે પ્રાણો (હજી) મરણ પામ્યા નથી તેમના (પ્રાણ) ઊંઘતી વખતે (હરી લે છે), પછી જેમના પર મૃત્યુની આજ્ઞા કરી ચૂક્યો છે તેમને તો રોકી રાખે છે, અને બીજાઓને એક ઠરાવેલા સમય સુધી (તેમના ખોળિયામાં) પાછો ફેરવી દે છે; બેશક જેઓ ચિંતવન (અને મનન) કરનારા છે તેમના માટે આમાં (કુદરતની) નિશાનીઓ મોજુદ છે.

**(પારો-૨૪, સૂરએ ઝુમ્ર, આયત-૪૨)**

✻ બસ, જ્યારે મનુષ્ય પર કોઈ સંકટ આવી પડે છે ત્યારે તે અમારાથી દુઆ માગવા લાગી જાય છે, પછી જ્યારે અમે તેને અમારા તરફથી કોઈ નેઅમત આપીએ છીએ ત્યારે કહી દે છે કે એ તો મને મારા જ્ઞાનના પ્રતાપે સાંપડી છે; (તેની આ માન્યતા ખોટી છે) વાસ્તવમાં આ તો (એક) અજમાયશ છે, પણ તેઓ માંહેના ઘણા ખરા જાણતા જ નથી.

**(પારો-૨૪, સૂરએ ઝુમ્ર, આયત-૪૯)**

✻ (હે રસૂલ !) તું કહે કે હે મારા તે બંદાઓ કે જેમણે (ગુન્હાઓ કરીને) પોતાના જ ઉપર હદ ઉપરાંતનો જુલમ કર્યો છે ! તમે અલ્લાહની રહેમતથી નિરાશ થશો નહીં, નિઃસંશય અલ્લાહ સર્વે ગુન્હા માફ કરી દેશે; બેશક તે મહા ક્ષમાવાન (અને) દયાળુ છે.

**(પારો-૨૪, સૂરએ ઝુમ્ર, આયત-૫૩)**

✻ બેશક અમે આલોકના જીવનમાં અમારા રસૂલોની સહાય કરતા રહીએ છીએ અને જેઓ ઈમાન લાવ્યા છે તેમની પણ, અને જે દિવસે સાક્ષીઓ ઊભા થશે ત્યારે પણ (સહાય કરીશું).


**(પારો-૨૪, સૂરએ મોમિન, આયત-૫૧)**

✻ અને નેકી તથા બદી સમાન હોતી નથી; માટે તું (સખતમાં સખત વેણોને) એવા (વેણ)થી દૂર કર કે જે ઉત્તમમાં ઉત્તમ હોય, એમ કરતાં જેની અને તારી વચ્ચે દુશ્મનાઈ હશે તે એવો થઈ જશે કે જાણે એક દિલસોજ મિત્ર. ✻ અને આ (ગુણ) ધીરજ ધરનારાઓ સિવાય બીજો કોઈ પ્રાપ્ત કરી શકતો નથી અને વળી તેને મહા ભાગ્યશાળી સિવાય બીજો કોઈ પ્રાપ્ત કરી શકતો નથી.

**(પારો-૨૪, સૂરે હામીમ સિજદા, આયત-૩૪ થી ૩૫)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## મરણ પામેલ વ્યક્તિનું સન્માન કરવા વિષે

મુસલમાનો માટે ઈસ્લામે જે સન્માન અને મહાનતાની વાતો કરી છે તેને બે વિભાગોમાં વહેંચી શકાય તેમ છે : (૧) જિંદગી દરમિયાનમાં અને (૨) મોતના સમયે.

જેવી રીતે ઈસ્લામ એવું નથી ઈચ્છતો કે કોઈ પણ મુસલમાનનો અનાદર થાય એવી જ રીતે મોતની બાબતમાં પણ તેણે મૈયતના માટે ખાસ આદર અને શિષ્ટાચાર નક્કી કર્યો છે અને કોઈ પણ સંજોગોમાં પણ અલ્લાહ એ બાબત પર રાજી નથી કે મુસલમાનના મડદાનું અપમાન થાય.

ઈમામ અલી મુર્તઝા(અ.) ફરમાવે છે :

**'મોતના પછી પણ મુસલમાનનું સન્માન જાળવવાનું એવું જ છે કે જેવી રીતે તેની જિંદગી દરમિયાન હોય છે.'**

ઈસ્લામ ધર્મ હુકમ આપે છે કે પોતાનાં મડદાંને પાણીથી ગુસલ આપો અને આ કાર્ય તેણે બીજાઓ ઉપર વાજિબ કર્યું છે.

પયગમ્બરે ઈસ્લામ(સ.) ફરમાવે છે :

**'મારી ઉમ્મત પર (એ) વાજિબ છે કે પોતાનાં મડદાંને ગુસલ આપે અને તેમના પર નમાઝ પઢે.'**

અને ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'મડદાંને ગુસલ આપવું વાજિબ અને આવશ્યક છે.'**

મુસલમાન મડદાંની અંતિમ વિધિ સંપૂર્ણપણે એવી રીતે કરવી જોઈએ કે જેવી રીતે તેની જિંદગીમાં કરવામાં આવે છે. આથી જરૂરી એ છે કે પુરૂષોને પુરૂષ અને સ્ત્રીઓને સ્ત્રી અથવા તેનો કોઈ મહેરમ (જેની સાથે લગ્ન જાઈઝ ન હોય તેવી વ્યક્તિ) ગુસલ આપે.

**'એક વાર ઈમામ અસ્સાદિક(અ.)ને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે જો કદાચ કોઈ સ્ત્રી મુસાફરી દરમિયાન મૃત્યુ પામે અને બીજી કોઈ સ્ત્રી અથવા બીજો કોઈ મહેરમ તેમની સાથે ન હોય તો શું કરવું જોઈએ ? તો આપે ફરમાવ્યું કે તે સ્ત્રીને તેના પોતાના પોષાકમાં જ દફન કરી દેવી જોઈએ. અને જો કદાચ કોઈ પુરૂષ મરી જાય અને તેની સાથે નામહેરમ સ્ત્રી સિવાય બીજું કોઈ ન હોય તો તેને પણ તેના પોતાના પોષાકમાં જ દફન કરી દેવો જોઈએ.**

મુસલમાન મૈયતને ગુસલ પછી કફન પહેરાવવું જોઈએ અને પછી તેના ઉપર નમાઝ પઢવી જોઈએ.

રસૂલે અકરમ(સ.) અબુઝરને ફરમાવે છે:

**'અય અબુઝર ! મરેલાઓ પર નમાઝ પઢ. કદાચ આ બાબત તારા દિલમાં (રંજ) દુઃખ પેદા કરે કેમકે જે દુઃખ ખુદાના માટે હોય તેનો બદલો સારો (હોય) છે.'**

મુસ્લિમ મડદાંને જેમ બને તેમ જલ્દી શક્ય હોય તે રીતે દફન કરી દેવાં જોઈએ.

રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'મડદાંનો આદર અને સન્માન એમાં છે કે તેમને જલ્દીથી કબરમાં પહોંચાડી દેવામાં આવે.'**

ઈસ્લામ ધર્મ એવી આજ્ઞા આપે છે કે જનાઝામાં જાઓ અને તેના માધ્યમથી મડદાંના સન્માનની અદાયગીની સાથે મોતને પણ યાદ

કરવામાં આવે.

રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'બીમારોની ખબર અંતર પૂછો અને મડદાંના જનાઝામાં જાઓ જેથી તમને આખેરતની યાદ આવી જાય.'**

ઈમામ અર્ર રઝા(અ.) ફરમાવે છે :

**'જે માણસ અમારા મિત્રોમાંથી કોઈના જનાઝામાં ભાગ લે તે ગુનાહોથી મુક્ત થઈ જાય છે અને એવી રીતે કે માતાના પેટથી પેદા થયો હોય (અર્થાત) કોઈ ગુનાહ તેના માથે બાકી રહેતો નથી.'**

પરંતુ આ કાર્ય પણ ધ્યાન રાખવા જેવું છે કે જનાઝાની સાથે જતી વખતે ખુદાને અને આખેરતને યાદ કરવાં જોઈએ.

રસૂલે અકરમ(સ.) અબુઝરને ફરમાવે છે :

**'જ્યારે તું જનાઝાની પાછળ પાછળ ચાલે તો તે સમયે મોતનો વિચાર કર અને તેનાથી ડર અને જાણી લે કે તું પણ આ રીતે મૃત્યુ પામીશ.'***


# સૈયદ રઝા સ્ટોન

- મરજાન
- મરયમી નંગ
- ફીરોઝા
- પુખરાજ
- મોતી
- નીલમ
- દુર્રે નજફ
- હુસૈની અકીક
- યાકૂત
- ઝર્દ અકીક
- હદીદેચીની
- પન્ના
- દાનએ ફરંગ

**ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.**

**હસનૈન ઝૈદી**

મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.


# General Knowledge Corner

**115**

**(૧) તાતાની નવી કાર 'નેનો' નીચેના પૈકી કયા બે રાજ્યોમાં બને છે ?**

(A) ઉત્તરાખંડ અને ગુજરાત

(B) કર્ણાટક અને ઉત્તરપ્રદેશ

(C) તામિલનાડુ અને ગુજરાત

(D) પશ્ચિમબંગાળ અને કર્ણાટક

**(૨) સુપ્રસિધ્ધ ફૂટબોલ ખેલાડી ક્રિસ્ટીયાનો રોનાલ્ડ કયા દેશનો છે ?**

(A) પોર્ટુગલ (B) બ્રાઝિલ

(C) ફ્રાંસ (D) આ પૈકી કોઈ નહીં.

**(૩) સુપ્રસિધ્ધ તબલાવાદક ઝાકિરહુસૈન ગ્રેમી એવોર્ડ જીતનાર કેટલાકમાં ભારતીય છે ?**

(A) પાંચમા (B) બીજા

(C) પહેલા (D) ત્રીજા

**(૪) એશિયામાં વિશ્વની આશરે કેટલા ટકા વસ્તી રહે છે ?**

(A) ૫૫ (B) ૪૫

(C) ૪૦ (D) આ પૈકી કોઈ નહીં

**(૫) સર્વાધિક વસ્તીની ઘનતાવાળો દેશ કયો છે?**

(A) બાંગ્લાદેશ (B) ભારત

(C) ચીન (D) સિંગાપોર

**(૬) વર્લ્ડ કપ ક્રિકેટમાં એક જ મેચમાં ૫૦ રન અને ૫ વિકેટ ઝડપનાર સૌ પ્રથમ ઓલ રાઉન્ડરનું નામ શું છે ?**

(A) શાહિદ અફ્રિદી (B) યુવરાજસિંઘ

(C) જેક કાલિસ (D) ક્રિસ ગેલ

**(૭) પુરીમાં કયું જગવિખ્યાત મંદિર આવેલું છે?**

(A) નરનારાયણ (B) બ્રહ્માજી

(C) દુર્ગા (D) જગન્નાથજી

# ગ ડ મ થ લ ૨૨૪

:::: સંપાદક ::::
મો. આબિદઅલી મીકદાદઅલી
ડોડીયા (ઝહીરાબાદ-મહેરપુરા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | ■ | ૩ | ૪ | | ■ | ૫ |
| ૬ | | | ■ | ૭ | ■ | | ■ | ૮ | ■ |
| ■ | | ■ | ૯ | | | ■ | ૧૦ | | |
| ૧૧ | ■ | ૧૨ | ■ | | ■ | ૧૩ | ■ | | ■ |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | | | ■ | ૧૬ |
| ૧૭ | ■ | | ■ | ૧૮ | ■ | | ■ | ૧૯ | ■ |
| ■ | ૨૦ | ■ | ૨૧ | | | ■ | ૨૨ | | |
| ૨૩ | | | ■ | | ■ | ૨૪ | ■ | | ■ |
| ■ | | ■ | ૨૫ | ■ | ૨૬ | | | ■ | ૨૭ |
| ૨૮ | ■ | ૨૯ | | | ■ | | ■ | ૩૦ | |

## :::: આડી ચાવીઓ ::::

(૨) દીનનું સંક્ષિપ્ત રૂપ (૧)
(૩) સહાયતા (૩)
(૫) અરબીમાં **'નથી'** અર્થ દર્શાવતો શબ્દ (૧)
(૬) સુંદર, સૌંદર્યવાન (૩)
(૯) સજ્જન, પ્રતિષ્ઠિત (૩)
(૧૦) હઝરત મૂસા(અ.)ના વસીનું નામ (૩)
(૧૪) લાજ, હયા, લજ્જા (૩)
(૧૫) પ્રાચીન અરબસ્તાનનો એક વિભાગ (૩)
(૧૬) નાનકડી નદી, નહેર, ઝરણું (૧)
(૧૭) **'અને'** અર્થ દર્શાવતો અરબી શબ્દ (૧)
(૨૧) મહાન, વિશાળ, વિસ્તૃત (૩)
(૨૨) ઈરાકની એક નદીનું નામ (૩)
(૨૩) સોગંદ, સમ (૩)
(૨૬) દુરાચારી, પાપી, વ્યભિચારી (૩)
(૨૯) અપમાન, અનાદર (૩)
(૩૦) વફાદારી, પ્રતિજ્ઞાપાલન (૨)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) કુરઆનના એક સૂરાનું નામ (૩)
(૪) શ્વાસ, જીવ (૨)
(૭) નજીક, પાસે (૩)
(૮) હઝરત મૂસા(અ.)ના જમાનાનો કંજૂસ ધનવાન(૩)
(૧૧) અરબી તખ્તીમાં **'ઝાલ'** પછી તે આવે (૧)
(૧૨) વૃક્ષ, ઝાડ (૩)
(૧૩) પાલવ, પહેરણ કે સાડીનો છેડો (૩)
(૧૮) સ્વાદિષ્ટ, મજેદાર (૩)
(૧૯) અરબીમાં પથ્થર, પાણો (૩)
(૨૦) ઈર્ષા, જલન (૩)
(૨૪) સંદેશવાહક, પત્રવાહક (૩)
(૨૫) માછલી, મચ્છી (૨)
(૨૭) મુશ્કેલી, તકલીફ (૨)
(૨૮) અરબીમાં કોઈના નામનું સંબોધન કરતાં તેના પહેલાં મૂકવામાં આવતો શબ્દ (૧)

## ગડમથલ નં.૨૨૩નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બ | દ | ૨ કિ | સ્મ | ૩ ત | ■ | ૪ પા | સ | બા | ૫ ન |
| દ | ■ | ર્અ | ■ | ૬ વા | ૭ રિ | સ | ■ | ■ | સી |
| ૮ ના | ૯ અ | ત | ■ | ફ | બ્ | ■ | ૧૦ કુ | ■ | હ |
| ૧૧ મ | ઝા | ■ | ૧૨ | ■ | ૧૩ હ | ક્કા | નિ | ૧૪ ય | ત |
| ■ | ૧૫ ન | ૧૬ દા | ર | દ | ■ | ■ | ય | દ | ■ |
| ૧૭ શ | ■ | ૧૮ રૂ | હ | ■ | ૧૯ સ | ૨૦ લા | ત | ■ | ૨૧ સ |
| ફા | ■ | ૨૨ લ | ક | ૨૩ બ | ■ | શ | ■ | ૨૪ યા | ર |
| ૨૫ અ | ખ્લા | ક | ■ | લા | ■ | ૨૬ રી | ૨૭ હ | ■ | ફ |
| ૨૮ ત | ક | રા | ૨૯ ર | ■ | ૩૦ સ | ક | ર | ■ | રો |
| ■ | ૩૧ સ | ર | બ | લં | દ | ■ | ૩૨ ફ | રો | શ |

# દરજ્જાઓની પ્રાપ્તિ

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

અલ્લાહ તરફથી પોતાના બંદાઓને બે દરજ્જા મળે છે.

નબી, ઈમામ, રસૂલ સિદ્દીક, શહીદ વગેરે દરજ્જાઓ માટે અલ્લાહ પોતાના બંદાઓને પસંદ કરી લે છે. દા.ત. હઝરત અલી(અ.) તેમજ તેમના વંશના ૧૧ ઈમામો તે બધાને અલ્લાહે ઈમામ તરીકે જ પેદા કર્યા છે. એ જ પ્રમાણે એક લાખ ચોવીસ હજાર પયગમ્બરોને પણ નબીઓ તરીકે જ પેદા કર્યા હતા.

શહાદતનો દરજ્જો પણ નબીઓની, રસૂલે ખુદા(સ.)ની કે ઈમામોની હાજરીમાં જે રક્ષણાત્મક લડાઈઓ થતી અને તેમાં માર્યા જનારને શહાદતનો દરજ્જો મળતો હતો.

આ જ પ્રમાણે બીજી રીતે પણ અલ્લાહ પોતાના બંદાઓને દરજ્જાઓ આપે છે પરંતુ દરજ્જાઓ આપતાં પહેલાં તે બંદા પાસેથી પણ કંઈક અપેક્ષા રાખે છે અને જો એ પ્રમાણેનું વર્તન હોય તો જ તે બંદાઓને દરજ્જાઓ મળે છે.

પારા-૧, સૂરા-૨ અને આયત-૧૨૪માં અલ્લાહે ફરમાવ્યું છે :

**'જ્યારે ઈબ્રાહીમની તેમના પરવરદિગારે કેટલીક વાતોમાં કસોટી કરી અને તેઓ તેમાં પૂરા ઉતર્યા તો ખુદાએ ફરમાવ્યું, હું તમને લોકોનો ઈમામ બનાવીશ. હઝરત ઈબ્રાહીમે અરજ કરી અને મારી ઓલાદમાંથી પણ? (ઈમામ બનાવજે) ફરમાવ્યું, (હા, પરંતુ) મારા એ હોદ્દાને જાલિમો પામી શકશે નહીં.'**

આમાં આપણે જોઈએ છીએ કે હઝરત ઈબ્રાહીમ(અ.) અલ્લાહના ઉલીલ અઝમ પયગમ્બર હતા પરંતુ તેમને ઈમામતનો દરજ્જો આપવા માટે કસોટી કરી એટલે કે હઝરત ઈબ્રાહીમ(અ.)એ અલ્લાહની વાતો કબૂલ રાખી ત્યાર પછી જ તે હોદ્દાને પામી શક્યા.

જ્યારે આપણા બાર ઈમામોને ઈમામતના દરજ્જા માટે કસોટીમાંથી પસાર થવું પડ્યું ન હતું પરંતુ તેમને એ હોદ્દા સાથે જ પેદા કર્યા હતા.

પારા-૨૭, સૂરા-૫૭, આયત-૧૯માં અલ્લાહ ફરમાવે છે :

**'અને જે લોકો ખુદા અને તેના રસૂલો પર ઈમાન લાવ્યા છે એ જ લોકો પોતાના પરવરદિગારની નજીક સિદ્દીકો અને શહીદોના દરજ્જામાં હશે.'**

બીજી આયતમાં પારા-૫, સૂરા-૪, આયત-૬૮માં ફરમાવે છે :

**'અને જે લોકો ખુદા અને તેના રસૂલની તાબેદારી કરે છે તે એ લોકોના સાથે હશે કે જેમના પર ખુદાએ મોટી મહેરબાની કરી એટલે કે નબીઓ અને સિદ્દીકો અને શહીદો અને નેક લોકો અને તે લોકોનો સહવાસ ઘણો જ સારો છે.'**

ઉપર જણાવેલ આયત પ્રમાણે તો અલ્લાહ પોતાના બંદાઓને તેમના **ઈમાન** અને **તાબેદારી**ના પ્રમાણે એ દરજ્જાઓ આપે છે.

અલ્લાહે દરેકને સરખા પેદા કર્યા નથી. કેટલાકના કેટલાક પર દરજ્જાઓ મહાન કર્યા છે.

પારા-૮, સૂરા-૭, આયત-૧૬૫ પ્રમાણે -

**'અને અલ્લાહ દરેકને તેની શક્તિ પ્રમાણે જ તકલીફ આપે છે.'**

પારા-૩, સૂરા-૨, આયત-૨૮૬

**'તેથી દરેક મનુષ્યની શક્તિઓ જુદી જુદી છે.'**

અલ્લાહે પોતે પણ ફરમાવ્યું છે કે-

**'જ્યાં સુધી તમારાથી બની શકે અલ્લાહથી ડરતા રહો અને તેના હુકમો સાંભળો અને માનો.'**

(પારા-૨૮, સૂરા-૬૪, આયત-૧૬)

તેથી દરેક મનુષ્ય કે જેને દરજ્જાઓ પ્રાપ્ત કરવાની ઈચ્છા છે તે પોતાની શક્તિ પ્રમાણે જ અલ્લાહની **તાબેદારી** અને **ઈમાન**માં પ્રયત્ન કરશે અને પોતાની શક્તિ પ્રમાણે અલ્લાહ તરફથી દરજ્જાઓ મેળવશે.

દરેક નબીઓના કરતાં હઝરત રસૂલે ખુદા(સ.)નો દરજ્જો મહાન છે. આપ નબીઓના સરદાર છે અને આપનો વંશ દરેક નબીઓના વંશ કરતાં મહાન છે. એટલે કે **'આલે રસૂલ'**નો દરજ્જો મનુષ્યોમાં મહાન છે.

તેથી જો કોઈ સૈયદ અલ્લાહના માર્ગમાં દરજ્જાઓ મેળવવાની ઈચ્છા ધરાવતો હશે તો તેની શક્તિ પ્રમાણે અલ્લાહ અને તેના રસૂલની તાબેદારી અને ઈમાનમાં પ્રયત્ન કરશે તેથી તેને જે દરજ્જો મળશે તે બીજાઓ કરતાં મહાન હશે.

હવે એ જોઈએ કે જો સૈયદ પ્રયત્ન કરે તો તે કયા દરજ્જા સુધી પહોંચી શકશે ?

આગળ આપણે જોઈ ગયા કે હઝરત ઈબ્રાહીમ(અ.)ને જ્યારે અલ્લાહે લોકોના ઈમામ બનાવ્યા તો આપે પોતાની ઓલાદ માટે પણ દુઆ કરી હતી અને અલ્લાહે દુઆ કબૂલ કરતાં ફરમાવ્યું હતું કે -

**'પરંતુ તે દરજ્જાને જાલિમ લોકો મેળવી શકશે નહીં.'**

હવે આપણે (પારા-૨૩, સૂરા-૩૮, આયત-૨૯) અલ્લાહના હુકમ પ્રમાણે જો આયતમાં સંશોધન કરીશું, વિચારીશું, મનન કરીશું તો આપણને જણાઈ આવશે કે આ આયતમાં હઝરત ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાં થયેલા હઝરત રસૂલે ખુદા અને તેમના બાર વારસદારો કે જેઓ ઈમામો તરીકે ઓળખાય છે, તેમના માટે કહેવામાં નથી

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૧૪**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا ۫ وَاِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿۲۳﴾

**રબ્બના ઝલમ્ના અન્ફોસના વ ઈન્લમ્ તગ્ફિર લના વ તર્હમ્ના લનકૂનન્ન મેનલ ખાસેરીન.**

(પારો-૭, સૂરએ અઅરાફ, આયત-૨૩)

અર્થ : અય અમારા પરવરદિગાર ! અમે બન્નેએ અમારા પોતાના ઉપર જુલમ કર્યો છે, અને જો તું અમને માફ નહીં કરે અને અમારા ઉપર દયા નહીં કરે તો અમે ખચીત જ હાનિ ભોગવનારાઓ માંહેના થઈ જઈશું.) *

આવ્યું કારણ કે અલ્લાહે તેમને તો જન્મથી જ એ દરજ્જો આપેલો છે. તેઓ માઅસૂમ છે. તેમનાથી તર્કે અવલા(નાની ભૂલ) થવી પણ સંભવિત નથી તો એવા લોકોથી જુલ્મ થવાનો સવાલ જ ક્યાં રહ્યો?

હઝરત ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાં ફક્ત ૧૪ માઅસૂમીન એટલે કે રસૂલે ખુદા(સ.), હઝરત બીબી ફાતેમા(અ.) અને બાર ઈમામો જ નથી પરંતુ તેમના સિવાય પણ જેટલા સૈયદો છે તે બધા જ આલે ઈબ્રાહીમ છે અને જેઓ માસૂમ નથી એવા જ સૈયદોથી મહાન ગુનો થઈ શકે છે અને તેઓ જાલિમ પણ હોઈ શકે છે. હવે આયતમાં કહેવામાં આવ્યું છે કે -

**'જે લોકો તમારી ઓલાદમાંથી જાલિમ હશે તેઓ એ દરજ્જાને પામી શકશે નહીં.'** એટલે કે સૈયદો પણ જો જાલિમ હશે તો તેઓ ઈમામતના દરજ્જાને મેળવી શકશે નહીં પરંતુ જેઓ અલ્લાહ અને તેના રસૂલોની તાબેદારી અને ઈમાનમાં પ્રયત્નશીલ રહેશે તેઓ જ એ દરજ્જાને મેળવી

શકશે કારણ કે હઝરત ઈબ્રાહીમ(અ.)ની દુઆ પણ સાથે જ છે કે જે અલ્લાહે કબૂલ કરી છે.

આનો અર્થ એમ નથી કે બાર ઈમામ થઈ ગયા છે તેમની સરખામણી કરું છું પરંતુ આગળ આયતોમાં ફરમાવવામાં આવ્યું છે કે સિદ્દીકો, શહીદોના દરજ્જામાં ગણવામાં આવશે. શહીદ થયા ન હોય તેમ છતાં ય તેટલો દરજ્જો અલ્લાહ વધારે છે. તેવી જ રીતે ઈમામ નથી થઈ જવાતું પરંતુ એટલો દરજ્જો અલ્લાહ આપે છે, જેમકે

પારા-૨૭, સૂરા-૫૨, આયત-૨૧માં અલ્લાહ ફરમાવે છે -

**'અને જે લોકોએ ઈમાન કબૂલ કર્યું અને તેમની ઓલાદે પણ ઈમાનમાં તેમને સાથ આપ્યો તો અમે તેમની ઓલાદને પણ તેમના દરજ્જા સુધી પહોંચાડી દઈશું અને અમે તેમણે કરેલા અમલોમાંથી કાંઈ પણ ઓછું નહીં કરીએ, દરેક વ્યક્તિ પોતાના આઅમાલનો જવાબદાર છે.'** *


**આબિદઅલી વી. મુખી**
મો.૯૯૭૯૦૮૮૦૧૮, ૯૦૩૩૧૨૭૪૪૦

**યાદગાર હોઝીયરી & કટલરી સ્ટોર્સ**

પાન પાર્લરના સંચાલકોને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે આપના ધંધાને લગતી તમામ આઈટમ્સ(પ્રોડક્ટ્સ) જેવી કે -

નાઈટ પેન્ટ, ટી-શર્ટ, કેપરી, હાથ રૂમાલ, બનિયાન(ગંજી), અંડરવૅર, ગમછા તેમજ 12W, 24W અને D.C. પંખા હોલસેલમાં કિફાયતી ભાવે મળશે. ભાવ તેમજ ગુણવત્તા બાબતે અમારી સાથે ખુલ્લા મને વાતચીત કરી શકો છો.

આપની પાસેથી સાથ સહકારની અપેક્ષા રાખીએ છીએ.

**બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં,**
**જુમ્મા મસ્જિદની સામે, ગાંધીરોડ, અમદાવાદ**

*પાટણમાં ખુશ ખબર...* *પાટણમાં ખુશ ખબર...* *પાટણમાં ખુશ ખબર...*

**ટેલર્સને લગતી તમામ આઈટમ તથા ભરત કામને લગતી ઉત્તમ આઈટમ એટલે...**

**સર્વોત્તમ**

**ટેલરીંગ મટેરીયલ્સ & મેચીંગ સેન્ટર**

**કસબ, મોતી, ટીકડી, કુન્દન, સ્ટોન, કટદાણા, ઝીંક તથા રેશમના દોરા, પારા, લેસ, સોયા, નાની-મોટી રીંગ, આભલા, કુરેશીયા ભરતના દોરા, લટકણ, તમામ પ્રકારના કેનવાસ, આખા અને અડધા સટરની સોયો, આંટીઓનું બોક્સ, સંચામાં નાખવાનું તેલ, બટન, હુક, પેન્ટની ક્લીપો, ચોકના બોક્સ, કોલરનું કેનવાસ, નાની-મોટી કાતર તથા કટલરી અને કોસ્મેટીક આઈટમ તથા ભરત ભરવાનો તમામ પ્રકારનો સામાન મળશે.**

**(હૈદરપુરાવાળા)**

**શુભ સ્થળ**

એફ-૫, પહેલા માળે, તિરૂપતી માર્કેટ, બગવાડા દરવાજા, પાટણ.
મો.૯૯૦૯૪૬૯૧૯૩

## ઈમામ અલી રઝા(અ.)નાં બોધવચનો

# ઈર્શાદાતે રઝવી

(૧) બાળકો માટે માતાના દૂધ કરતાં વધારે સારું બીજું કોઈ દૂધ નથી.

(આજથી આશરે બારસો વર્ષ પહેલાં આઠમા ઈમામ અલી રઝા(અ.)એ ફરમાવેલ ઉપરોક્ત વાક્યને દુનિયા હવે અમલમાં મૂકી રહી છે અને માતાના દૂધને સર્વશ્રેષ્ઠ ખોરાક તરીકે સરકાર પણ સ્વીકારતી થઈ ગઈ છે. -તંત્રી)

(૨) સિરકો સર્વશ્રેષ્ઠ સાલન (રાંધેલું શાક) છે. જેના ઘરમાં સિરકો હશે તે કદી મોહતાજ નહીં થાય.

(સિરકો : ઘઉં, દ્રાક્ષ કે અન્ય ફળ અથવા તાડી વગેરેના રસને તડકામાં ગરમ કરીને ખાટો કરી બનાવવામાં આવતી એક પ્રવાહી વાનગી.)

(૩) દરેક દાડમમાં એક દાણો જન્નતનો હોય છે.

(૪) મધમાં શિફા (રોગનિવારણનો ગુણ) હોય છે. જો કોઈ મધની ભેટ આપે તો તેને પરત ન કરી દેતા.

(૫) ગુલાબ જન્નતના ફૂલોનો સરદાર છે.

(૬) જે માણસ ઝયતૂનનું તેલ માથામાં લગાવશે અથવા તો ખાવામાં ઉપયોગ કરશે તેની પાસે ચાલીસ દિવસ સુધી શયતાન નહીં ફરકે.

(૭) સિલે રહમ અને પાડોશીઓની સાથે સદવર્તન કરવાથી માલમાં વધારો થાય છે.

(૮) તમારા બાળકોના ખત્ના સાતમા દિવસે કરો તેનાથી તંદુરસ્તી સારી થાય છે અને શરીર ઉપર ગોશ્ત ચઢે છે.

(૯) જુમ્આના દિવસે રોઝા રાખવા દસ રોઝા રાખવા બરાબર છે.

(૧૦) જે કોઈ સ્ત્રીને મહેર ન આપે અથવા મજૂરોની મજૂરીના પૈસાને રોકી રાખે અથવા કોઈને વહેંચી દે તો તે નહીં બક્ષાય.

(૧૧) કુરઆન પઢવાથી, મધ ખાવાથી અને દૂધ પીવાથી યાદદાસ્ત વધે છે.

(૧૨) ગોશ્ત ખાવાથી શિફા (રોગમુક્તિ) થાય છે અને બીમારી દૂર થાય છે.

(૧૩) ખાવાની શરૂઆત નમકથી કરવી જોઈએ કેમકે તેનાથી સિત્તેર બીમારીઓ દૂર થાય છે, જેમાં કોઢની બીમારી પણ શામેલ છે.

(૧૪) જે માણસ દુનિયામાં વધારે ખાશે તે કયામતમાં ભૂખ્યો રહેશે.

(૧૫) મસૂર સિત્તેર પયગમ્બરોનો પસંદગીપાત્ર ખોરાક છે, તેનાથી દિલ નરમ થાય છે અને આંસુ બને છે.

(૧૬) જે ચાલીસ દિવસ સુધી ગોશ્ત નહીં ખાય તે બદઅખ્લાક થઈ જાય છે.

(૧૭) ખાવાનુ ઠંડુ કરીને ખાવું જોઈએ.

(૧૮) ખાવાનું પ્યાલાની કિનારીથી ખાવું જોઈએ.

(૧૯) લાંબી ઉંમર માટે સારો ખોરાક ખાવો, સારાં પગરખાં પહેરવાં અને દેવાથી બચવું, અતિશય સહશયન કરવાથી બચવું ફાયદાકારક છે.

(૨૦) સારા ચારિત્ર્યવાળો કયામતમાં પયગમ્બરે ઈસ્લામની સાથે હશે.

(૨૧) જન્નતમાં મુત્તકીઓ અને સુશીલ લોકોની તેમજ જહન્નમમાં ખાઉંધરા અને વ્યભિચારી લોકોની વિપુલતા હશે.

(૨૨) ઈમામ હુસૈન(અ.)ના કાતિલોને બક્ષવામાં નહીં આવે. તેમનો બદલો ખુદા પોતે લેશે.

(૨૩) સદકો આપીને ખુદા સમક્ષ રોઝી માગો.

('નૂરૂલ અબ્સાર'માંથી)

### G. K. Corner Solution 115

(૧) ઉત્તરાખંડ અને ગુજરાત (૨) પોર્ટુગલ (૩) પહેલા (૪) આ પૈકી કોઈ નહીં (૫) સિંગાપોર (૬) યુવરાજસિંઘ (૭) જગન્નાથજી

### ઈસ્લામી કવીઝ નં. ૨૦૫ના જવાબો

(૧) ઈસરાફીલ (૨) જનાબે સારહ (૩) મધ્યરાત્રીથી લઈને સુબ્હે કાઝિબ સુધી (૪) હઝરત સુલયમાન પયગમ્બરના (૫) ઈમામ અલી ઝયનુલ આબેદીન (અ.)ના (૬) મુશરિક (૭) પાંચ (૮) નવ વખત

## મજલિસ નં. ૧૫

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.
બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.) દુઆમાં ફરમાવે છે, **મેરે માઅબૂદ ! જીસકી નેકીયાં હી બૂરાઈયાં હો ઉસકી બૂરાઈયાં કયું કર બૂરાઈયાં ન હોંગી ?** યા અલ્લાહ ! અમે કે જેમની નેકીઓ જ બૂરાઈઓ છે તેમની બૂરાઈઓ, બૂરાઈઓ કેમ નહીં હોય ? એટલે આપણે અલ્લાહના મા'સૂમ નબીઓ, મા'સૂમીન, અલ્લાહના વલીઓ એ બધાની સરખામણીમાં આપણે આપણી નેકીઓને પણ સરખાવી દઈએ તો આપણી નેકી પણ બૂરાઈ જ છે કારણ કે આપણી કરેલી નેકીઓ જો કોઈ નબી કરી નાખે તો એના પ્રત્યુત્તરમાં અલ્લાહ સજા કરે કારણ કે આપણે એટલી બેદરકારીથી અને એટલી ઓછી નેકીઓ કરીએ છીએ કે તે નબીને ના શોભે. તો સામાન્ય લોકો જ્યારે નેકીઓ કરે છે ત્યારે અલ્લાહની નજીક સુધી પહોંચેલા બંદાઓની સરખામણીમાં એ પણ બૂરાઈ જ ગણાય. તો એ જ નેકી બૂરાઈ ગણાય તો પછી બૂરાઈનું તો શું કહેવું?

**ઔર જીસકે હકાએક મહઝ ખોખલે દાવે હો તો ઉસકે બાકી દાવે કયું કર ખોખલે દાવે ન હોંગે?** અને જેના હક, અધિકાર આપણે કહીએ છીએ મને આ અધિકાર છે, પેલો અધિકાર છે, અધિકાર ક્યારે મળે ? જ્યારે એવી જવાબદારી અદા કરીએ તો અધિકાર મળે ને ? જવાબદારી અદા કર્યા વગર અધિકાર કેવો ? આપણે અલ્લાહના બંદા હોવાની બધી જવાબદારીઓ આપણે અદા કરીએ તો અલ્લાહના બંદા હોવાના બધા અધિકાર આપણને મળી જાય. પણ આપણે અલ્લાહના બંદા, નેક બંદા, સારા બંદા, જેવા બંદા અલ્લાહ ઈચ્છે છે એવા બંદા છીએ ખરા આપણે ? એ જીવન સાથે માપી જોઈએ પોતાની જાતને, તો ખબર પડશે. તો આપણને કેટલા અધિકાર મળવા જોઈએ ? તો ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે જેના અધિકારો ફક્ત ખોખલા દાવા છે, તે જ્યારે જૂઠા દાવા કરે તો એ તો જૂઠા જ હશે ને ? પછી એનું શું વર્ણન ?

**પાલનેવાલે ! તેરે નાફિઝો મોહકમ ઔર ગાલિબ ઈરાદેને કીસી બોલનેવાલે કે લીયે બોલને કી ગુંજાઈશ હી નહીં છોડી.** યા અલ્લાહ ! તારો સર્વત્ર ફેલાયેલો, સતત અને વિજય પામનારો ઈરાદો જે છે એ એવો છે કે કોઈ પણ તેની સામે કોઈ પણ આક્ષેપ કરી જ ન શકે. **ઔર ન કીસી સાહેબે હાલ કો ઉસકે હાલ પર રહેને દીયા.** અને કોઈ પણ કુદરત ધરાવનાર માણસને, સક્ષમ માણસને પોતાની સત્તા પર રહેવા દીધો જ નહીં. અલ્લાહે હંમેશાં પોતાની સત્તાથી જ કાર્ય કર્યું છે.

**ખુદાયા ! મૈંને કીત્ની હી ઈબાદતેં કી ઔર અપને અંદર ખુશી કી હાલત પૈદા કી મગર તેરે અદ્લને ઉન પર એઅતેમાદ ખતમ કર દીયા.** યા અલ્લાહ ! મેં તારી ઘણી બધી ઈબાદતો કરી અને પોતાની અંદર તેમના વડે ખુશીની હાલત પેદા કરી પરંતુ જ્યારે તારા અદ્લની વાત આવી, ઈન્સાફની વાત આવી તો મારો ભરોસો ઉઠી ગયો, તું જ્યારે અદ્લ કરશે તો મને સજા જ થવાની છે. મારા આ'માલ એવા છે જ નહીં કે હું તેમના બદલામાં તારાથી ઈનામ લઈ શકું. **ફિર તેરે ફઝલને મુઝકો ઉનકી તરફસે સહારા દે દીયા.** પછી મારું ધ્યાન તારા ફઝલ તરફ ગયું અને મને ભરોસો બેઠો કે

નહીં, અલ્લાહ અદ્દલ કરશે એટલું જ નથી ફઝલ પણ કરનારો છે. તો ફઝલ કરશે તો મને આશા છે કે અલ્લાહ મને બક્ષી દેશે.

**ખુદાવંદા ! તૂ જાનતા હૈ અગરચે મેરે યહાં તેરી ઈતાઅતો બંદગીમેં દવામ નહીં રહા મગર તેરી ઈતાઅતો બંદગીસે લગાવ ઔર ઉસકા અઝ્મ હંમેશાં મેરે દિલ મેં રહા હૈ.** યા અલ્લાહ ! તું જાણે છે કે મેં તારી ઈબાદતો સતત, નિરંતર કરી નથી પરંતુ તારી ઈબાદતો કરવાનો શોખ મારા દિલમાં હંમેશાં રહ્યો છે.

**મેરે માઅબૂદ ! મૈં કૈસે (તેરા) અઝ્મ કરું જબ કે તૂ કહ્હાર હૈ.** હું તને મળવાની ઈચ્છા કઈ રીતે કરી શકું જ્યારે કે તું કહેર કરનાર છે, એટલે કહેર કરે તેનાથી તો બીક લાગે ને ? તો એની નજદીકીનો ઈરાદો તો કોઈ કઈ રીતે કરી શકે ? **ઔર કૈસે તેરા અઝ્મ ન કરું જબ કે તું હાકિમો આકા હૈ.** અને કઈ રીતે તારી કુરબત પામવાનો ઈરાદો ન કરું કારણ કે તું જ મારો હાકિમ, તું જ મારો સરપરસ્ત અને તું જ મારો મૌલા છે, આકા છે.

**મેરે માઅબૂદ ! મૈં તેરે આસારે કુદરતમેં જીસ કદર તૂઝે ઢુંઢતા હૂં ઈતના હી તુઝસે દૂર હો જાતા હૂં.** કુદરતની નિશાનીઓમાં હું જેટલો તને શોધું છું એટલો જ તારાથી વધારે દૂર થતો જાઉં છું. **પસ તૂ મુઝકો અપની બારગાહમેં ઐસી ખિદમતકી તૌફીક દે કે મુઝકો તુઝ તક પહુંચા દે.** તો તું મને તૌફીક આપ એવી બંદગીની, એવી ખિદમતની કે જેના વડે હું તારા સુધી પહોંચી જાઉં.

**જો ચીઝ અપને વજૂદમેં ખુદ તેરી મોહતાજ હૈ ઉસસે તેરે વજૂદ પર કૈસે ઈસ્તિદલાલ કીયા જા સકતા હૈ ?** જે વસ્તુ પોતાના અસ્તિત્વમાં તારા ઉપર દારોમદાર રાખે છે તે વસ્તુનો સહારો લઈને કોઈ કેવી રીતે તારા સુધી પહોંચી શકે છે ?

**ક્યા તુઝ સે અલગ કોઈ ઔર ઈત્ના ઝાહિરો આશ્કાર હૈ કે વો તુઝે ઝાહિરો આશ્કાર કર સકે ?** તારા સિવાય બીજું કોઈ, તારા જેવો જાહેર અને સ્પષ્ટ છે કે જે તને જાહેર અને આશ્કાર કરી શકે ? **તૂ કબ હમસે ગાયબ થા કે મુઝે ઝાહિર કરને કે લીયે કીસી કી ઝરૂરત પડે ?** તું અમારાથી છૂપાયેલો જ ક્યારે હતો કે તને જાહેર કરવા માટે કોઈ અન્યની અમને જરૂર પડે ? **જો તુઝ પર દલાલત કરે ?** જે દલીલો વડે તને જાહેર કરે. **ઔર તૂ કબ દૂર હુઆ કે તેરે આસાર તુઝ તક પહુંચાનેકા સબબ બનેં ?** તું અમારાથી દૂર હતો જ ક્યારે કે તારી નિશાનીઓને જોઈને અમે તારા સુધી પહોંચીએ ?

**વો આંખ અંધી હૈ જો તુઝકો અપના નઝઝારાગર ન સમઝે.** તો એ આંખ આંધળી છે કે જે તને પોતાને રોશની આપનાર ન સમજે, તારી રોશનીથી તો લોકો જોઈ રહ્યા છે. **ઔર તૂ કબ દૂર હુઆ જો આતકદી હૈ વો તુઝકો નઝઝારાગર ન સમઝે ઔર બંદેકા ઉસમેં સરાસર નુકસાન હૈ જીસમેં તેરી મોહબ્બત કા હિસ્સા ન હો,** જે વસ્તુમાં અલ્લાહની મોહબ્બતનો ભાગ ન હોય તે વસ્તુ જો બંદો, અલ્લાહનો બંદો અપનાવી લે તો એ ખોટમાં જશે એ કદીએ નફામાં નહીં જાય.

**ખુદાયા ! તૂને લોગોં કો કાયનાત કે આસાર કે તરફ રુજૂઅ કરનેકા હુકમ દિયા હૈ.** યા અલ્લાહ! તેં હુકમ કર્યો છે લોકોને કે બ્રહ્માંડમાં જે નિશાનીઓ છે મારી તેના તરફ વળો અને ધ્યાન ધરો તેમનું. **તૂ મુઝકો અપને લિબાસે નૂર ઔર હિદાયત કે સાથ અપની તરફ મોડ દે.** મને તું મારા નૂરનો લિબાસ પહેરાવ અને હિદાયત વડે તારી તરફ વાળી દે. **યહાં તક કે મૈં તેરી તરફ, ઈસી તરહ પલટ આઉં, જીસ તરહ ઉનકે ઝરીયે તુઝ તક પહુંચા હૂં.** એટલે સુધી હિદાયત કર કે હું તારી તરફ એવી જ રીતે પાછો ફરું કે જેવી રીતે તારી નિશાનીઓના સહારે આવ્યો છું એવી રીતે વગર નિશાનીના સહારે આવી જાઉં. **મેરા બાતિન ઉન આસારકી તરફ દેખનેકા મોહતાજ ન હો.** મારું બાતિન, મારું છૂપું અસ્તિત્વ,

મારું અંતર, આ નિશાનીઓનું મોહતાજ ન હોય કે તારા સુધી પહોંચવું. **ઔર મેરી હિંમત ઈસસે કહી બુલંદ હો કે મૈં ઈસ દુનિયા પર એતેમાદ કરું.** અને મારી હિંમતને દુનિયાની મોહતાજગી ન હોય, દુનિયાની મોહતાજગી વગર હિંમત કરીને તારા સુધી પહોંચી શકું. **બેશક તૂ હર ચીઝ પર કાદિર હૈ.** તું દરેક વસ્તુ પર ક્ષમતા ધરાવે છે.

**મેરે માઅબૂદ ! મેરી રૂસ્વાઈ તુઝ પર ઝાહિર હૈ.** હું કેવો છું ? એ તું જાણે છે. **ઔર મેરી હાલત તુઝસે પોશીદા નહીં હૈ.** કોઈ પણ મારી વસ્તુ તારાથી છૂપેલી નથી. **મૈં તુઝ તક પહુંચનેકા ખ્વાહાં હૂ.** તું જાણે છે કે મને તારા સુધી પહોંચવું છે. **ઔર તેરે હી ઝરીએ તુઝ તક પહુંચના ચાહતા હૂ.** હું તારા જ વડે તારા સુધી પહોંચવા ઈચ્છું છું. **પસ અપની તરફ અપને નૂરસે મેરી હિદાયત કર.** તો તારા નૂર વડે મારી હિદાયત કર. **અપને હુઝૂર મુઝકો ખાલિસ બંદગી કે સાથ કાયમ રખ.** અને તારી સામે મને તારી બંદગી કરતો રહું એવી રીતે કાયમ રાખ.

**ખુદાયા ! મુઝકો અપને ખઝાનએ ઈલ્મ સે ઈલ્મ અતા કર.** તારા ઈલ્મના ખજાનામાંથી મને ઈલ્મ અતા કર. **ઔર અપને મહેફૂઝ પરદેસે મેરી હિફાઝત ફરમા.** અને તારા પડદા વડે મારી સુરક્ષા પૂરી પાડ. **મેરે ખુદા મુઝકો મુકર્રબીનકી હકાએકસે આગાહ કર,** જે તારા કરીબી બંદાઓ છે, નજીકના બંદાઓ છે, તેના અધિકારો શું છે તેમના ? તેમનાથી મને અવગત કર. **ઔર મુસ્તાકીન કે રાસ્તે પર ચલા.** અને જેમને તારી લગન લાગેલી છે એવા લોકોના રસ્તા ઉપર ચલાવ. **મેરે ખુદા મુઝકો અપની તદબીર કે ઝરીયે મેરી અપની તદબીરસે ઔર અને ઈખ્તિયાર કે મુકાબલેમેં મેરે અપને ઈખ્તિયારસે બેનિયાઝ કર દે.** યા અલ્લાહ ! તું તારી બુધ્ધિ વડે મારી બુધ્ધિથી મને બેનિયાઝ કરી દે કે મારી બુધ્ધિની જરૂર જ ના પડે. હું જ્યારે કામ કર્યા કરું, તારી બુધ્ધિથી જ કરું અને મારા ઈખ્તિયાર (ઈખ્તિયાર એટલે મારી મરજી) તારી મરજી વડે મારી મરજીને તું નિરર્થક કરી દે કે જ્યારે પણ હું ચાલું તારી મરજીથી જ ચાલું, મારી મરજીથી ન ચાલું. **ઔર મુઝકો મેરે ઈઝ્તિરાબ કે મવાકેઅસે આગાહ કર દે** અને જ્યારે પણ મને બેચેની થવાની હોય તેવા સમયમાં મને પહેલાંથી જ સાવચેત કરી દે.

**ખુદાયા ! મુઝસે મેરે નફસકી, ઝિલ્લતસે નિકાલ દે.** મારા નફસની નીચતામાંથી મને બહાર કાઢ. **ઔર મુઝકો મેરે શક ઔર મેરે શિર્કસે કબ્રમેં જાનેસે પહેલે હી પાક કર દે.** મારી શંકા, કુશંકા અને મારા શિર્ક, જે પણ નાના મોટા શિર્ક હું કરું છું. યાદ રાખો આપણી નિરાશા પણ આપણું શિર્ક છે, આપણું કુફ્ર છે અને આપણા પોતાના ઉપર વધારાનો ભરોસો પણ આપણું શિર્ક છે. તો કબરમાં જતાં પહેલાં જ તું મને આ બધી વસ્તુઓથી પાક કરી દે. **તુઝસે મદદ તલબ કરતા હૂં, તૂ મેરી મદદ કર.** હું તારાથી મદદ માગું છું તું મારી મદદ કર. **ઔર તુઝ પર તવક્કુલ કરતા હૂં તૂ મુઝકો ન છોડ.** હું તારા ઉપર ભરોસો કરું છું. તું મને છોડી ન દે. **મૈં તૂઝસે સવાલ કરતા હૂં તૂ મુઝકો માયૂસ ન કર.** હું તારી પાસેથી માગું છું. તું મને માયૂસ ન કરી દે, નિરાશ ન કરી દે. **ઔર મૈં તેરે ફઝલકી જાનિબ રાગિબ હૂં તો મુઝકો મહેરૂમ ન કર.** અને હું તારા ફઝલ તરફ વધ્યો છું એટલે મને વંચિત ન કર. **તેરી બારગાહસે નિસ્બત રખતા હૂં તો મુઝકો દૂર ન કર.** હું તારી બારગાહથી સંબંધ ધરાવું છું માટે મને દૂર ન કરી દે. **ઔર તેરે દરવાઝે પે ખડા હૂં તો મુઝકો ન ધુત્કાર.** તારા દ્વાર ઉપર હું ઊભો છું મને ધુત્કારીને પાછો ન વાળી દે.

**મેરે માઅબૂદ ! તેરી રઝાઓ ખૂશ્નૂદી ઈસસે ભી ઝિયાદા મુનઝઝા હૈ કે વો તેરી તરફસે કીસી સબબકી મોહતાજ હો તો ભલા મેરી મર્ઝી કીસી સબબકી બિના કયું કર હો સકતી હૈ ?** યા અલ્લાહ

! તારી રઝા અને તારી ખૂશ્નૂદી, તારી મરજી જેમાં તું ખુશ હોય તેવી બાબતો. એટલી બધી, બધી વસ્તુઓથી ઊંચી છે, પર છે કે કોઈ સાધન વડે ત્યાં સુધી પહોંચી શકાય નહીં. તો મારી મરજીને સાધન બનાવીને હું તારા સુધી કઈ રીતે પહોંચી શકું ? **મેરે ખુદા ! તું અપની ઝાતમેં ઈત્ના બેનિયાઝ હૈ કે તુઝે ખુદ તુઝસે કીસી નફએકી ઝરૂરત નહીં.** યા અલ્લાહ ! તું એટલો બધો લાઉબાલી છે, બેનિયાઝ છે કે તને પોતાનાથી પણ કોઈ ફાયદો થઈ જાય એની પણ તને જરૂર નથી. **તો ભલા મુઝસે કયું કર બેનિયાઝ નહીં હોગા.** તો પછી યા અલ્લાહ ! હું નેકી કરું કે બૂરાઈ કરું તેનાથી તને શું ફેર પડવાનો છે ? તું મને અપનાવી લે, હું જેવો પણ છું.

**અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ તેના કલામ, કુરઆને મજીદની આયતો સમજવાની આપણને શક્તિ આપે અને નેક તૌફીક આપે, આમીન.**(ઈલોલ તલાવ, તા.૨-૧૧-૨૦૦૯, સોમવાર)


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.


● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

૭૮૬/૪૨૯/૪૪૦

**અલ V ટૂર (અલ-વી ટૂર)**



પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી ખડીયાસણા નિવાસી મો.સાદિકઅલી વલ્લીભાઈ મુખીએ સતત સાત વર્ષથી હજ ઝિયારત અને ઉમ્રહ ઝિયારતનો સફળતાપૂર્વક સફર પૂર્ણ કરી ચૂકેલ છે. આગામી ઉમ્રહ ઝિયારત ટૂરનું આયોજન **૧૦/૬/૨૦૧૧**ના રોજ ઈન્શાઅલ્લાહ વતનથી રવાના થશે તો જે મોમિન ભાઈ-બહેનોએ આ ટૂરમાં જોડાની ઈચ્છા હોય તો નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

**સંપર્ક** ☞ **મો.સાદિકઅલી વલ્લીભાઈ મુખી**
**મુ. ખડીયાસણા, તા. સિધ્ધપુર, જિ. પાટણ. મોબાઈલ : ૯૮૨૫૪૧૧૪૪૦**

**ઝિયારતો**

**મદીના મુનવ્વરા** : મક્કાએ મોઅઝઝમા
**સિરિયાનો ઝિયારતો** : રક્કા, હલબ, નબી ઝકરીયા, સિરીયાનું કબ્રસ્તાન)
**ઈરાકની ઝિયારતો** : કરબલા, નજફ, કુફા, કાઝમૈન, હિલ્લા અને કરબલાની અતરાફની ઝિયારતો ઈન્શાઅલ્લાહ શામરરાહની ઝિયારતો
**ઈરાનની ઝિયારતો** : મશહદ (શાહે ખુરાસાન), માસુમાકુમ, મિસ્જદે ઝમકરાન, માસુમા કુમની અતરાફની ઝિયારતો, શાહ અબ્દુલ અઝીમ, બીબી શેરબાનુ, નિશાપુરની તમામ ઝિયારતો

# Sirat-e-Mustakim

------------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

------------------------------------------------------------------------------------------------------------------------------------

*I took up a job with a media company to start my professional career after I had finished my management studies. During my first interaction with my seniors I was **assigned a specific target to achieve in the span of one year.***

*My manager informed me that if I successfully achieve my targets in that year, I would get the confirmation in the organization and may get good appraisal.*

*This made me really work hard and I almost achieved my targets. **I was happy and satisfied by my achievements and was pretty sure of getting a good appraisal.***

*At the end of the year I was called to the head-office for review and appraisal. In my review meeting with the directors I presented my working and the results I had achieved. After my presentation the directors told me that **though I had almost achieved the targets I did not work the way they had wanted me to work**. Somehow they were not convinced with my working style as they felt that I did not follow their **work-philosophy in executing my job.***

*My performance did not get the due appraisal and all my efforts were wasted. Had I known exactly what the management wanted from me **I would have definitely worked in that direction and this way my efforts would not have gone to drains.***

➔*This world is a place where we have been sent to perform our duties. On the Day of Judgment, **Allah (SWT) would appraise our worldly performance and we would be duly rewarded then.** So it is important for us to know what Allah (SWT) expects from us? **Whether the duties which we are currently performing are enough and as per His wish?** Because if **we fail to understand whatever Allah (SWT) is expecting** from us then all **the good deeds and duties which we have performed may not be useful to us on that day.***

Let us then begin our research with the following ayah from Surah-e-Baqra:

- *"Neki kuch yehi thodi hai ke namaz main apne mooh purab ya paschhim ki taraf kar lo balke **neki to uski hai jo Khuda aur roze aakherat aur farishton aur Khuda ki kitabon aur paighambaron per imaan laye aur uski ulfat main apna maal karabatdaron aur yatimon aur mohtajon aur pardesiyon aur maangnewalon aur laundi ghulam (ke gulu khalasi) main sarf kare aur pabandi se namaz padhe aur zakaat deta rahe aur jab koi***

***aehed kiya to apne qawl ke poore hain*** *aur* ***fiqr-o-faaqa wa ranj-o-sakhti aur ghutan ke waqt saabit qadam rahe,*** *yehi log parhezgar hai  ." – (Surah-e-Baqra, ayah 177)*

*"(Virtue is not in this that ye turn your faces toward the east and west, but* ***virtue is of him who believeth in Allah and the Last Day and the angels and the Book and the prophets: and giveth of his substance, for love of Him unto kindred and orphans and the needy and the wayfarer and the beggars and for redeeming necks, and establisheth prayer and giveth the poor-rate and is of the performers of their covenant when they have covenanted;*** *and is of the* ***patient in adversity*** *and affliction and in time or violence these are they who are proven true, and these they are God-fearing.)"*

In the above ayah Allah (SWT) has given us the clear definition of good virtues. If we follow them we would be considered virtuous by Him. But to be a virtuous person is the only thing which He expects from us?
Now we will see the ayah from Surah-e-Furqaan:

- *"Aur un logon ne* ***duniya main jo kuch nek kaam kiye hai*** *Hum un ki taraf tawwajjo kareinge to Hum us ko* ***goya udti hui khaak bana kar barbaad kar denge****." – (Surah-e-Furqaan, ayah 23)*

  *"(We shall call their deeds into Our presence and* ***scatter them into the air as dust (turn them devoid of all virtue)."***

Here, Allah (SWT) promises that He is surely going to destroy **the good deeds of certain people and turn them devoid of all virtues**. It means Allah (SWT) is looking for **something much beyond the good virtues** as indicated in the ayah of Surah-e-Baqra.

➔So if we want to be considered **amongst the successful** at the Day of Judgment and wish that all our good deeds like our prayers and charity get accepted and are meaningful in the court of Allah (SWT); we need to find that **"Precise thing"** which He is looking for in us.

Let us again turn to the Quran for this. In the following ayah from Surah-e-Fussilat, Allah (SWT) says:

- *"Ae Rasool (SAW) tum kehdo ke* ***imaandaro ke liye to yeh Quran az sartapaa hidayat aur har marz ki shifa hai*** *aur jo log* ***imaan nahin rakhte unke kaanon ke haq main giraani*** *aur* ***behrapan hai*** *aur wo Quran un ke* ***haq main nabinaee ka sabab hai."*** *– (Surah-e-Fussilat, ayah 44)*

*"(Say: "It is a **Guide and a Healing** to those **who believe**; and for those who believe not, there is a **deafness in their ears**, and it is **blindness in their (eyes))"**.*

Allah (SWT) says that the same **Quran which is a guide and a healing** for a believer; is a **deafness and blindness for a non-believer**. Now, we know that whoever believes in Allah (SWT) is a believer and whoever does not believe in Him, he is a non-believer. But if a person is a non-believer of Allah then why would he recite Quran? And if he is not reciting Quran then why did Allah (SWT) say in the above ayah that Quran is deafness and blindness for a non-believer. This means that **Allah (SWT) is referring to those people who though believe in Him and recite Quran but still are considered as <u>non-believers.</u>** So who are those unfortunate ones?

Rasool (SAW) in the following hadith says:

- "Ali is with the Quran and **the Quran is with Ali**, and these two will **never be separated** from each other until they reach me at the Hauz-e-Kausar!" *(Ref: Jam'a Sagheer, p 56, Kanz-al-Ummal p 30, Izalut-ul-Khifa Maqsad 2, p 279)*

**Mawla Ali and Quran are inseparable** and thus in the light of this and our pondering upon the above-mentioned ayah, it can be inferred that if **somebody separates Mawla Ali (A.S) from Quran,** he is a **non-believer as per Allah (SWT**) and thus **Quran would no-longer guide him** and instead **he could be misguided as he would fail to understand Quran in the right perspective.** Thus **love for Mawla Ali (A.S) is a parameter** which would **separate a believer from a non-believer** and it is a **doctrine to understand Quran.**

In this regard let us focus on one more ayah:

- *"Aur us waqt Rasool (SAW) bargaahe Khuda wandi main arz karenge ke 'Ae mere Parvardigar **meri qaum ne to Quran ko bekaar bana diya'**." – (Surah-e-Furqaan, ayah 30)*

*"(The Prophet will say: "O my Lord, **my people had fettered the Qur'an**.")"*

There are many great Islamic scholars who have translated the holy book in various languages, it seems that they have really contributed to propagate Quranic knowledge and philosophy, so why would Rasool (SAW) say that **<u>his people have fettered the Quran</u>**, when we find many great scholars who have learnt Quran by heart and can discuss the ayahs at length with their listeners?

We have got Quran through the holy presence of Rasool (SAW), it was revealed in the form of ***'wahi'*** to him on different occasions. **He is then the best judge** to decide whether we are doing

justice with the book or not. And I am sure he must have given us clear instructions which if we follow, we would do justice to our Quranic recitation and be well-guided.

The following hadith of Rasool (SAW) instructs us in this direction. This is also known as Hadith-e-*Saqlain*, where ***Saqlain*** stands for **two weighty things:**

- "I will soon be called away and will have to depart from you, but **I leave amongst you two weighty things; the book of the High and Mighty Allah and my progeny**. The Book of Allah is like **a rope which extends from the heavens to the earth**, and **my progeny are the people of my house (Ahl-ul-bait).** The Subtle and Aware (**Allah) tells me that the two shall never part from each other until they come to me at the Pool.** So, take care **how you treat them after me**."

This is a very prominent hadith whose reference can be found in different books of Islamic scholars. It is well-recorded by Imam Ahmed (Ibn-e-Hambal) from the tradition related by Abu Sa'eed-al-Khudri in (Musnad, Ahmed Ibn-e-Hambal, Part 3, P 26.) and also recorded by Ibn-e-Abi Shaiba, Abu Ya'li and Ibn-e-S'ad from Abu Saeed (Kanz-ul-Ummal, Part 1, P 47).

The same tradition is also mentioned in the books of prominent Islamic historians and commentators. (Ref: Tirmizi, 5:328, Nisai 96:79, Ibn Atiyyah 1:34, Ibn-e-Hajar P 89)

When we focus on above ayah, we understand that it is Allah's wish that the Quran and Rasool (SAW)'s progeny would never part. And if **somebody tries to separate them**, then he is **working against the Will of Allah (SWT)** and **might incur Allah's wrath**.

The progeny of Rasool (SAW), which is in fact the **household of Mawla Ali (A.S) is as important as Quran in our lives** and if we wish that Quran be a guide and a healing we need to recite it in the light of their love.

➔The important result which can be derived here is that however impressive a Quranic interpreter and a scholar we come across**, unless he has the understanding of the status of progeny of Rasool (SAW)** he can **never guide anybody** as he has not **followed Rasool (SAW)'s instructions**. His **learning Quran by heart** would **not yield him any benefit** as he has **disobeyed Allah's Wish**. And if we get impressed by such an orator of Quran and follow him **we are taking a big risk as we might get misguided by him.**

It was the sacrifice and hard-work of our holy Prophet (SAW) which brought us from the darkness of illiteracy to the light of Islamic philosophy. He guided us and thus he has maximum right on our lives after Allah (SWT). That is the reason Allah (SWT) in the following ayah asks Rasool (SAW) to seek the compensation of his efforts in the following manner:

- *"Ae Rasool (SAW) un logon se tum kehdo ke main iss tabligh-e-risaalat per tum se kuch mazdoori to maangta nahin hoon magar tamanna ye hai ke **jo chaahe apne Parvardigar tak pahonch ne ki raah pakad le.**" – (Surah-e-Furqaan, ayah 57)*
  *"(Say: "No reward do I ask of you for it but this: that each one who will **may take a (straight) Path to his Lord.")"***

If we really wish to show our gratitude to Rasool (SAW) we should take a straight Path that reaches Allah. That is what Allah wants and that is the wish of Rasool (SAW) as well. At the starting of the article we saw the ayah where Allah (SWT) has **defined the good virtues and He expects us to have them**, but again we saw in one of the ayahs He said that **He would discard the good deeds of certain people**. The inference we can take from this is **that along with good virtues we should be on the straight path that reaches Him**. And once we travel this path we are sure that our good deeds would be accepted by Him and it would make Him happy. So how should we locate this path? Is there any indication in Quran for this?

Let us see one more ayah which is much similar to the above one and it would help us find the way:

- *"Ae Rasool (SAW) tum kehdo ke main apni tableegh-e-risalat ka **apne karabatdaron ki mohabbat** ke siwa tumse koi sila nahin maangta"* – (Surah-e-Shura, aayat – 23)

  *"('Say: I do not ask of you any reward for it but **love for my near relatives'**)"*

While the ayah of Surah-e-Shura has explained us what Allah (SWT) and Rasool (SAW) want from us, the above ayah of Surah-e-Furqaan clearly indicates how we can be on the Straight Path that reaches Him; it is in the love for Rasool (SAW)'s relative. If we love them, we would remain on the straight path. So let us see who are they?

When the above ayah was revealed somebody asked Rasool (SAW) that **who are they, whose love has been made mandatory on us?** To which he replied it is **Ali (A.S), Fatema (A.S), their children Hasan (A.S) and Husain (A.S)**. (Ref: Tafseer-e-Kishaf, Allama Zamkhashri, Vol 3, P 67)

Sa'labi, Zamakhshari, Suyuti and Baidhavi have recorded that the above ayah was revealed to make **the love of household of Mawla Ali (A.S) mandatory on the Muslim world.** Even prominent Islamic authorities like Bukhari, Muslim, Ahmed Ibn Hambal and others have recorded traditions to this effect by quoting Ibn-e-Abbas.

In order to further substantiate our above inference, let me quote here Rasool (SAW)'s hadith:

- "No one shall be able to move from his place of reckoning on the Day of Judgment until he has stated four things: how **he spent his life and his wealth,** and where he got it from --- **<u>and he shall also be asked about the love of the Ahl-ul-bait."</u>**

This tradition has been recorded by Tabrani from Ibn-e-Abbas and from him Allama Suyuti and Nabahani in their Ehya-ul-Maiyyit and Arba'een and many other Ullema have also recorded it.

➔Logically it seems now that **apart from good deeds like prayers and charity,** Allah (SWT) would **<u>definitely ask us about our commitment and love for Ahl-ul-bait</u>**. This is **Sirat-e-Mustakim, the straight path which reaches Him** and if somebody found faltering with that, his good deeds may not give him any benefits.

Let us now focus on the following ayah in this connection:

- *"To tumhare paas jo wahi bheji gayee hai tum uuse mazboot pakde raho iss **main shak nahin ke tum sidhee raah per ho.**" – (Surah-e-Zukhruf, ayah 43)*

  *"(Therefore **hold fast to that which has been revealed to you**; surely **you are on the right path.)"***

If we focus on the above ayah it seems that there was a specific message which Rasool (SAW) was **asked to hold fast.** Here, the message which Rasool (SAW) was asked to hold tightly and convey was of the '***wilaya'*** **of Mawla Ali (A.S). That is the right path** as mentioned in the above ayah. (Ref: Manaqib – Ibn-e-Maghaazali, Faqeea, Sha'fei).

That is the reason Rasool (SAW) has said about Mawla Ali (A.S) that:

- "Ali, had I not been afraid that the Muslims would start regarding you as Christians regard Christ, I would have said things about you which would have made the Muslims venerate you and to consider **the dust of your feet as something worth venerating**; but it will suffice to say that **you are from me and I am from you**; **you will inherit me and I will inherit you**; **you are to me what Aaron was unto Moses**; **you will fight for my causes**, **you will be nearest to me on the day of Judgment; you will be next to me on the fountain of Kausar**; **enmity against you is enmity against me**; **a war against you is a war against me; your friendship is my friendship;** to be at peace with you is to be at peace with me; **your flesh is my flesh; your blood is my blood; who will obey you will obey me;** truth is on your tongue, in your heart and in your mind. You are a door to me. **<u>As per the order of God, I give these tidings that your friends will be rewarded in</u>**

**<u>Heaven and your enemies are doomed for Hell."</u>** - (Ref: Yanabi-al-Mowaddat (Bombay Edition, P 107)

Allah (SWT) has granted a **cult status to Mawla Ali (A.S**) and He has **promised glad tidings to the people who be-friend him and his household** and they would be rewarded in Heaven and his enemies would be punished in Hell. It is thus **love of Ahl-ul-bait that Allah (SWT) wants his people to have to be successful.**

When we see around we find that nothing holds us back from offering regular namaz, paying zakat, going for Hajj and performing rozas. Everyone from us at the end wants to be successful and be a chosen servant of Allah (SWT), but when it comes **to recognizing the status of Ahl-ul-bait and loving them** we tend to hold ourselves back. Why is it so? When so much has been **promised by Allah (SWT) and Rasool (SAW) to us in this regards, why we are so reluctant?**

Let us see the Quran again for the answer:

- "*Khuda ne farmaya ke* ***yehi raah sidhi hai ke mujh tak pahonchti hai.*** *Jo mere* ***mukhlis bande*** *hai un per tujhe kissi tarah ki hukumat na hogi magar haan* ***gumraahon*** *main se jo teri pairvi kare usper tera zor chal jaaega aur haan ye bhi yaad rahe ke un sab ke waste aakhri wada buss Jahannum hai." – (Surah-e-Hijr, ayah 41-43)*

  *("Lord said:* ***This is a right way with Me:*** *Surely. as regards My servants, you have no authority, over them except those who follow you of the deviators. And surely Hell is the promised place of them all")*

The above ayah is the reply which Allah (SWT) gave to Satan, when he said that he would **<u>lure mankind to deviate from the right path</u>**. Allah (SWT) confirms to Satan that people who **tread the right path would never deviate** and Satan would not have any authority over them. When we contemplate on the above ayah further we can infer that it is **<u>Satan's duty now not to allow us to reach the straight path.</u>** He thus works full-time to hold us back from reaching the *Sirat-e-Mustakim;* that is to have **love for Ahl-ul-bait**.

Before I end my article, let me quote a famous couplet from a qawwali:

***"Basad talash na kuch wus'atay nazar se mila. Nishane manzil-e-maqsood raahbar se mila.***
***Ali mile to mile Khana-e-Khuda se hamein, Khuda ko dhundha to wo bhi Ali ke ghar se mila."***

➔We all are amongst the fortunate ones who understand the status and importance of Ahl-ul-bait and love them immensely. This love is a great honour which Allah (SWT) has bestowed on

us so let us pray to Him that “O Our Lord! Do keep us steadfast on Sirat-e-Mustakim and give us enough strength to overpower Satan and bestow Your limitless grace, mercy and glad tidings on us in this world and hereafter. Aamin.”

# સિરાતે મુસ્તકીમ

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*મેં મારો મનેજમેન્ટનો અભ્યાસ પૂર્ણ કરી દીધો ત્યાર પછી મેં મારી વ્યવસાયિક કારકિર્દી શરૂ કરવા માટે મેં એક મીડિઆ કંપનીમાં નોકરી લઈ લીધી. મારા ઉચ્ચ અધિકારીઓ સાથેની મારી પ્રથમ પારસ્પરિક ચર્ચા દરમિયાન મને* ***એક વર્ષના સમયગાળામાં એક ચોક્કસ લક્ષાંક સિધ્ધ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું.***

*મારા મેનેજરે મને એવી માહિતી આપી કે જો હું એ વર્ષમાં મારાં લક્ષાંક સફળતાપૂર્વક સિધ્ધ કરી દઉં તો મને સંગઠન તરફથી સમર્થન મળશે અને કદાચ હું સારી પ્રગતિ પણ કરી શકું.*

*ખરેખર આ બાબતે મને સખત કાર્ય કરવા પ્રેર્યો અને મેં મારાં લક્ષાંકો લગભગ સિધ્ધ પણ કરી દીધાં.* ***મારી સિધ્ધિઓને કારણે હું ખુશ અને સંતુષ્ટ હતો અને સારી પ્રગતિ મળવાની મને ખાત્રી પણ હતી.***

*વર્ષના અંતે મને કાર્યની સમીક્ષા અને મૂલ્યાંકન માટે હેડ ઑફિસમાં બોલાવવામાં આવ્યો. ડિરેક્ટર્સ સાથેની મારી સમીક્ષા મુલાકાતમાં મેં સિધ્ધ કરેલ મારા કાર્યોને અને નિષ્કર્ષોને તેમની સમક્ષ રજૂ કર્યાં. મારી રજૂઆત પૂર્ણ થઈ ગયા પછી ડિરેક્ટર્સે મને કહ્યું કે* ***જો કે તમે બધાં જ લક્ષાંકો પૂર્ણ કરી દીધાં છે તેમ છતાં તમે અમારી અપેક્ષા મુજબ કાર્ય કર્યું નથી.*** *ગમે તેમ પણ મારી કાર્ય પધ્ધતિથી તેમના મનનું સમાધાન થયું ન હતું, કેમકે તેમને એવું લાગ્યું કે* ***કાર્યને અમલમાં મૂકવામાં મેં કાર્ય કરવાની કુનેહનું અનુસરણ કર્યું ન હતું.***

*મારી કામગીરીની યોગ્ય કદર ન થઈ અને મારી બધી જ મહેનત ફોગટ ગઈ. મેનેજમેન્ટ મારી પાસેથી શું અપેક્ષા રાખે છે એ બાબત જો હું અગાઉથી જાણતો હોત તો* ***મેં ચોક્કસપણે એ દિશામાં કાર્ય કર્યું હોત અને આ રીતે મારી મહેનત બરબાદ ન જાત.***

→ *આ દુનિયા એક એવી જગ્યા છે કે જ્યાં આપણને આપણી ફરજો બજાવવા માટે મોકલવામાં આવ્યા છે. કયામતના દિવસે* ***અલ્લાહ(સુ.વ.ત.) આપણી દુન્યવી કામગીરીની સમીક્ષા કરશે અને આપણને તેનો યોગ્ય બદલો આપવામાં આવશે.*** *તેથી આપણા માટે એ બાબત જાણવી અગત્યની છે કે અલ્લાહ(સુ.વ.ત.) આપણી પાસેથી કેવી અપેક્ષા રાખે છે.* ***અત્યારે હાલ આપણે જે ફરજો બજાવી રહ્યા છીએ તે ફરજો શું પર્યાપ્ત છે ખરી અને અલ્લાહની ઈચ્છા પ્રમાણે છે ખરી ?*** *કારણ કે* ***અલ્લાહ આપણી પાસે જે કંઈ અપેક્ષા રાખી રહ્યો છે તે સમજવામાં જો આપણે નિષ્ફળ જઈશું*** *તો પછી આપણાં* ***બધાં સત્કાર્યો અને ફરજો કે જેમને આપણે બજાવી દીધેલ છે તે કદાચ એ દિવસે આપણને ઉપયોગી ન પણ થાય.***

તો ચાલો આપણે આપણા સંશોધનની શરૂઆત સૂરએ બકરની નીચેની આયતોથી કરીએ.

- **'તમે તમારું મુખ પૂર્વ અથવા પશ્ચિમ તરફ કરો એમાં સદ્ગુણ નથી બલ્કે સદ્ગુણ તો એ જ છે કે અલ્લાહ પર તથા કયામતના દિવસ પર તથા ફરિશ્તાઓ પર તથા (આકાશી) કિતાબો પર અને નબીઓ ઉપર ઈમાન લાવવું, અને અલ્લાહની મોહબ્બતમાં (પોતાનાં) સગાંવહાલાંને તથા અનાથોને તથા મોહતાજોને તથા મુસાફરોને તથા**

**સવાલ કરનારાઓને અને ગરદનો છોડાવવામાં માલ(ની સહાય) આપવી તથા નમાઝ કાયમ કરવી તથા ઝકાત આપવી અને જ્યારે તેઓ (કોઈ વાતનો) વાયદો કરે છે ત્યારે પોતાના વાયદાને પાળનાર હોય છે, અને તંગીમાં તથા મુસીબતમાં અને લડાઈની સખ્તાઈ વખતે ધીરજ ધરનારા હોય છે; આ એ જ લોકો છે કે જેઓ (ધર્મને અનુસરીને) સત્ય બોલ્યા છે; અને તેઓ જ (અલ્લાહથી) ડરીને ચાલનારા છે.** (સૂરએ બકર, આયત-૧૭૭)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ આપણને સત્કાર્યોની સ્પષ્ટ વ્યાખ્યા કરી બતાવી છે. જો આપણે તેને અનુસરશું તો આપણને અલ્લાહ દ્વારા ગુણવાન માનવામાં આવશે. પરંતુ શું તે આપણી પાસે માત્ર ગુણવાન વ્યક્તિ બનવાની જ અપેક્ષા રાખે છે ?

હવે આપણે સૂરએ ફુરકાનમાંથી આયત જોઈશું :

- **'અને (દુનિયામાં) જે કંઈ કર્મો પણ તેમણે કર્યાં હશે તેની તરફ અમે ધ્યાન આપીશું પછી અમે તે(કર્મો)ને વિખરાયેલા રજકણો જેવાં કરી નાખીશું.**

(સૂરએ ફુરકાન, આયત-૨૩)

અહીં અલ્લાહ(સુ.વ.ત.) એવું વચન આપે છે કે તે ચોક્કસપણે **અમુક લોકોનાં સત્કાર્યોને** બરબાદ કરવાનો છે અને તે બધાને **સદ્‌ગુણોવિહોણાં કાર્યોમાં ફેરવી નાખશે. તેનો અર્થ એવો થયો કે અલ્લાહ(સુ.વ.ત.) સદ્‌ગુણો કરતાંય કંઈક વિશેષ બાબત શોધી રહ્યો છે જેવા કે સૂરએ બકરની આયતમાં નિર્દેષ કરવામાં આવ્યો છે.**

→ તેથી જો કયામતના દિવસે આપણને આપણી જાતને સફળ થયેલા લોકોમાં ગણાવવાની ઈચ્છા હોય અને એવી ઈચ્છા કરીએ કે આપણાં બધાં જ સત્કૃત્યો જેવાં કે આપણી નમાઝો અને સખાવતનો સ્વીકાર થઈ જાય અને આપણે અલ્લાહ (સુ.વ.ત.)ના દરબારમાં અર્થસભર હોઈએ તો આપણે તે **<u>'વિશિષ્ટ વસ્તુ'</u>** શોધી કાઢવાની જરૂર છે કે જે તે આપણી અંદર શોધી રહ્યો છે.

આના માટે ચાલો આપણે ફરીથી પાછા કુરઆન તરફ જોઈએ. સૂરએ હા-મીમ-સિજદાની નીચેની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

- **(હે રસૂલ !) તમે જુઓ કે ઈમાનદારો માટે તો કુરઆન સંપૂર્ણ હિદાયત અને દરેક દર્દની આરોગ્યતા છે અને જે લોકો ઈમાન ધરાવતા નથી તેમના માટે કાનોમાં બહેરાશ છે અને તે કુરઆન તેમના માટે અંધાપાનું કારણ છે.**

(સૂરએ હા-મીમ-સિજદા, આયત-૪૪)

અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે કે ઈમાનદારો માટે આ જ કુરઆન સન્માર્ગદર્શક અને શિફા(આરોગ્યતા) પણ છે અને જે લોકો ઈમાન ધરાવતા નથી તેમના માટે બહેરાશ અને અંધાપો છે. હવે આપણે જાણીએ છીએ કે જે કોઈ અલ્લાહ(સુ.વ.ત.)માં ઈમાન ધરાવે છે તે ઈમાનદાર છે અને જે કોઈ તેનામાં ઈમાન ધરાવતો નથી તે ઈમાન વગરનો છે. પરંતુ જો કોઈ માણસ અલ્લાહમાં ઈમાન ન ધરાવતો હોય તો પછી તે કુરઆનની તિલાવત શા માટે કરે છે ? અને જો તે કુરઆનની તિલાવત નથી કરતો તો પછી અલ્લાહ(સુ.વ.ત.)એ ઉપરોક્ત આયતમાં શા માટે એવું કહ્યું છે કે કુરઆન ઈમાન વગરના લોકો માટે બહેરાપણું અને અંધાપો છે ? આનો અર્થ તો એવો થયો કે **અલ્લાહ(સુ.વ.ત.) એવા લોકોનો સંદર્ભ આપે છે કે જેઓ અલ્લાહમાં ઈમાન ધરાવે છે અને કુરઆનની તિલાવત પણ કરે છે તેમ છતાંય તેમને હજુ <u>ઈમાન વગરના</u> માનવામાં આવે છે.** તો કોણ છે આ કમનસીબ લોકો ?

હઝરત રસૂલ(સ.) નીચેની હદીસમાં ફરમાવે છે :

● 'અલી કુરઆનની સાથે છે અને **કુરઆન અલીની સાથે છે,** અને આ બન્ને **એકબીજાથી કદાપિ અલગ નહીં થાય** એટલે સુધી કે તેઓ હૌઝે કૌસર પર આવીને મને મળે.'

(સંદર્ભ : જામેઅ સગીર, પેજ-૫૬, કન્ઝુલ અમ્માલ, પેજ-૩૦, ઈઝાલતુલ ખિફા મકસદ, ભાગ-૨, પેજ-૨૭૯)

**મૌલા અલી(અ.) અને કુરઆન એક બીજાથી જુદા થઈ શકે તેવા નથી** અને તેથી આના પ્રકાશમાં અને ઉપરોક્ત આયત ઉપર ચિંતન-મનન કરવાથી એવું અનુમાન થઈ શકે કે જો **કોઈ માણસ મૌલા અલી(અ.)ને કુરઆનથી અલગ પાડે** તો તે **અલ્લાહની દ્રષ્ટિએ ઈમાન વગરનો** છે અને તેથી **કુરઆન તેની હિદાયત કરશે જ નહીં** અને તેનાથી ઉલ્ટું, **તે ગેરમાર્ગે દોરાશે કેમકે તે કુરઆનને યથાર્થ રીતે સમજવામાં નિષ્ફળ જશે.** તેથી જ તો **મૌલા અલી(અ.)ની મોહબ્બત એક માપદંડ છે** કે જે **ઈમાનદારને ઈમાન વગરનાથી અલગ પાડશે** અને **કુરઆનને સમજવાનો** આ જ તો **એક નૈતિક સિધ્ધાંત** છે.

આ બાબતમાં ચાલો આપણે એક બીજી આયત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ :

● **'અને (તે વખતે) રસૂલ ફરમાવશે કે અય મારા પરવરદિગાર ! નિઃસંશય <u>મારી કોમે આ કુરઆનને તદ્દન ત્યાગી દીધું હતું.'</u>**

(સૂરએ ફુરકાન, આયત-૩૦)

ઘણા બધા મહાન ઈસ્લામી વિદ્વાનો એવા છે કે જેમણે વિવિધ ભાષાઓમાં પવિત્ર કુરઆનનું ભાષાંતર કર્યુ છે. તેનાથી તો એવું લાગે છે કે તેમણે કુરઆનના જ્ઞાનનો અને ફિલોસૉફીનો પ્રચાર કરવામાં પોતાનો ફાળો આપ્યો છે. તો પછી રસૂલ(સ.) શા માટે એવું કહે છે કે **તેમની ઉમ્મતે કુરઆનને ત્યજી દીધું.** જ્યારે કે આપણને જોવા મળે છે કે ઘણા મહાન વિદ્વાનો કે જેમણે કુરઆનને હિફ્ઝ(મોઢે) કરી લીધું છે અને તેમના શ્રોતાઓ સમક્ષ વિસ્તારપૂર્વક તેની આયતોની તફસીર કરે છે ?

આપણે બધાએ રસૂલ(સ.)ની પવિત્ર હાજરી દ્વારા કુરઆનને પ્રાપ્ત કર્યું, જે વિવિધ પ્રસંગોએ તેમના ઉપર આવેલ **'વહી'**ના સ્વરૂપમાં નાઝિલ થયું હતું. આપણે બધા કુરઆનને ન્યાય આપી રહ્યા છીએ કે નથી આપતા તેનો **નિર્ણય કરનાર સર્વોત્તમ ન્યાયધિશ અલ્લાહ છે** અને મને ચોક્કસ ખાત્રી છે કે તેણે આપણને સ્પષ્ટ માર્ગદર્શન આપેલું જ હોવું જોઈએ કે જેના ઉપર જો આપણે અનુસરણ કરીશું તો આપણે કુરઆનના વાંચન(તિલાવત)ને ન્યાય આપીશું અને યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત કરીશું.

રસૂલ(સ.)ની નીચેની હદીસ આ દિશામાં આપણને દિશાસૂચન કરે છે. આ હદીસ હદીસે સકલૈન તરીકે પણ ઓળખાય છે કે જેમાં **'સકલૈન'** શબ્દ **'બે વજનદાર વસ્તુઓ'** માટે વપરાયો છે.

● 'મને ટૂંક સમયમાં જ બોલાવી લેવામાં આવશે અને મારે તમારાથી વિદાય થવું પડશે પરંતુ **હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ મૂકતો જાઉં છું; ઉચ્ચ અને શક્તિમાન અલ્લાહની કિતાબ (કુરઆન) અને મારી ઈતરત.** અલ્લાહની કિતાબ **એક રસ્સી જેવી છે કે જે રસ્સી જન્નતથી પૃથ્વી સુધી લંબાયેલી છે** અને **મારી ઈતરત(વંશજો) મારા ઘરના માણસો (એહલેબયત) છે.** હિકમતવાળો અને સભાન **(અલ્લાહ) મને ફરમાવે છે કે આ બન્ને એકબીજાથી અલગ નહીં થાય જ્યાં સુધી તેઓ હૌઝે કૌસર પર આવીને મને મળે.** તેથી **મારા પછી તમે તેમની સાથે કેવો વ્યવહાર કરો છો** તેની કાળજી રાખજો.

આ હદીસ એટલી બધી પ્રખ્યાત છે કે જેનો સંદર્ભ ઈસ્લામના વિદ્વાનોની વિવિધ કિતાબોમાંથી

પ્રાપ્ત થઈ શકે તેમ છે. ઈમામ એહમદે (ઈબ્ને હમ્બલે) અબુ સઈદ અલ ખુદરીની રિવાયત દ્વારા એની સુંદર નોંધ કરી છે (મસ્નદ, એહમદ ઈબ્ને હમ્બલ, ભાગ-૩, પેજ નં.૨૬) અને ઈબ્ને અબુ શૈબા, અબુ યા'લી અને ઈબ્ને સા'દે અબુ સઈદમાં તે લખી છે. (કન્ઝુલ અમ્માલ, ભાગ-૧, પેજ નં.૪૭)

આ જ રિવાયતનો ઉલ્લેખ પ્રખ્યાત ઈસ્લામી ઈતિહાસકારો અને તફસીરનવેશોએ પણ કર્યો છે. (સંદર્ભ : તિરમીઝી, ૫:૩૨૮, નિસાઈ ૯૬:૭૯, ઈબ્ને અતિય્યાહ ૧:૩૪, ઈબ્ને હજર-પેજ-૮૯)

જ્યારે આપણે ઉપરોક્ત હદીસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ તો સમજાય છે કે કુરઆન અને રસૂલ(સ.)ની ઈતરત એકબીજાથી અલગ ન થાય એવી અલ્લાહની ઈચ્છા છે અને **જો કોઈ તે બન્નેને અલગ પાડવાનો પ્રયત્ન કરે** તો તે **અલ્લાહ(સુ.વ.ત.)ની ઈચ્છા વિરૂધ્ધ કાર્ય કરી રહ્યો છે** અને તે માટે **કદાચ અલ્લાહના ગઝબનો ભોગ પણ બને.**

રસૂલ(સ.)ની ઈતરત કે **જે વાસ્તવમાં તો મૌલા અલી(અ.)નાં ઘરવાળાં જ છે તેમની આપણા જીવનમાં એટલી જ અગત્યતા છે કે જેટલી કુરઆનની છે** અને જો આપણે એવી ઈચ્છા કરીએ કે કુરઆન આપણા માટે સન્માર્ગદર્શક અને રોગનિવારક (શિફા) બને તો આપણે તેમની (એહલેબયતની) મોહબ્બતના પ્રકાશમાં જ તેની તિલાવત કરવી જોઈએ.

→ અગત્યનું તારણ કે જે અહીં આપણે કાઢી શકીએ છીએ તે એ છે કે ગમે તેવડા પ્રભાવશાળી કુરઆનના ભાષાંતરકાર અને વિદ્વાનોના સંસર્ગમાં આપણે આવીએ તેમ છતાં પણ **જો તે રસૂલ(સ.)ની એહલેબયતના મરતબાની સમજણ ધરાવતો ન હોય** તો તે કદાપિ **કોઈને પણ હિદાયત કરી શકશે નહીં** કેમકે તેણે **રસૂલ(સ.)ની આજ્ઞાઓનું પાલન કરેલું નથી. કુરઆનને મોઢે કરવાનું તેનું કાર્ય** તેને **કોઈ ફાયદો નહીં પહોંચાડે** કેમકે તેણે **અલ્લાહની ઈચ્છાનું ઉલ્લંઘન કર્યું** છે અને જો આપણે કુરઆનના આવા વક્તા (હાફિઝે કુરઆન) દ્વારા પ્રભાવિત થઈ જઈએ અને તેનું અનુસરણ કરીએ તો **આપણે એક મોટું જોખમ ખેડી રહ્યા છીએ કેમકે આપણે તેના દ્વારા કદાચ ગુમરાહ જ થઈ જવાના.**

એ તો આપણા પવિત્ર પયગમ્બર(સ.)ની કુરબાની અને સખત પરિશ્રમ હતાં કે જે આપણને જહાલત (અજ્ઞાનતા)ના અંધકારમાંથી બહાર કાઢીને ઈસ્લામી ફિલોસૉફીના પ્રકાશમાં લાવ્યા. તેમણે આપણી હિદાયત કરી અને તેથી જ તો આપણા જીવન ઉપર અલ્લાહ(સુ.વ.ત.) પછી વધુમાં વધુ તેમનો જ અધિકાર છે. આ જ કારણે અલ્લાહ(સુ.વ.ત.) નીચેની આયતમાં નીચેની પધ્ધતિથી રસૂલ(સ.)ને તેમની મહેનતનો બદલો લેવાનું કહે છે :

- **'(હે રસૂલ !) તું કહે કે હું તો તમારી પાસે તે (સંદેશો પહોંચાડવા)નું કાંઈ મહેનતાણું માગતો નથી, સિવાય એ કે <u>જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો માર્ગધારણ કરે.'</u>**

(સૂરએ ફુરકાન, આયત-૫૭)

જો આપણે ખરેખર રસૂલ(સ.) પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિતકરવા માગતા હોઈએ તો આપણે સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) પકડવો જોઈએ કે જે અલ્લાહ સુધી પહોંચે છે. એટલે જ તો અલ્લાહ પણ ઈચ્છે છે અને રસૂલ(સ.)ની ઈચ્છા પણ એવી જ છે. લેખની શરૂઆતમાં આપણે આયત જોઈ કે અલ્લાહ(સુ.વ.ત.)એ **સત્કાર્યોની વ્યાખ્યા કરેલી છે અને આપણે તેવાં સત્કાર્યો ધરાવીએ તેવી તેની ઈચ્છા છે.** પરંતુ ફરીથી પાછું એક આયતમાં

એવું જોયું કે તેણે એવું ફરમાવ્યું છે કે **તે અમુક લોકોનાં સત્કૃત્યોને ત્યજી દેશે.** આના ઉપરથી આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે **સત્યકૃત્યો કરવાની સાથે સાથે આપણે સિરાતે મુસ્તકીમ ઉપર પણ હોવા જોઈએ કે જે તેના સુધી પહોંચે છે.** અને જો એક વાર આપણે આ રસ્તા ઉપર મુસાફરી કરતા થઈ ગયા તો આપણને ચાક્કસ ખાત્રી છે કે આપણાં સત્કૃત્યોનો અલ્લાહ સ્વીકાર કરી લેશે અને તેનાથી તે રાજી પણ થશે. તો આ માર્ગનું ચોક્કસ સ્થાન આપણે કેવી રીતે શોધી કાઢવું જોઈએ ? શું કુરઆનમાં આના માટે કોઈ ઈશારો કરવામાં આવ્યો છે ખરો ?

તો ચાલો બીજી એક વધુ આયત જોઈએ કે જે ઉપરોક્ત આયત સાથે ખૂબ વધારે મળતી આવે છે અને તે આયત આપણને રસ્તો શોધવામાં મદદરૂપ થશે.

- **'(અય રસૂલ !) તમે કહી દો કે હું મારી તબ્લીગે રિસાલતનો કોઈ બદલો માગતો નથી કિંતુ માગું છું <u>મારા કરાબતદારો સાથેનો પ્રેમ.</u>**

(સૂરએ શુરા, આયત-૨૩)

જ્યારે સૂરએ કુરકાનની આયતે આપણને સમજાવી દીધું કે અલ્લાહ(સુ.વ.ત.) અને રસૂલ(સ.) આપણી પાસે શું માગે છે, ત્યારે સૂરએ શુરાની ઉપરોક્ત આયત સ્પષ્ટપણે દર્શાવે છે કે આપણે સિરાતે મુસ્તકીમ ઉપર કેવી રીતે હોઈ શકીએ છીએ કે જે રસ્તો તેના સુધી પહોંચે છે. તે રસ્તો છે રસૂલ(સ.)ના આપ્તજનોના પ્રેમનો માર્ગ. જો આપણે તેની સાથે પ્રેમ કરીશું તો સિરાતે મુસ્તકીમ ઉપર જ રહીશું. તેથી ચાલો આપણે જોઈએ કે તેઓ કોણ કોણ છે?

જ્યારે ઉપરોક્ત આયત નાઝિલ થઈ તો કોઈએ રસૂલ(સ.)ને પૂછ્યું કે **એ કોણ છે કે અલ્લાહે તેમની મોહબ્બત અમારા ઉપર વાજિબ કરી છે ?** જેના જવાબમાં આપે ફરમાવ્યું, તે છે **અલી(અ.), ફાતેમા(અ.), તેમના ફરઝંદો હસન(અ.) અને હુસૈન(અ.).**

(સંદર્ભ : તફસીરે કિશાફ, અલ્લામા ઝમખશરી, ભાગ-૩, પેજ-૬૭)

સ'લબી, ઝમખશરી, સુયુતિ અને બૈદાવીએ નોંધ્યું છે કે **મૌલા અલી(અ.)ના ઘરવાવાળાઓનો પ્રેમ મુસ્લિમ જગત ઉપર વાજિબ કરવા માટે** ઉપરોક્ત આયત નાઝિલ થઈ હતી. વળી નામાંકિત ઈસ્લામી પ્રમાણભૂત વ્યક્તિઓ જેવી કે બુખારી, મુસ્લિમ, એહમદ ઈબ્ને હમ્બલ, અને અન્ય લોકોએ આ બાબતે ઈબ્ને અબ્બાસના હવાલાથી રિવાયતો લખી છે.

આપણા ઉપરોક્ત અનુમાનને સમર્થન આપવાના હેતુથી મને રસૂલ(સ.)ની હદીસ ટાંકવા દો :

- કયામતના દિવસે કોઈ પણ વ્યક્તિ હિસાબ આપવાના સ્થળેથી ખસી નહીં શકે જ્યાં સુધી તેણે આ ચાર બાબતોનો ખુલાસો ન કર્યો હોય; **તેણે પોતાની જિંદગી કેવી રીતે પસાર કરી** અને તેનું ધન કેવી રીતે ખર્ચ્યું અને તે (ધન) તેણે ક્યાંથી મેળવ્યું **અને તેને એહલેબયતની મોહબ્બત વિષે પણ પૂછવામાં આવશે.**

આ હદીસ તબ્રાનીએ ઈબ્ને અબ્બાસથી અને તેમની પાસેથી અલ્લામા સુયુતિ અને નબાહાનીએ તેમની ઈહ્યાઉલ મૈયિતમાં અને અરબાઈનમાં લખેલી છે અને બીજા ઘણા આલિમોએ પણ લખી છે.

→ તાર્કિક રીતે હવે એવું પણ લાગે છે કે **નમાઝ અને સખાવત જેવાં સત્કૃત્યો ઉપરાંત** અલ્લાહ(સુ.વ.ત.) **એહલેબયત પ્રત્યેના આપણા**

**પ્રેમ અને સમર્પણ વિષે પણ આપણને ચોક્કસ પૂછશે.** આ **સિરાતે મુસ્તકીમ - સીધો માર્ગ છે જે તેને જઈને મળે છે** અને જો કોઈ આમાં દોષિત માલુમ પડશે તો તેનાં સત્કૃત્યો તેને કદાચ કંઈ લાભ નહીં પહોંચાડે.

ચાલો હવે આ બાબતમાં નીચેની આયત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ.

- **'માટે તારા તરફ જે વહી કરવામાં આવી છે તેને દ્રઢતાથી વળગી રહે, નિઃસંશય તું સીધા માર્ગ ઉપર છે.'** (સૂરએ ઝુખરૂફ, આયત-૪૩)

જો આપણે ઉપરોક્ત આયત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો લાગે છે કે આ એક ખાસ સંદેશો હતો કે જેને **ચુસ્તરીતે પકડી રાખવાનું** રસૂલ(સ.)ને **કહેવામાં આવ્યું** છે. અહીં જે સંદેશાને ચુસ્ત રીતે વળગી રહેવાનું, પહોંચાડવાનું રસૂલ(સ.)ને કહેવામાં આવ્યું હતું તે **મૌલા અલી(અ.)ની વિલા** હતી. **આ જ સીધો રસ્તો છે** કે જેનો ઉલ્લેખ ઉપરની આયતમાં કરવામાં આવ્યો છે. (સંદર્ભ : મનાકિબ ઈબ્ને મગાઝલી, ફકીઆ, શાફઈ)

એ કારણે તો રસૂલ(સ.)એ મૌલા અલી(અ.) વિષે ફરમાવ્યું છે :

- 'અય અલી ! જેવું નસારાઓ ઈસા(અ.) વિષે માને છે એવું મુસલમાનો તમારા વિષે માનવાનું શરૂ કરી દે એવો ભય જો મને ન હોત તો મેં તમારા વિષે એવું કહ્યું હોત કે જેનાથી મુસલમાનો તમારી પૂજા કરત અને **તમારા પગની ધૂળને પણ પૂજ્ય ગણત** પરંતુ એટલું કહેવું પૂરતું છે કે **તમે મારાથી છો અને હું તમારાથી છું. તમે મારો વારસો સંભાળશો અને હું તમારો વારસો સંભાળીશ. તમે મારા માટે એવા છો જેવા હારૂન(અ.) મૂસા(અ.) માટે હતા. તમે મારાં મૂલ્યો માટે લડશો, કયામતના દિવસે તમે મારી સૌથી નજીક હશો. કૌસરના ઝરણા ઉપર તમે મારી બાજુમાં હશો. તમારી સાથે રાખેલ દુશ્મની મારી સાથે રાખેલ દુશ્મની છે, તમારી સામેની લડાઈ મારી સામેની લડાઈ છે, તમારી સાથેની મૈત્રી મારી સાથેની મૈત્રી છે.** તમારી સાથેનું સમાધાન એ મારી સાથેનું સમાધાન છે. **તમારું ગોશ્ત, મારું ગોશ્ત છે, તમારું લોહી મારું લોહી છે, જે તમારું આજ્ઞાપાલન કરશે તે મારું આજ્ઞાપાલન હશે.** હક તમારી જીભ ઉપર, તમારા દિલમાં અને તમારા મગજમાં છે. તમે મારો દરવાજો છો. **અલ્લાહના હુકમથી હું તમને ખુશખબરી આપું છું કે તમારા દોસ્તોને જન્નતમાં બદલો આપવામાં આવશે અને તમારા દુશ્મનો જહન્નમ માટે નિર્મિત થયેલા છે.** (સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત (મુંબઈ આવૃત્તિ, પેજ-૧૦૭))

અલ્લાહ(સુ.વ.ત.)એ **મૌલા અલી(અ.)ને ઉચ્ચ મરતબો** આપવાનું મંજૂર કરેલ છે અને **જે લોકો મૌલા અલી(અ.) અને આપના ઘરવાળાઓને દોસ્ત રાખે તેમને તેણે જન્નતની ખુશખબરીનું વચન આપેલું છે** અને જન્નતમાં તેમને તેનો બદલો આપવામાં આવશે અને તેમના દુશ્મનોને દોઝખમાં શિક્ષા આપવામાં આવશે. આવી રીતે **એહલેબયતની મોહબ્બત એવી બાબત છે કે જે અલ્લાહ (સુ.વ.ત.) તેના બંદાઓની સફળતા માટે તેમની પાસેથી ઈચ્છે છે.**

જ્યારે આપણે આપણી આજુબાજુ જોઈએ છીએ તો આપણને એવું લાગે છે કે નિયમિત નમાઝ પઢવાથી, ઝકાત અદા કરવાથી, હજ માટે જવાથી અને રોઝા રાખવાથી કોઈ વસ્તુ આપણને જકડી રાખતી નથી. આપણામાંનો દરેક જણ અંતે તો સફળ થવાની અને અલ્લાહના પસંદગીપાત્ર બંદા હોવાની ઈચ્છા રાખે છે. પરંતુ જ્યારે **એહલેબયતના મરતબાને ઓળખવાની અને તેમને**

**ચાહવાની વાત** આવે છે તો આપણે આપણી જાતને પાછળ રાખવાનું વલણ ધરાવીએ છીએ. આવું કેમ થાય છે? જ્યારે **અલ્લાહ(સુ.વ.ત.) અને રસૂલ(સ.)એ આ બાબતમાં આપણને આટલાં બધાં વચન આપ્યાં છે તેમ છતાં આપણે શા માટે આટલો બધો સંકોચ અનુભવીએ છીએ ?**

જવાબ માટે ચાલો પાછા કુરઆન તરફ જ નજર કરીએ.

- **અલ્લાહે ફરમાવ્યું, મારી તરફ આવવાનો આ(એક)જ માર્ગ સીધો છે. ✻ નિઃસંશય (જેઓ) મારા ખાસ બંદા છે તેમના પર તારી કોઈ સત્તા ચાલશે નહીં, સિવાય કે ગુમરાહ થયેલાઓમાંથી જેઓ તારા અનુયાયી થઈ જાય ✻ અને ખચીત જ તેઓ સર્વેના વાયદાની જગ્યા જહન્નમ છે.'**

(સૂરએ હિજ્, આયત-૪૧ થી ૪૩)

ઉપરોક્ત આયત અલ્લાહ(સુ.વ.ત.)એ શયતાનને આપેલો જવાબ છે, જ્યારે તેણે એવું કહ્યું કે **તે માનવજાતને સાચા માર્ગથી ચલિત કરશે.** અલ્લાહ શયતાનને ખાત્રીપૂર્વક જણાવે છે કે જે લોકો સિરાતે મુસ્તકીમ પર ચાલી રહ્યા છે તેઓ સાચા રસ્તાથી ચલિત નહીં થાય અને શયતાનની તેમના ઉપર કોઈ સત્તા ચાલશે નહીં. જ્યારે આપણે આ આયત ઉપર વધારે મનન કરીએ છીએ તો આપણે એવું અનુમાન લગાવી શકીએ છીએ કે આપણને **સિરાતે મુસ્તકીમ સુધી પહોંચવા ન દેવા તે હવે શયતાનની ફરજ છે.** આ રીતે તે સિરાતે મુસ્તકીમ સુધી પહોંચતાં એટલે કે એહલેબયત(અ.)નો પ્રેમ ધરાવવાથી રોકી રાખવા માટે તે પોતાના સંપૂર્ણ સમય સુધી કાર્ય કર્યે જ જાય છે.

હું મારો લેખ પૂર્ણ કરું તે પહેલાં મને એક પ્રખ્યાત કવ્વાલીની પંક્તિઓને ટાંકવા દો.

**બસદ તલાશ ન કુછ વુસ્અત નઝરસે મિલા,**
**નિશાને મંઝિલે મકસૂદ રાહબરસે મિલા,**
**અલી મિલે તો મિલે ખાન-એ-ખુદા સે હમેં,**
**ખુદાકો ઢુંઢા તો વો ભી અલીકે ઘરસે મિલા.**

→ આપણે બધા એવા ખુશનસીબ માણસો છીએ કે જેઓ એહલેબયતના મરતબાને અને તેમના મહત્વને સમજીએ છીએ અને તેમને ખૂબ ચાહીએ છીએ. આ પ્રેમ એવું મહાન સન્માન છે કે જે અલ્લાહ(સુ.વ.ત.)એ આપણને અર્પણ કરેલ છે. તો ચાલો આપણે તેના સમક્ષ આવી દુઆ માગીએ:

'અય અમારા માલિક ! અમને બધાને સિરાતે મુસ્તકીમ ઉપર અડીખમ જ રાખજે અને અમને બધાને શયતાનને હંફાવવાની પર્યાપ્ત શક્તિ પ્રદાન કરજે અને આલોક અને પરલોકમાં તારી અસીમ કૃપા, દયા અને રહેમત અમારા ઉપર નાઝિલ કરજે, આમીન. ✻


## રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## ગર્ભાવસ્થા

(ગતાકનું ચાલુ)

**થાક લાગવો / મૂડ બદલાઈ જવો :**

ગર્ભાવસ્થા દરમિયાન ૮/૧૦ કલાક ઊંઘ લેવી જોઈએ. જો રાત્રે ઊંઘ ન આવતી હોય તો બપોરે સૂવાનું ટાળવું જોઈએ. ઘણા સંજોગોમાં થાક એ એનિમિયાનું કારણ પણ હોઈ શકે કે જે વિષે આપણે અગાઉ નોંધ લીધેલ છે.

ગર્ભાવસ્થા દરમિયાન મૂડમાં બદલાવ આવવો એ સામાન્ય બાબત છે અને સ્ત્રીએ ખુશનુમા વાતાવરણમાં રહેવું જોઈએ. કદાચ આ માટે પ્રથમ પ્રસૂતિ પોતાના સ્વજનો માતા/બહેન સાથે રહે તે હેતુથી પિયરમાં કરાવવાનો રિવાજ પડ્યો હોય તે સંભવિત છે.

**ઉબકા આવવા અથવા ઉલ્ટી થવી :**

ગર્ભાવસ્થા દરમિયાન આંતરડાંની તથા જઠરની કાર્યશક્તિ ઘટતી હોય છે અને પાચનતંત્ર નબળુ પડતું હોય છે. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન હોર્મોન્સમાં થયેલો અચાનક ઘટાડો ઉબકા તથા ઉલ્ટી માટેનાં જવાબદાર પરિબળો ગણી શકાય.

આવા સમયે બે ત્રણ વાર પેટ ભરીને જમવા કરતાં ચાર પાંચ વખત થોડું થોડું ખાવું હિતાવહ છે. ઉપરાંત લીબું ચૂસવું, ખાટી-મીઠી પીપરમીન્ટ ખાવી, વરિયાળી, હર્બલ ચા (તુલસીનાં પાન અને ફુદીનાનાં પાન, દૂધ અને ખાંડ વગરની ચાહ) પીવી જે ઉબકામાં રાહત આપશે. તીવ્ર વાસ લેવાનું ટાળવું જોઈએ. જમવાનું જો અન્ય બનાવનાર હોય તો તેને સોંપવું અને ચિંતા કરવાનું ઓછું કરવું કારણ કે ચિંતા પણ ઉલ્ટી ઉબકા માટેનું એક પરિબળ હોઈ શકે. જો ગર્ભાવસ્થા દરમિયાન વધુ પ્રમાણમાં ઝાડા થાય તો ડૉક્ટરની સલાહ લેવી. પરંતુ સામાન્ય ઝાડા થાય તો નીચે મુજબ ઉપચાર કરવો.

કાળી ચા અને બરાબર પાકી ગયેલું કેળું લેવું. કેળાને છુંદીને વાસણમાં લઈ તેની પર કાળી ચા રેડવી અને પીતા પહેલાં ચા ઠંડી થવા દેવી.

**ડાયબીટિઝ :**

આજે ડાયબીટિઝ રાજરોગ મટીને સામાન્ય રોગ બની ગયો છે. એટલે આ બાબતે વિચાર કરી લઈએ.

ઘણી સ્ત્રીઓ ગર્ભાવસ્થાથી પહેલાં ડાયબીટિઝ ધરાવતી હોય છે અને અમુક સ્ત્રીને ગર્ભધારણ-વસ્થામાં આ બીમારી લાગુ પડતી હોય છે. ગર્ભાવસ્થામાં લાગુ પડતો ડાયબીટિઝ સામાન્ય રીતે છેલ્લા ત્રણ માસમાં થાય છે એટલે ગર્ભધારક સ્ત્રીએ ૬ થી ૯ મહિના દરમિયાન સુગર ચેક કરાવી લેવું જોઈએ. પરંતુ શરૂઆતમાં સુગર વધુ જણાય તો કદાચ આ રોગ અગાઉથી લાગુ હશે તેમ કહી શકાય.

ગર્ભાવસ્થા દરમિયાન થયેલ ડાયબીટિઝને ગેસ્ટાશનલ પ્રકાર કહેવામાં આવે છે જે પ્રસૂતિ પછી સામાન્ય થઈ જાય છે અને બીજી વખત ગર્ભાવસ્થામાં ફરી થતો હોય છે. જે સ્ત્રીને ગર્ભાવસ્થા અગાઉથી આ રોગ થયેલ હોય તો સુગરનું લેવલ ઊંચું રહે છે જેનું શરીરમાં રહેલ બાળક શોષણ કરતું હોય આવી સ્ત્રીઓને ડૉક્ટરો મર્યાદિત પ્રમાણમાં મીઠી વસ્તુઓની ભલામણ કરતા હોય છે.

આપણા શરીરમાં ડાયબીટિઝનો આધાર આપણા કૌટુંબિક ડાયબીટિક ઈતિહાસ પર આધારિત હોય છે. એટલે કે આ વારસાગત રોગ છે. (મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### ઉપદેશ, માન્યતા અને ચારિત્ર્ય જાફરી સંસ્કારોના પ્રકાશમાં

(ગતાંકનું ચાલુ)

પરંતુ આ કેનેડીયન સમાજશાસ્ત્રીના કહેવા પ્રમાણે માણસ શરૂઆતમાં બન્ને હાથ અને બન્ને પગ વડે ચાલતો હતો અને બન્ને પગ વડે ઝાડ ઉપર ચઢતો હતો અને બધાં કાર્યોને બન્ને હાથથી કરતો હતો માટે તેના મગજના બન્ને ભાગ કાર્યરત હતા જેના પરિણામ સ્વરૂપ માણસની બુધ્ધિમાં એટલો બધો વધારો થયો કે તેણે પોતાની જાતને પશુતામાંથી બહાર કાઢીને સભ્યતા સુધી પહોંચાડી દીધી. ગમે તેમ પણ પશુતાના એ તબક્કામાં જ્યારે માણસ ઘાસ ઉપર ચાર પગ વડે ચાલતો હતો ત્યારે આજના માણસ કરતાં તે વ્યવહારની દૃષ્ટિએ ચઢિયાતો હતો. એટલા માટે કે ન તો તે જૂઠ્ઠુ બોલી શકતો હતો કે ન તો પોતાના અંતરની વાતો છુપાવી શકતો હતો. પરંતુ હવે તે બધા વ્યવહારિક સિધ્ધાંતો રહ્યા નથી અને કોઈ તેમના ઉપર અમલ કરતો નથી.

આજના જમાનામાં જોવા મળે છે કે કોઈ સમાજ જેટલો સભ્યતાની દૃષ્ટિએ પછાત હશે તેટલું જ તેની અંદર જૂઠ્ઠાણાનું, આડંબરનું અને ઢોંગનું પ્રમાણ ઓછું હશે. તે કોમ આજે પણ અર્ધપાશવી છે કે જે ન્યુગીનીના મધ્યમાં અને સમુદ્રના કેટલાક ટાપુઓમાં જીવન વ્યતીત કરી રહી છે. તે કોમના લોકો જૂઠ્ઠું બોલતા નથી અને અન્ય લોકોની સરખામણીમાં આડંબર પણ કરતા નથી.

મધ્ય આફ્રિકાના શ્યામવર્ણા લોકો પણ ઓગણીસમી સદીના બીજા દાયકા સુધી જૂઠ્ઠુ બોલતા જ ન હતા એટલે કે જૂઠ્ઠું બોલી શકતા જ ન હતા. જે બાબત આ હકીકતને સાબિત કરે છે તે ડૉ.લાયોનિક સ્ટોનના સ્મૃતિગ્રંથો (memoirs) છે કે જેણે નાઈલ નદીના સ્ત્રોતને શોધ્યા. અને અમારા જાણવા મુજબ નાઈલ નદીના સ્ત્રોતને શોધી લીધા પછી તેણે ફક્ત નકશા અને પોતાના નિબંધો જ Royal Geographic Union of Englandને મોકલ્યા અને પોતે આફ્રિકાના મધ્ય ભાગમાંથી બહાર આવ્યો જ નહીં અને જેવી રીતે તે સમય-ગાળામાં ડૉ.શુઈટઝરે પોતાનું જીવન શ્યામવર્ણા લોકોની સેવામાં સમર્પિત કરી દીધું તેવી જ રીતે ડૉ.લાયોનિક સ્ટોને પણ પોતાનું આયુષ્ય શ્યામવર્ણા લોકોની સેવામાં વકફ કરી દીધું. તેનો એક આશય એ પણ હતો કે ગુલામોની લે વેચ કરનારા વેપારીઓ કે જેઓ આફ્રિકાના અરબ હતા તે લોકો શ્યામવર્ણા લોકોને મધ્ય આફ્રિકામાંથી બંધક બનાવીને કોઈ અન્ય જગ્યાએ વેચી ન નાખે તેવું ઈચ્છતો હતો.

ડૉ.લાયોનિક સ્ટોનના વિરોધીઓ અને અંગ્રેજોએ કહ્યું કે નાઈલ નદીના સ્ત્રોતને શોધનારાએ તે સ્થળોએ ઈંગ્લેન્ડના ઝંડા ઊભા કર્યા. તેનો હેતુ તે શ્યામવર્ણા લોકોને સુરક્ષા પૂરી પાડવા માટેનો ન હતો પરંતુ તેનો આશય આફ્રિકા ખંડના મધ્ય ભાગને ઈંગ્લેન્ડના હવાલે કરવાનો હતો. ત્યાર

પછી ઈંગ્લેન્ડે ટાંગાનિકાને સરકારી સ્તરે પોતાના કબજામાં લઈને તેને બ્રિટનની કૉલોની હોવાની ઘોષણા કરી.

નાઈલ નદીના સ્ત્રોતને શોધનારા વિષે વાત કરવા પાછળનો અમારો એક અન્ય પણ આશય છે અને તે એ કે તેણે શ્યામવર્ણા લોકોને કહ્યું હતું કે જ્યાં પણ તેઓ ગુલામોની લે-વેચ કરનારા વેપારીઓના હાથે ચઢી જાય અને તે લોકો એમને બંધક બનાવવાનું વિચારે તે સમયે જો શ્યામવર્ણા લોકો ડૉ.લાયોનિક સ્ટોનની મદદ મેળવી ન શકતા હોય તો વેપારીઓને એટલું કહે કે તેઓ ઈંગ્લેન્ડના રહેવાસી છે. આવી રીતે વેપારીઓ તેમને બંધક બનાવવાની હિંમત કરી શકશે નહીં. આમ છતાંય આ શ્યામવર્ણા લોકો આવી રીતે જૂઠ્ઠુ બોલી શકતા ન હતા.

ડૉ.લાયોનિક સ્ટોને પોતાની ડાયરીમાં લખ્યું છે કે ટાંગાનિકાનો કોઈ શ્યામવર્ણો માણસ કદીય જૂઠ્ઠુ બોલી શકતો નથી ભલેને પછી તેનો જીવ બચાવવા ખાતર જ કેમ ન બોલવાનું હોય. જો કોઈ શ્યામવર્ણા માણસને હાથીના બે દાંત આપવામાં આવે (કે જે મધ્ય આફ્રિકાની કિંમતી વસ્તુઓમાંથી ગણાય છે) તો પણ તે જૂઠ્ઠુ બોલવા માટે નહીં પ્રેરાય. આ વિસ્તારના શ્યામવર્ણા લોકોની નજરમાં જૂઠ્ઠુ બોલવું એક એવી અશક્ય બાબત છે કે જેને તેઓ ક્યારેય કરી શકતા નથી.

અમે ન્યૂયોર્કના હેરલ્ડ ટ્રિબ્યુનનો રિપોર્ટર (કે જે પોતે પણ નાઈલ નદીના સ્ત્રોતને શોધવા માટે આફ્રિકા ગયો હતો) તેની ડાયરીમાં જોઈએ છીએ કે તે લખે છે કે જ્યારે આફ્રિકાના શ્યામવર્ણા લોકો (કે જેઓ મધ્ય આફ્રિકામાં પાશવી જીવન ગાળે છે ન તે લોકો કે જેઓ આફ્રિકાના કાંઠા પર સભ્ય વસ્તીઓમાં જીવન ગાળે છે) ઉપર જીવનો ખતરો હોય ત્યારે પણ તે લોકો જૂઠ્ઠુ બોલી શકતા ન હતા.

જે લોકો નાઈલ નદીના સ્ત્રોતની શોધના ઈતિહાસથી વાકેફ છે તે લોકો એ વાત પણ જાણે છે કે અંગ્રેજ ડૉ.લાયોનિક સ્ટોન જ્યારે ઓગણીસમી સદીનાં બીજાં પચાસ વર્ષો દરમિયાન નાઈલ નદીના સ્ત્રોત શોધવા માટે મધ્ય આફ્રિકા ગયો તો તેણે દસ વર્ષ સુધી બહારની દુનિયા સુધી કોઈ પણ સમાચાર મોકલ્યા નહીં. દૈનિક અખબાર ન્યૂયોર્ક હેરલ્ડ ટ્રિબ્યુનના પ્રકાશકે એક કાબેલ રિપોર્ટર સ્ટેનલીને ડૉ.લાયોનિક સ્ટોનને શોધવા માટે આફ્રિકા મોકલ્યો કે જેથી જાણી શકાય કે તે મરી ચૂક્યો છે કે જીવિત છે. જ્યારે આ રિપોર્ટર મધ્ય આફ્રિકામાં પહોંચ્યો તો તેણે નાઈલ નદીના સ્ત્રોતને શોધનારા માણસને શોધી કાઢ્યો. આ રિપોર્ટરે બે વાર આફ્રિકાની મુસાફરી કરી હતી. એક વાર નાઈલ નદીના સ્ત્રોતના શોધકને શોધવા માટે અને બીજી વાર ત્યાંની ભૂગોળની જાણકારી મેળવવા માટે. બીજી વખતે તે એક જળધોધને શોધવામાં સફળ થયો કે જેનું નામ વિક્ટોરીયા છે અને તે નાઈજીરીયાની નદી ઉપર આવેલો છે.

બીજી મુસાફરી દરમિયાન સ્ટેનલી પોતાના કાફલાનો કાઝી પણ હતો અને ચુકાદા પણ આપતો હતો. તેણે એક શ્યામવર્ણા માણસને કતલ કરવાના અપરાધમાં અને બીજા લોકોને ધમકી આપવાના અપરાધમાં ફાંસીની સજા કરી. તેણે છેલ્લા સમયે શ્યામવર્ણા માણસને કહ્યું કે જો તમે વાયદો કરતા હો કે આજ પછી તમારા મિત્રોને દુઃખ નહીં પહોંચાડો તો હું તમને ફાંસીની સજા નહીં આપું. પરંતુ તે શ્યામવર્ણા માણસે કહ્યું કે જો તે જીવતો રહેશે તો તેના મિત્રોને જરૂર કતલ કરશે. આ માણસ કે જે પોતાના મિત્રોને કતલ કરવાની ઈચ્છા ધરાવતો હતો તે જો જૂઠ્ઠુ બોલી દેત અને એવું કહી દેત કે મેં પોતાની ઈચ્છા ત્યજી દીધી છે તો તે જીવતો રહી શકત પરંતુ તે જૂઠ્ઠુ બોલી શક્યો નહીં.

આફ્રિકાના આ જ શ્યામવર્ણા કબીલાવાસીઓ કે જેઓ ડૉ.લાયોનિક સ્ટોન અને રિપોર્ટર સ્ટેનલીના મત પ્રમાણે જૂઠ્ઠુ બોલી શકતા ન હતા તેઓ આજે જ્યારે સભ્યતાના જમાનામાં દાખલ થઈ ચૂક્યા છે ત્યારે તેમણે જૂઠ્ઠુ બોલવાનું શરૂ કરી દીધું છે.

ઈમામ જાફર સાદિક(અ.)ને જૂઠાણા અને આડંબર પ્રત્યે ઘણી નફરત હતી. આપ કહેતા હતા કે માણસની કહેણી અને કરણીમાં વિરોધાભાસ હોવો જોઈએ નહીં અને દરેકનો અકીદો તેના વિચારોનું પ્રતિબિંબ હોવું જોઈએ. એટલે કે જે કંઈ માણસના બાતિનમાં હોય તે જ તેના જાહેરમાં હોવું જોઈએ. ઈમામ જાફર સાદિક(અ.) આડંબર અને દેખાવથી નફરત કરતા હતા અને તેને કોઈ પણ સ્વરૂપમાં સ્વીકારતા ન હતા. આપ પોતે ન તો દેખાવ કરવામાં માનતા હતા કે ન પોતાના અકીદાને છુપાવવામાં માનતા હતા. માટે આપે પોતાના અકીદા ઉપર પોતાની જાન કુરબાન કરી દીધી.

## ઈલ્મ અને ફિલોસોફીની સમજૂતી

હવે અમે અદભૂત ઈલ્મી વ્યક્તિત્વના માલિક એવા ઈમામ જાફર સાદિક(અ.)ના શાનદાર દૃષ્ટિકોણમાંથી એક દૃષ્ટિકોણનું વર્ણન કરીએ છીએ અને તે છે હિકમત (બુધ્ધિમત્તા) અને ઈલ્મ (જ્ઞાન) વચ્ચેના તફાવતનો આપનો દૃષ્ટિકોણ. ઈમામ જાફર સાદિક(અ.) પેશવા, આલિમ, ફિલોસૉફર, હકીમ અને અદીબ(સાહિત્યકાર) પણ હતા. અમે પહેલાં વર્ણન કરી ચૂક્યા છીએ તેમ આપ આ ચારેય વિષયોને પોતાના મદ્રેસામાં ભણાવતા હતા. આપે હિકમત અને ઈલ્મ વચ્ચેના તફાવતનો એક એવો દૃષ્ટિકોણ પ્રસ્તુત કર્યો છે કે ૧૨૫૦ વર્ષ વીતી ગયાં તે પછી અને હજારો ફિલોસૉફરોના દુનિયામાં આવ્યા પછી પણ તે દૃષ્ટિકોણ એટલો જ આકર્ષક છે. ઈમામ જાફર સાદિક(અ.) પહેલા એવા માણસ છે કે જેમણે હિકમત અને ઈલ્મના તફાવતની સ્પષ્ટતા કરી હોય. આપના પહેલાં કોઈએ પણ આ તરફ ધ્યાન આપ્યું ન હતું. જૂના જમાનાના યુનાની ફિલોસૉફરોના મત પ્રમાણે જે વસ્તુને જાણી લેવામાં આવતી હતી તેને ફિલોસૉફીમાં ગણી લેવામાં આવતી હતી.

અમે જાણીએ છીએ તેમ ઈસ્કંદરીયાની યુનિવર્સિટી કે જે જૂના જમાનાની દુનિયાની મહાન યુનિવર્સિટીમાંની એક હતી ત્યાં પણ ફિલોસૉફી અને ઈલ્મ વચ્ચેના કોઈ તફાવતની વાત કરવામાં આવી ન હતી. એટલે કે બધા પ્રકારનાં ઈલ્મોને હિકમતમાં ગણી લેવામાં આવતાં હતાં એટલે સુધી કે ઔષધશાસ્ત્ર પણ હિકમતનો એક ભાગ હતો.

જૂના જમાનાના ફિલોસૉફરોના મત પ્રમાણે ફિલોસૉફી એક એવો સ્રોત હતો કે જેમાંથી ઈલ્મનાં ઝરણાં નીકળતાં હતાં અને ફિલોસૉફીને **ઈલ્મુલ ઉલૂમ** (ઈલ્મોનું પણ ઈલ્મ) ગણવામાં આવતી હતી. જે માણસ ફિલોસૉફીમાં નિષ્ણાત હોય તે બધા જ ઈલ્મોમાં પણ નિષ્ણાત હોય. પરંતુ જો કોઈ માણસ ફક્ત ઔષધશાસ્ત્ર જાણતો હોય તો તે એવો દાવો ન કરી શકે કે તે ફિલોસૉફી પણ જાણે છે.

એક ફ્રેન્ચ ફિલોસૉફર જૉં દુ લા-ક્રવા (Jean de la Croix) કે જે હજી જીવિત છે તેના મત પ્રમાણે જૂના જમાનાના યુનાનમાં શરૂ શરૂમાં અદબ(સાહિત્ય) અને હુન્નર(કલા)ને પણ ફિલોસૉફીના વિભાગો ગણવામાં આવતા હતા. યુનાનીઓ એવું માનતા હતા કે શાયરી, સંગીત, શિલ્પકલા અને સાહિત્ય પણ ફિલોસૉફીમાંથી નીકળે છે. પરંતુ ત્યાર પછી યુનાનીઓએ અદબ અને હુન્નરને ફિલોસૉફીથી અલગ કરી દીધાં. તેઓ એવું માનતા હતા કે બધી જાતનાં ઈલ્મ ફિલોસૉફીમાંથી નીકળ્યાં છે માટે તેની દૃષ્ટિએ ઈલ્મને હિકમતથી જુદું પાડવાની કોઈ જરૂર ન હતી. આ માન્યતા એ સમય સુધી અડગ રહી કે જ્યાં સુધી ઈમામ જાફર સાદિક(અ.)એ ઈલ્મ અને હિકમત વચ્ચેના તફાવત લોકોને બતાવી ન દીધા.(ક્રમશઃ)



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ جُنبشِ لب

## નઝમ ૨૦

### બહુઝૂર હઝરત ઈમામ હસન અસ્કરી(અ.)

خاصۂ ربِّ العلا، یا حسنِ عسکریؑ
**ખાસ એ રબ્બુલ ઉલા યા હસને અસ્કરી(અ.),**
کس سے ہو تیری ثنا، یا حسنِ عسکریؑ
**કિસસે હો તેરી સના, યા હસને અસ્કરી(અ.).**

(અય ઈમામ હસન અસ્કરી(અ.) ! આપ તો ઊંચેરા પાલનહારના પસંગીપાત્ર છો. અય ઈમામ હસન અસ્કરી(અ.) ! આપની (પૂરેપૂરી) પ્રશંસા તો કોના દ્વારા થઈ શકે તેમ છે ?)

نقشِ قدم ہے ترا، خضرِ رہِ اہلِ دیں
**નકશે કદમ હૈ તેરા ખિઝ્રે રહે એહલે દીં,**
سالکِ راہِ رضا، یا حسنِ عسکریؑ
**સાલિકે રાહે રઝા, યા હસને અસ્કરી(અ.).**

(આપનાં પદ્‌ચિહ્નો દીનના લોકો માટે માર્ગદર્શનરૂપ છે. અય ઈમામ હસન અસ્કરી(અ.) ! આપ તો (અલ્લાહની) પ્રસન્નતાના માર્ગના પથિક છો.)

مشعلِ راہِ یقیں، نورِ دلِ مومنیں
**મશ્અલે રાહે યકીં નૂરે દિલે મોમિનીં,**
نیّرِ چرخِ ھدیٰ، یا حسنِ عسکریؑ
**નય્યરે ચર્ખે હુદા, યા હસને અસ્કરી(અ.).**

(અય ઈમામ હસન અસ્કરી(અ.) ! આપ યકીન (વિશ્વાસ)ના માર્ગની મશાલ છો. મોમિનોના દિલનું નૂર છો અને હિદાયતરૂપી આકાશના સૂર્ય છો.)

اے شہِ گردوں مقام، خسروِ عرش احتشام
**અય શહે ગર્દૂં મકામ, ખુસરવે અર્શ એહતેશામ,**
مالکِ ہر دو سرا، یا حسنِ عسکریؑ
**માલિકે હર દો સરા, યા હસને અસ્કરી(અ.).**

(અય આકાશમાં રહેવાવાળા ! અય શાનો શૌકતવાળા સિંહાસનના સ્વરૂપવાન(સ્વામી) ! અય ઈમામ હસન અસ્કરી(અ.) ! આપ તો બન્ને જગત આલોક અને પરલોકના માલિક છો.)

تو ہے مسمّی حسن، تو ہے امامِ زمن
**તૂ હૈ મુસમ્મી હસન, તૂ હૈ ઈમામે ઝમન,**
ابن شہِ لافتیٰ، یا حسنِ عسکریؑ
**ઈબ્ને શહે લાફતા, યા હસને અસ્કરી(અ.).**

(આપ હસન નામ ધરાવનારા છો. આપ જમાનાના ઈમામ છો. અય ઈમામ હસન અસ્કરી(અ.) આપ શૂરવીરોના શહેનશાહ (હઝરત અલી(અ.))ના ફરઝંદ છો.)

حور و ملک جن و انس سب کا ہے تو رہنما **હૂરો મલક જિન્નો ઈન્સ, સબકા હૈ તૂ રહેનુમા,**
سب کا ہے تو پیشوا، یا حسنِ عسکریؑ **સબકા હૈ તૂ પેશવા, યા હસને અસ્કરી(અ.).**

(સ્વર્ગની અપ્સરાઓ, ફરિશ્તાઓ, જિન્નાતો અને મનુષ્યો બધાયના આપ માર્ગદર્શક છો. અય ઈમામ હસન અસ્કરી(અ.) ! આપ તો બધાયના પેશવા છો.)

شاہِ نجف کے خلف، دونوں جہاں کے شرف **શાહે નજફકે ખલક, દોનોં જહાં કે શરફ,**
سب ترے در کے گدا، یا حسنِ عسکریؑ **સબ તેરે દરકે ગદા, યા હસને અસ્કરી(અ.).**

(અય હઝરત ઈમામ હસન અસ્કરી(અ.) ! આપ નજફના નરેશ(હઝરત અલી(અ.))ના સંતાન છો. બન્ને જગતમાં આપની પ્રતિષ્ઠા છે. બધા જ લોકો આપના દ્વારના ભિક્ષુકો છે.)

حاملِ اُم الکتاب، ابنِ شہِ بوتراب **હામિલે ઉમ્મુલ કિતાબ, ઈબ્ને શહે બુતુરાબ,**
حافظِ دینِ خدا، یا حسنِ عسکریؑ **હાફિઝે દીને ખુદા, યા હસન અસ્કરી(અ.).**

(ઉમ્મુલ કિતાબ (સૂરએ ફાતેહા)નો બોજો ઉઠાવવાવાળા, માટીના બાપ (હઝરત અલી(અ.))ના ફરઝંદ, અય હસન અસ્કરી(અ.) ! આપ અલ્લાહના દીનના રક્ષક છો.)

میں ہوں ظہیرِ حزیں بندہ ترا شاہِ دیں **મૈં હૂં 'ઝહીરે' હઝીં બંદા તેરા શાહે દીં,**
ایک نظر ہو شہا، یا حسنِ عسکریؑ **ઈક નઝર હો શહા, યા હસને અસ્કરી(અ.).**

(હું વ્યથિત (દુઃખી) 'ઝહીર' છું. અય દીનના બાદશાહ હું આપનો દાસ છું. અય ઈમામ હસન અસ્કરી(અ.)! અય શાહ ! મારા ઉપર એક (કૃપાની) નજર કરી દેજો.) *


## ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ, હૈદરપુરા

**(અંગ્રેજી માધ્યમ)**

**જોઈએ છે.**

| નં. | વિગત | જરૂરિયાત | લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય (મહિલા) | ૧ | B.A. B.Ed. (Eng.) P.T.C. (Eng.) | ૨ થી ૩ વર્ષ |
| ૨ | શિક્ષક / શિક્ષિકા | ૪ | P.T.C. B.A. B.Ed. B.Com. B.Ed. | અનુભવી / બિન અનુભવી |

**નોંધ : રહેવા માટેની સગવડ તેમજ આકર્ષક પગાર આપવામાં આવશે.**

**નીચેના સરનામે સંપૂર્ણ બાયો ડેટા મોકલવો**

પ્રમુખ શ્રી, ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ-હૈદરપુરા, મુ.પો. હૈદરપુરા,
તા. પાટણ, જિ. પાટણ, પીન-૩૮૪ ૨૮૫, સંપર્ક : ૯૯૭૯૩૩૫૦૯૪
Email : abidalisahyog@gmail.com





ભાગ-3

## બોધ વચનો અને ઉપદેશો

હઝ્રત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)

**(૩૩૧) ઈંટનો જવાબ ઈંટ :**

પરવરદિગારે સમજદાર માટે ઈતાઅતનો એ મોકો શ્રેષ્ઠ નક્કી કર્યો છે જ્યારે આળસુ લોકો આળસમાં પડી જાય છે. (ઉદા. : નમાઝે શબ)

**(૩૩૨) બાદશાહની હેસીયત :**

બાદશાહ જમીન ઉપર અલ્લાહનો ચોકીદાર છે.

**(૩૩૩) મોમિનોના ગુણો :**

મોમિનોના મુખારવિંદ પર આનંદ હોય છે અને દિલમાં ગમ અને ગ્લાનિ. તેની છાતી વિશાળ હોય છે અને નમ્ર ઊંચાઈને પસંદ નથી કરતો અને ખ્યાતિનો તિરસ્કાર કરે છે. તેનો ગમ લાંબો હોય છે અને હિંમત મોટી હોય છે. ચૂપકીદી વધારે હોય છે અને સમય પ્રવૃત્તિમય હોય છે. તે શુક્ર કરવાવાળો, સબ્ર કરવાવાળો, ચિંતનમાં ડૂબેલો, હાથ લાંબો કરવામાં કંજૂસ, સારા સ્વભાવ અને નરમ મિજાજનો હોય છે, તેનું મન પથ્થરથી વધારે સખત હોય છે અને ગુલામથી પણ વધારે વિનમ્ર હોય છે.

**(૩૩૪) આશાઓનો ધોકો :**

જો ખુદાનો બંદો મોત અને પોતાના અંજામને જોઈ લે તો આશાવંત તેના ફરેબથી નફરત કરવા લાગે.

**(૩૩૫) બે ભાગીદાર :**

દરેક શખ્સના પોતાના માલમાં બે પ્રકારના ભાગીદાર હોય છે. એક વારિસ અને એક સ્થાવર તેમજ જંગમ મિલકતો.

**(૩૩૬) વચનપાલન :**

જેનાથી માગવામાં આવે છે તે ત્યાં સુધી સ્વતંત્ર છે કે જ્યાં સુધી વાયદો ન કરી લે.

**(૩૩૭) બેઅમલની દુઆ :**

વિના અમલ બીજાને દાવત આપનાર એવો હોય છે કે જેવો કામઠા વગર તીર ચલાવનાર.

**(૩૩૮) ઈલ્મના બે પ્રકાર :**

ઈલ્મના બે પ્રકાર છે એક એ છે કે જે સ્વભાવમાં ઉતરી જાય છે અને એક એ હોય છે કે જે માત્ર સાંભળી લેવામાં આવે છે અને સાંભળેલું ત્યાં સુધી કામ નથી આવતું જ્યાં સુધી સ્વભાવનું અંગ ન બની જાય.

**(૩૩૯) રાયનું ઠીક હોવું :**

રાયની દુરસ્તી ધનની અઢળકતા સાથે જોડાયેલી હોય છે. તેની સાથે આવે છે અને તેની સાથે ચાલી જાય છે. (પણ ધન એમ જ નથી મળતું તેના માટે પણ ખરા અભિપ્રાયની જરૂર છે.)

**(૩૪૦) પાક દામની અને શુક્ર :**

સુશીલતા ફકીરીની શોભા છે અને શુક્ર માલદારીની શોભા છે.

**(૩૪૧) જાલિમ અને મઝલૂમ :**

મઝલૂમના હકમાં જુલ્મના દિવસથી વધારે કઠણ જાલિમના હકમાં ઈન્સાફનો દિવસ હોય છે.

**(૩૪૨) મોટી શ્રીમંતાઈ :**

લોકોના હાથની દોલતથી નિરાશ થઈ જવું જ શ્રેષ્ઠ શ્રીમંતાઈ છે. (કે ઈન્સાન માત્ર ખુદાનું ધ્યાન ધરે.)

**(૩૪૩) અમુક લોકોની સ્થિતિ :**

વાતો બધી સલામત રહે છે અને દિલોના ભેદોની પરીક્ષા થનારી છે દરેક જણ પોતાના આમાલના હાથે ગીરવી છે અને લોકોના શરીરમાં અશક્તિ અને અકલમાં કમજોરી આવનારી છે પણ એક અલ્લાહ જ બચાવી લે. તેઓમાંના સવાલ કરનાર મુંઝવનારા છે અને જવાબ દેનારા નકામી મહેનત કરે છે. નજીક છે કે તેઓમાંના શ્રેષ્ઠ અભિપ્રાયવાળા પણ માત્ર રાજી કરવા અથવા ગઝબના ખ્યાલથી પોતાની રાયથી ફેરવી નાખવામાં આવે અને જે અત્યંત મજબૂત અકલ અને ઈરાદાવાળો છે તેને પણ એક નજર પ્રભાવિત કરી દે અથવા એક કથન તેમાં ક્રાંતિ સર્જી દે.

**(૩૪૪) દુનિયા અને આખેરતની ખોટ :**

અય લોકો ! અલ્લાહથી ડરો કેમકે ઘણા આશાવાદીઓ છે કે જેમની આશાઓ પૂરી નથી થતી અને કેટલાય ઘર બનાવવાવાળા છે કે જેમને ઘરમાં રહેવાનું ભાગ્ય નથી મળતું. કેટલાય ધન સંગ્રહ કરનારા છે કે જેઓ માલ છોડીને ચાલ્યા જાય છે અને ઘણું સંભવિત છે કે ખોટી રીતે સંગ્રહ કરેલ હોય અથવા કોઈના હકનો ઈન્કાર કરી દીધો હોય અથવા હરામ માર્ગે મેળવેલ હોય અને ગુનાહોનો ભાર ઊંચકી લીધો હોય. - તો તેનો વબાલ લઈ પાછા ફરે અને એ સ્થિતિમાં ખુદાની સમીપ હાજર થઈ જાય કે જ્યાં માત્ર રંજ અને પસ્તાવો હોય અને દુનિયા તથા આખેરત બન્નેનો ઘાટો (નુકસાન) હોય કે જે હકીકતમાં ઉઘાડું નુકસાન છે.

**(૩૪૫) ગુનાહોથી મજબૂરી :**

ગુનાહો સુધી ન પહોંચવું પણ એક જાતની પાક દામની છે.

**(૩૪૬) આબરૂનો સોદો :**


તમારી આબરૂ સલામત છે અને માગવું તેને મીટાવી દે છે એટલે જોતા રહો કે કોની સામે હાથ લંબાવો છો અને આબરૂનો સોદો કરો છો. *




૭૮૬ / ૧૧૦

**જાફરી મશાયખી ટૂર**

**હજ-ઉમ્રહ-ઝિયારત**



**હજ-ઉમ્રહ-ઝિયારત, મોહર્રમ-આશુરા તથા ચહેલૂમ ઝિયારતની ટૂરનું આયોજન કરેલ છે. પહેલાં આ ટૂર મુશાહિદબાવાની ભલી દુઆથી અને આપે આ ટૂરનું નામ જાફરી મશાયખી ટૂર આપેલ હતું. આ ટૂરે અગાઉ ૬ વર્ષ સુધી સેવા આપેલ છે. આ ટૂર અગાઉ ૨૦૦૪ પહેલાં ચાલુ કરેલ હતી પરંતુ સંજોગોવસાત ન જવાથી હવે આ ટૂર કાયમ માટે ચાલુ કરેલ છે. ટૂર તા.૮-૬-૨૦૧૧ના રોજ રવાના થશે. ૧૩મી રજબ હઝરત અલી(અ.)ના જન્મ દિવસે કા'બામાં, શાબાન મહિનામાં હઝરત ઈમામ હુસૈન(અ.)ના જન્મ દિવસ કરબલામાં થશે. આ ટૂરનું ટોટલ ખર્ચ ૮૫ થી ૮૬ હજાર રાખવામાં આવેલ છે તથા ઝવ્વારોની સમજુતી હશે તો રસોઈયાનો પગાર, ગાઈડ ચાર્જ રાખવામાં આવશે એટલે એક ઝવ્વાર દીઠ રૂા.૫૦૦૦નો ફાયદો થશે. આ ઉપરાંત પાછળથી કોઈ ખર્ચ લેવામાં આવશે નહીં. કુલ ૪૧ થી ૪૫ દિવસની ટૂર રહેશે. વીઝા એમીગ્રેશન બાદ ટીકીટ અને નક્કી કરેલ રકમ ભરવાની રહેશે. એડવાન્સ પૈસા લેવામાં આવશે નહીં. ઉચ્છુક મોમિન ભાઈ-બહેનોને જોડાવાની અપીલ કરવામાં આવે છે તથા નીચેના નંબર્સ પર સંપર્ક કરવો.**

**ગુલામઅલી ક. સિધ્ધપુરા દાદાવાળા (મુંબઈ)**
મુંબઈ મો. ૦૯૯૩૦૭૬૩૭૯૩
ગુજરાત મો. ૯૯૨૫૧૬૨૫૩૮
ઘર(મુંબઈ) ફોન : ૦૨૨-૨૩૦૯૮૫૬૭

**નજરમોહંમદ ગુ. સિધ્ધપુરા(મુંબઈ)**
મુંબઈ મો. ૦૯૯૨૦૨૫૨૯૨૧
**હોટલ સર્વોદય (સલાલ, હિંમતનગર)**
ફોન : ૦૨૭૭૦-૨૪૦૮૯૨

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

### સૂરા નં.૬૭ સૂરએ મુલ્ક

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તું કહે કે (તેની) ખબર તો અલ્લાહને જ છે, અને હું તો માત્ર એક ખુલ્લો ડરાવનારો છું. (૨૬)**

**પરંતુ જ્યારે તેઓ તે(વાયદા)ને નજીક આવતો નિહાળશે ત્યારે (ભયના માર્યા) નાસ્તિકોનાં મોઢાં બગડી જશે, અને તેમને કહેવામાં આવશે કે આ એ જ છે કે જેની તમે ઈચ્છા કર્યા કરતા હતા. (૨૭)**

**તું કહે કે ભલા તમે સમજ્યા કે અલ્લાહ મને તથા જેઓ મારી સાથે છે તેમને હલાક કરી નાખે અથવા અમારા પર મહેરબાની ફરમાવે, પણ નાસ્તિકોને દુઃખદાયક અઝાબથી કોણ બચાવી લેશે?(૨૮)**

**તું કહે કે એ જ દયાળુ અલ્લાહ છે, જેના ઉપર અમે ઈમાન લાવ્યા છીએ, અને તેના જ ઉપર અમે ભરોસો રાખીએ છીએ, જેથી તમે નજીકમાં જ જાણી લેશો કે ખુલ્લી ગુમરાહીમાં કોણ છે. (૨૯)**

**તું કહે કે ભલા તમે પણ સમજ્યા કે જો તમારું પાણી ઊંડાણમાં ચાલ્યું જાય તો તમારા માટે વહેતું પાણી કોણ લઈ આવશે ? (૩૦)**

અય મોહંમદ(સ.) ! તેમને કહે કે દુનિયામાં અઝાબ નાઝિલ થવાનો અને કયામત આવવાનો વખત માત્ર ખુદા જ જાણે છે તેના સિવાય બીજું કોઈ જાણતું નથી. હું તો માત્ર ડરાવનારો છું.

પછી કાફરો વાયદો કરવામાં આવેલ અઝાબને દુનિયા અથવા આખેરતમાં નજીક થયેલો જોશે તો તેમનાં મોઢાં બગડી જશે અને તેમને કહેવામાં આવશે કે આ એ જ છે કે જેની તમે ઈચ્છા કરતા હતા. ઘણા તફસીર લખનારા કહે છે કે આ અઝાબથી મુરાદ કયામતનો અઝાબ છે અને હઝરત અલી(અ.)ના દુશ્મનોને કયામતમાં તેની સજા મળશે.

કુફ્ફારો હંમેશાં હઝરત રસૂલે ખુદા(સ.) અને તેમના અસ્હાબોનું મોત ઈચ્છતા હતા તો અલ્લાહે આ આયત નાઝિલ કરી કે અય મોહંમદ(સ.) ! તું એ કાફરોને કહે કે તમે મને ખબર આપો કે જો અલ્લાહ મને અને મારા સાથીઓને હલાક કરે અથવા અમારાં આયુષ્યને લાંબાં કરે અને અમારા ઉપર મહેરબાની કરે તો કાફરોને દુઃખદાયક અઝાબથી કોણ બચાવનાર છે? ભાવાર્થ એ કે અમોને મારે અથવા જીવાડે તે તેના હાથમાં છે પણ તમને બચાવનાર કોણ છે ? અમારા મરવાથી કંઈ તમારો છુટકારો નહીં થાય. હા, તમે ઈમાન લાવશો તો નજાત પામશો. અય મોહંમદ(સ.) ! તે કુફ્ફારોને ઠપકો આપીને કહે કે જેની તરફ તમને બોલાવીએ છીએ તે બક્ષવાવાળો મહેરબાન છે અને તેની નેઅમતો બધી મખ્લૂકને પહોંચેલી છે અને અમો તેના ઉપર ઈમાન લાવ્યા છીએ, તમે લોકોએ તમારા માલ અને તમારા માણસો ઉપર ભરોસો કરેલો છે જ્યારે અમોએ અલ્લાહ ઉપર ભરોસો કરેલ છે તો કોણ જાહેર ગુમરાહીમાં છે ?

અય મોહંમદ(સ.) ! તું કહે કે તમે અમને ખબર આપો કે તમારું પાણી ઝમઝમનું, બીરરે મયમુન અને ખીઝરમી જેને તમે પીઓ છો, જો તે જમીનમાં ઊંડે ઉતરી જાય અને તમારી ડોલો ત્યાં સુધી ન પહોંચી શકે તો પછી કોણ છે કે જે તમારા માટે વહેતું પાણી લાવી આપે ? માટે તમે તેની નેઅમતોનો શુક્ર અદા કરો અને તેની જ ઈબાદત કરો, બુતોની પૂજા કરવાનું છોડી દો. તે તમને કંઈ પણ ફાયદો પહોંચાડી શકશે નહીં.

### સૂરા નં.૬૮ સૂરએ કલમ

બાવન આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી છે.

**નૂન, કસમ છે કલમની અને તેની કે જે કાંઈ તે (ફરિશ્તા)ઓ લખે છે. (૧)**

**તું તારા રબની મહેરબાનીથી દીવાનો નથી.(૨)**

**અને બેશક તારા માટે એવો બદલો (તૈયાર) છે જે કદી ખૂટનાર નથી. (૩)**

**અને બેશક તારી નીતિ ઘણી ઉચ્ચ(પ્રકારની) છે. (૪)**

**જેથી નજીકમાં તું જોઈ લેશે અને તેઓ પણ જોઈ લેશે. (૫)**

**કે તમારામાંથી દિવાનો કોણ છે. (૬)**

નૂન, કસમ છે કલમની અને તેની કે જે કંઈ તે (ફરિશ્તા)ઓ લખે છે અને નૂન મકત્તઆત અક્ષરોમાંથી છે જેનો ખુલાસો આગળ લખેલ છે. કેટલાક કહે છે કે બયાન બે જાતના છે. એક ઝબાનનું બયાન અને બીજું કલમનું. ઝબાનનું બયાન એ છે કે જે વડે શીખે અને શીખવાડે છે અને જે ઘણી વખતે ભૂલી જવાય છે અને કલમનું બયાન એ છે કે જે લાંબા સમય સુધી બાકી રહે છે. ઈબ્ને અબ્બાસથી વર્ણન છે કે નૂરે મોહંમદ(સ.)થી પ્રથમ જે ચીજ પેદા કરી તે કલમ છે પછી લૌહ પેદા કર્યું. ત્યાર પછી કલમે લૌહ ઉપર કયામત સુધી જે થનાર છે તેને લખ્યું, વિગેરે.

વલીદ બિન મોગીરા અને અબુજહેલ વગેરે કાફરો હઝરતને દીવાના કહેતા હતા અને આપની શાનમાં અયોગ્ય વાતો કહેતા હતા, પણ આપ પોતાના ઉત્તમ સ્વભાવના લીધે તે બધી વાતોને સહન કરી લેતા હતા. ખુદાએ ફરમાવ્યું કે અય મોહંમદ(સ.) ! તું દીવાનો નથી, જેને ખુદાએ અક્કલ નબુવ્વત અને હિકમતની વાતો આપી હોય તે કદી દીવાનો ન હોય.

નબુવ્વતનો બોજો ઉપાડવામાં અને ગુસ્સો પી જવામાં તથા લોકોની તકલીફ સહન કરવામાં તારા માટે આભાર રાખ્યા વગર અજર અને સવાબ છે.

અય મોહંમદ(સ.) ! તું ઉત્તમ સ્વભાવ અને ઉત્તમ આદતવાળો છે. બીજાઓમાં તારા જેવા સદ્‌ગુણો નથી. આં હઝરતને અલ્લાહની જાત સિવાય બીજા કોઈથી કંઈ મતલબ હતો નહીં. આપ ખુલ્કે અઝીમના માલિક હતા. આપના અખ્લાક એટલા બધા ઉત્તમ હતા કે અરબો પણ તે વાતને માન્ય રાખતા હતા.

એક દિવસ હઝરત રસૂલે ખુદા(સ.) મદીનાના જંગલમાં ફરતા હતા ત્યાં આપે એક વૃધ્ધાને કૂવા ઉપર પાણી ભરવા માટે ચઢતી જોઈ જે અશક્તિના કારણે પાણી ખેંચી શકતી ન હતી. આપે તેણીને કહ્યું કે અય કનીઝે ખુદા ! શું હું તને પાણી ભરી આપું ? તેણીએ કહ્યું કે તમે નેકી કરશો તો તમારા નફસ માટે કરશો. પછી હઝરતે તેણીની મશક ભરી પોતાના ખભા ઉપર રાખી અને તે વૃધ્ધાને કહ્યું કે તું આગળ આગળ ચાલ અને મને તારું ઘર દેખાડ. તે વખતે અસ્હાબમાંથી એક વ્યક્તિ કે જે આપની સાથે હતી તેણે મશક ઉપાડવા ચાહ્યું પણ હઝરતે તેને મનાઈ કરી એટલે સુધી કે મશક તેણીના દરવાજા પાસે મૂકીને આપ ત્યાંથી ચાલ્યા. પછી ડોશીએ પોતાના દીકરાઓને કહ્યું કે પાણીની મશક બહારથી લઈ આવો તો દીકરાઓએ પૂછ્યું કે પાણીની મશક અહીં સુધી કેવી રીતે આવી ? તેણીએ કહ્યું કે એક નેક બંદે ખુદાએ મને પાણીની મશક અહીં સુધી પહોંચાડી આપી. આ સાંભળીને ડોશીના દીકરા આપની પાછળ ગયા અને આપને ઓળખીને આપના કદમ મુબારકમાં પડી ગયા. પછી પોતાની માતાને કહ્યું કે આ એ વ્યક્તિ છે કે જેમના દીદારની તું હંમેશાં આરઝૂ રાખતી હતી અને તેની મોહબ્બતનો દમ ભરતી હતી. પછી ડોશી બહાર આવી અને હઝરતને કહેવા લાગી કે મારા કસૂરને આપ માફ કરો. હઝરતે તેણીને દિલાસો આપ્યો અને તેના દીકરાઓના હકમાં દુઆએ ખૈર કરી તે વખતે આ આયત લઈને જનાબે જિબ્રઈલ નાઝિલ થયા.

અલ્લાહ તઆલા હઝરત રસૂલે ખુદા(સ.)ના દુશ્મનોને સખત અઝાબથી ડરાવવા માટે ફરમાવે છે કે અય મોહંમદ(સ.) ! નજીક છે કે અઝાબ નાઝિલ થાય, ત્યારે તું જોઈશ અને મક્કાના તથા તારા દુશ્મનો પણ જોશે કે તમારામાંનો કોણ દીવાનો છે. ભાવાર્થ એ કે અઝાબ નાઝિલ થવા વખતે જાહેર થઈ જશે કે અઝાબને લાયક કોણ છે.(ક્રમશઃ)

# મા-બાપનો મહાન દરજ્જો

મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ સુણસરા(મેતા)

અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે :

**વકઝા રબ્બોક અલ્લા તઅબોદુ ઈલ્લા ઈય્યાહો વબિલ વાલેદયને એહસાનૌ ઈમ્મા યબ્લોગન્ન ઈન્દકલ કેબર અહદોહોમા અવ કેલાહોમા ફલા તકુલ્લહોમા ઉફ્ફીવ વલા તન્હર હોમા વકુલ્લ્હોમા કૌલન કરીમા.**

(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૨૩)

અર્થ : અને તારા પરવરદિગારે (તદ્દન છેવટનો) હુકમ આપી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઈની ઈબાદત કરો નહીં અને મા-બાપ સાથે નેકી કરતા રહો. અગર તેઓ બન્નેમાંથી એક અથવા બન્ને તારી સામે વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય (અને કોઈ કારણે તારા ઉપર ક્રોધે ભરાય) તો તેમની સામે ઉફ પણ ન કર, તેમજ તેમને તરછોડ પણ નહીં, અને તેમની સાથે માયાળુપણે વાત કર.

રસૂલે ખુદા(સ.)નું ફરમાન છે કે મા-બાપની સાથે સદવર્તન અને ઉપકાર કરવો એ નમાઝ, રોઝા, હજ અને જિહાદ કરતાં પણ ઉત્તમ છે અને તેનો સવાબ વધારે છે. જે કોઈ એવી હાલતમાં રાત પસાર કરે કે તેના મા-બાપ તેનાથી રાજી થાય તો તેના માટે જન્નતના બે દ્વાર ખોલી નાખવામાં આવે છે. અલ્લાહ કહે છે કે જે માણસ મા-બાપની નાફરમાની કરે છે તેનો કોઈ પણ અમલ હું કબૂલ કરતો નથી. મા-બાપની ફરમાબરદારી ઉચ્ચ દરજ્જો અપાવે છે અને એ જ મા-બાપની નાફરમાબરદારી દોઝખ અપાવે છે. તો મોમિનીન! જોઈએ મા-બાપની નાફરમાબરદારીનો અંજામ.

પયગમ્બરે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે એક વખત હઝરત મૂસા(અ.)એ અલ્લાહ તઆલાને પૂછ્યું, અય ખુદા! મારો ફલાણો શહીદ દોસ્ત ક્યાં છે?

અલ્લાહનો હુકમ થયો કે એ તો દોઝખમાં છે.

મૂસા(અ.)એ અરજ કરી,

અય પરવરદિગાર ! શું તેં શહીદોથી જન્નતનો વાયદો નથી કર્યો ?

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, હા, બેશક મેં શહીદોથી જન્નતનો વાયદો કર્યો છે પરંતુ તે માણસ પોતાના મા-બાપની નાફરમાની કરતો હતો. તેમનું કહેવું માનતો ન હતો જે માણસ મા-બાપની નાફરમાની કરે છે એનો કોઈ પણ અમલ હું કબૂલ કરતો નથી.

આના ઉપરથી એ બોધ લેવો જોઈએ કે મા-બાપની સાથે એવી રીતે રહેવું જોઈએ કે આપણા કોઈ પણ કાર્યથી કે વર્તનથી એમની લાગણીને ઠેસ પહોંચે નહીં કે તેમની આંખમાંથી આંસુ પણ ન પડે. મા-બાપ કદી પણ પોતાની ઓલાદને બદદુઆ નહીં આપે. પણ એમની નારાજગી જ મોટામાં મોટી બદદુઆ છે. અગર એમની આંખમાંથી એક પણ આંસુ પડશે તો વિચારજો કે મોટામાં મોટી બદદુઆ થઈ. આગળ કેવી બદદુઆ હશે, મા-બાપની કેવી નારાજગી હશે ! પછી ઓલાદ માટે એની ઝિંદગી અને બંદગી કંઈ કામની નથી. એનું જીવતર જ નકામું છે અને જે મા-બાપની ખુશી પ્રાપ્ત કરશે તો એનું જીવન સાર્થક ગણાશે.મા-બાપની ખુશી પ્રાપ્ત કરીને આગળ વધશો તો સાચા માર્ગે જઈ શકશો અને એમને નારાજ કરીને આગળ વધશો તો એ રસ્તો ગુનાહના માર્ગે લઈ જશે.

કેટલીક વખત એવું પણ બને છે કે જો મા-બાપને એકથી વધારે દીકરા હોય તો મા-બાપને દરેક દીકરાના ઘેર રહેવાના વારા કાઢવામાં આવે છે. દરેક દીકરાના ઘેર વારા પ્રમાણે રહેવું પડે છે. હવે એ મા-બાપના દિલમાં કેટલું બધું દુઃખ થતું હશે ? એ ઓલાદને અત્યારે નહીં પણ જ્યારે પોતે એ અવસ્થામાં આવશે ત્યારે એને સમજાશે પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે. ભૂલનો એકરાર કરવા અને માફી માગવા માટે મા-બાપ હયાત નહીં હોય. તો મા-બાપને રાજી ખુશીથી પૂછવું જોઈએ કે તમારે ક્યાં અને કેવી રીતે રહેવું છે. એમની મરજી પ્રમાણે અને

ખુશ થઈને રહી શકે એવી સગવડ કરીને રાખવાં જોઈએ. મા-બાપ ઓલાદને કેટલી મહેનત અને મુશ્કેલીથી મોટા કરે છે અને જ્યારે મોટા થઈ જાય, શાદી થઈ જાય પછી મા-બાપની પરવા કરતા નથી. જાણે મા-બાપે તેમના માટે કંઈ કર્યું જ ન હોય. અત્યારના જમાનામાં એવું થઈ ગયું છે કે મા-બાપ માટે દીકરો શાદી સુધી જ હોય છે. શાદી પછી દીકરો મા-બાપનો રહેતો નથી. મા-બાપ વૃધ્ધ થઈ જાય પછી ઓલાદ પોતાની મરજી પ્રમાણે મા-બાપને રાખે છે. મા-બાપ પોતાની મરજી પ્રમાણે રહી શકતાં નથી. મજબૂરીથી ઓલાદ જેવી સ્થિતિમાં રાખે એવી સ્થિતિમાં રહેવું પડે છે. એટલું યાદ રાખીએ કે મા-બાપ વૃધ્ધ થઈ જાય ત્યારે તેમનું મગજ નાના બાળક જેવું થઈ જાય છે. એ મોહતાજ બની જાય છે. તો એમને પણ આપણી ઓલાદને સંભાળીએ છીએ એવી રીતે સંભાળવાં જોઈએ. એક વસ્તુ દરેક ઓલાદે સમજી લેવી જોઈએ કે મા-બાપની સેવા નસીબવાળાને કરવા મળતી હોય છે અને એનો બદલો જરૂર મળશે.

અત્યારના જમાનામાં વૃધ્ધ મા-બાપ માટે ઘણો કઠીન સમય છે. અત્યારે મોટા ભાગના વૃધ્ધ મા-બાપ એમની પોતાની ઓલાદથી નારાજ છે. આ દૂષણ ઘણું ખરાબ છે અને આ દૂષણને અલ્લાહનો ખોફ સામે રાખીને દૂર કરવું જોઈએ. બહેનોએ પણ સમજવું જોઈએ કે સાસુ સસરાને પોતાનાં મા-બાપનો દરજ્જો અને સાસરીયાને પોતાના ઘરનો દરજ્જો આપવો જોઈએ અને દરેક દીકરો મા-બાપ પ્રત્યે એવી મોહબ્બત રાખે કે જેવી રીતે મા-બાપને નાનપણમાં ઓલાદ પ્રત્યે હોય છે. જો દરેક ભાઈ-બહેન આનો દિલથી અમલ કરશે તો આ દૂષણ સરળતાથી દૂર થઈ જશે.

અલ્લાહ તઆલા આગળ દુઆ માગીએ કે દરેક ભાઈ-બહેનને તેમના મા-બાપ પ્રત્યે એવી મહોબ્બત પેદા કરે કે જેથી મા-બાપની વૃધ્ધાવસ્થા શાંતિથી પસાર થાય, આમીન. *

## લગ્ન વિષયક

❁ માણસીયા આબિદહુસૈન જી.

❁ ઉંમર : ૨૫ વર્ષ

❁ મેડીકલ સર્વિસ ચાલુ

❁ સંપર્ક : ૯૬૨૪૧૫૬૬૨૧

ઉપરોક્ત યુવક માટે યુવતી જોઈએ છે તો રસ ધરાવતી વ્યક્તિએ આપેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

HEARTY MART
THE FRIENDLY SUPER MARKET

ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...

હાર્ટી માર્ટ આપ સૌને જણાવતાં આનંદ અનુભવે છે કે

NK તેલ

હવે સાબરકાંઠામાં પણ

કપાસિયા, સોયાબીન, સીંગતેલ વિગેરે મળશે

..... સંપર્ક .....

94297 48540 ઈલોલ તલાવ, 96380 81532 ઝહીરાબાદ,
99257 34131 ઈલોલ પહાડીયા

નોંધ : હોલસેલ તથા રીટેલમાં મળશે.

ખાસ નોંધ ૧૦૦/- રૂા.માં કપડાં ધોવાનો ૫ કિલો પાવડર મળશે. ખાસ નોંધ

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## IMPIETY (ધાર્મિકતાનો અભાવ)

(ગતાંકનું ચાલુ)

**عالـم کـه کامرانی و تـن پروری کُنَـد**
**او خِویشتن گم است، کِرا رهبری کُنَد؟**

**આલિમ કે કામરાની વતન પર્વરી કુનદ**
**અવ ખવીશતન ગુમ અસ્ત, કેરા રહેબરી કુનદ?**

(એવો વિદ્વાન માણસ કે જેના ઉપર તેની પોતાની સમૃધ્ધિએ કબજો જમાવ્યો હોય અને પોતે સ્વચ્છંદ હોય તે પોતે જ ગુમ થયેલો અને વ્યાકુળ હોય છે. તે બીજાને ધાર્મિક માર્ગદર્શન શું આપવાનો?)

**عـام نـادانِ پـریـشـان روزگـار**
**بـه ز دانـشـمـنـد نـاپـرهـیـزگـار**
**کَـان بـه نـابینایی از راه اوفـتـاد**
**وین دو چشمش بود و در چاه اوفتاد**

**આમ નાદાને પરીશાન રોઝગાર**
**બે ઝ દાનિશમંદ ના પરહેઝગાર**
**કાન બે નાબીનાઈ અઝ રાહ ઑફતાદ**
**વૈન દો ચશમશ બૂદ વ દર ચાહ ઑફતાદ**

(કોઈ અજ્ઞાની અને નિર્ધન માણસ કોઈ એવા જ્ઞાની માણસ કરતાં વધારે સારો છે કે જે સંયમી ન હોય. અજ્ઞાની માણસ આંધળો હતો અને સાચા રસ્તાથી ભ્રષ્ટ થયેલો હતો જ્યારે જ્ઞાની માણસ પાસે તો બે આંખો હતી અને તેમ છતાં ય તે કૂવામાં પડ્યો.)

**ترسم نرسی به کعبه ای اعرابی**
**کین ره که تو می روی به ترکستان است**

**તરસમ નરસી બે કા'બા અય એઅરાબી**
**કીન રહ કે તૂ મી રવી બે તુર્કસ્તાન અસ્ત**

(અય અરબ ! મને ભય છે કે તું કા'બા સુધી નહીં પહોંચી શકીશ કેમકે જે રસ્તા ઉપર તું ચાલી રહ્યો છે તે તુર્કસ્તાન તરફ લઈ જાય છે.)

## IMPRUDENCE (અવિવેક/અવિચારીપણું)

**نه در هر سخن بحث کردن رواست**
**خـطا بر بزرگان گرفتن خـطاست**

**ન દર હર સુખન બહસ કર્દન રવાસ્ત**
**ખતા બર બુઝુર્ગાન ગિરફતન ખતાસ્ત**

(દરેક વિષય ઉપર દલીલ કરવી તે અયોગ્ય બાબત છે. મહાન માણસોની ખામીઓ શોધતા ફરવું તે અવિવેક છે.)

## INFATUATION (મોહ/આસક્તિ)

**معشوقِ هزار دوست را دل ندهی**
**ور می دهی، آن دل به جُدایی بنهی**

**મા'શૂકે હઝાર દોસ્ત રા દિલ નદહી**
**વર મી દહી, આન દિલ બે જુદાઈ બનહી**

(એવી પ્રેયસીને તમારું દિલ ન આપી દો કે જેના પ્રશંસકો હજારોની સંખ્યામાં હોય અને જો તમે એવું કરશો તો તેનાથી અલાયદા રહેવા માટે તૈયાર રહેજો.)

**از دست تـو مُشت بـر دهان خـوردن**
**خوشتر که به دستِ خویش نان خـوردن**

**અઝ દસ્ત તૂ મુસ્તબર દહાન ખૂર્દન**
**ખૂશતર કે બે દસ્તે ખવીશ નાન ખૂર્દન**

(મારા પોતાના હાથે રોટલો ખાવો એના કરતાં તો મારા ગાલ પર તારી મુક્કીનો માર ખાવો વધારે પસંદગીપાત્ર બાબત છે.)

## INFIDELITY (પતિ પત્ની વચ્ચેની બેવફાઈ)

**نه ما را درمیـان عهـد و وفـا بـود؟**
**جفـا کـردی و بـدعهـدی نـمـودی**
**به یک بار از جهـان دل در تو بستم**
**نـدانـسـتـم کـه بـرگـردی بـه زودی**

هنوزت گر سر صلح است باز آی
کزان مقبول تر باشی که بودی

**ન મા રા દરમિયાન અહદ વ વફા બૂદ?**
**જફા કર્દી વ બદઅહદી ન મૂદી**
**બે યક બાર અઝ જહાન દિલ દર તૂ બસ્તમ**
**નદાનસ્તમ કે બરગર્દી બે ઝૂદી**
**હનૂઝત ગર સર સુલહ અસ્ત બાઝ આઈ**
**કઝાન મકબૂલ તર બાશી કે બૂદી**

(આપણે બન્નેએ શું એક બીજાને વફાદાર રહેવાના સોગંદ ખાધા ન હતા? તું મારા પ્રત્યે નિર્દય બની અને મેં મારા વચનને તોડી નાખ્યું. મેં દુનિયાનો ત્યાગ કરી દીધો અને સંપૂર્ણરીતે મેં મારું દિલ તને દઈ દીધું પરંતુ મને ખબર ન હતી કે તું થોડાક જ સમયમાં મારા પ્રત્યેનું તારું વલણ બદલી નાખીશ. આમ છતાંય જો તું શાંતિની ઝંખના કરતી હોય તો મારા તરફ પાછી ચાલી આવ કેમકે તું મને પહેલાં કરતાં ય વધારે પ્રિય બનીશ.)

## IFLUENCE (લાગવગ)

درِ میر و وزیر و سلطان را
بی وسیلت مگرد پیرامن
سگ و دربان چو یافتند غریب
این گریبانش گیرد، آن دامن

**દર મીર વ વઝીર વ સુલતાન રા**
**બી વસીલત મગર દ પૈરામન**
**સગ વ દરબાન ચૂ યાફતંદ ગરીબ**
**ઐન ગિરેબાનશ ગૈરદ આન દામન**

(કોઈ અમીર માણસ, કોઈ વજીર કે કોઈ રાજાના ઘરના દરવાજે યોગ્ય લાગવગ વગર જતો નહીં કારણ કે પ્રવેશદ્વારે કોઈ અજાણ્યા માણસને જોઈને ચોકીદાર તેની બોચી પકડશે અને (ચોકિયાત) કૂતરો તેનું પહેરણ ફાડી નાખશે.)

## INGRATITUDE (નિમકહરામી / કૃતઘ્નતા)

سگی را لقمه ای هرگز فراموش
نگردد، ور زنی صد نوبتش سنگ
وگر عمری نوازی سفله ای را
به کمتر تندی آید با تو در جنگ

**સગી રા લુકમા અઈ હરગિઝ ફરામોશ**
**ન ગરદિદ વર ઝની સદ નોબતશ સંગ**
**વગર ઉમરી નવાઝી સફલા અઈ રા**
**બે કમતર તંદી આયદ બા તૂ દર જંગ**

(કોઈ કૂતરો કે જેને તમે કોઈક વાર એક કોળિયો ધાન આપ્યું હોય તો તે (તેનો ગુણ) કદી નહીં ભૂલે, જો કે તમે એકસો વખત તેના તરફ પથ્થર મારો તો પણ. પરંતુ જો કોઈ હલકટ માણસ સાથે તેની આખી જિંદગી સુધી તમે પ્રેમાળ વર્તાવ રાખશો તો એક નજીવી કઠોરતા માટે તે તમારી સાથે ઝઘડો કરી બેસશે.)

یا وفا خود نبود در عالم
یا مگر کس در این زمانه نکرد
کس نیاموخت علمِ تیر از من
که مرا عاقبت نشانه نکرد

**યા વફા ખૂદ ન બૂદ દર આલિમ**
**યા મગર કસ દર ઐન ઝમાના નકરદ**
**કિસ નયામૂખત ઈલ્મે તૈર અઝ મન**
**કે મરા આકેબત નશાના નકરદ**

(દુનિયામાં ન તો પહેલાં વફાદારી હતી કે ન તો કોઈ અત્યારે વફાદારી દર્શાવે છે. કોઈએ પણ મને તેના તીરનું નિશાન બનાવ્યા વગર કદી પણ મારી પાસેથી તિરંદાજીની વિદ્યા શીખી નથી.) *



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૮૩

**ચોર કરે ભીતર ઉસકે ચોરી,**
**પંથી ફિકર કર રાહકી રે તોરી.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય તરીકતના પંથી ! રસ્તાની અંદર પણ ચોર ચોરી કરતા હોય છે માટે અય પંથી ! તું તારા રસ્તાની ચિંતા કરજે.)

**બજાર ભીતર બોત દુકાંનાં,**
**રાહ બોતેરી ને બોત ચોગાનાં.**

(બજારની અંદર પણ ઘણી બધી દુકાનો આવેલી છે. ત્યાં ઘણા બધા રસ્તા પણ આવેલા છે અને ચોગાન પણ આવેલાં છે.)

**પણ હુવા અંધારાને પડ ગઈ રાત,**
**તો કિસ કું રે પુછે રાહ કેરી બાત ?**

(પરંતુ અંધારું થઈ ગયું અને રાત પણ પડી ગઈ. હવે અય પંથી ! રસ્તા અંગેનું માર્ગદર્શન તું કોને પૂછીશ ?)

**ભીતર એ ભેદા એ રે મન ધરના,**
**કે પહેલા રે દીપક જોતસું કરના.**

(અંદરના ભાગમાં ભેદ-રહસ્ય સમાયેલું છે એ બાબત તું તારા મનમાં ધારણ કરજે. સૌ પ્રથમ તો દીપકની જ્યોત સળગાવવાનું કાર્ય કરજે.)

**જબ જા ને દેખે લે હાથ મશાલા,**
**તબ જા ને દેખે ભીતર હાલા.**

(જ્યારે ત્યાં જઈને તું જુએ તો તું મશાલને હાથમાં લઈ લેજે. એ મશાલના પ્રકાશમાં જ તને અંદરની પરિસ્થિતિ જાણવા મળશે.)

**જિતને હેં બજાર ઈતને હેં દરિયા,**
**પિયાજીને પંથ એ એસા રે કરીઆ.**

(જેટલી સંખ્યામાં બજાર છે એટલી જ સંખ્યામાં દરિયા આવેલા છે. પીયુજીએ આ પંથ આવો (નિરાળો) બનાવ્યો છે.)

**દીપક વે ઉસમાં હાથ નાં લેવે,**
**તો કો એક દરીઆ ગોતે દેવે.**

(ત્યાં ગયા પછી જો પંથી દીપકને પોતાના હાથમાં લે નહીં તો ગમે તે કોઈ દરિયાને શોધી કાઢશે, કોઈ નિશ્ચિત દરિયાને નહીં.)

**ભીતર બજાર સબ રે સંસારા,**
**પંથી કેને નાં બુઝા ઉસકા પારા.**

(અંદરના ભાગમાં બધાં સંસાર રૂપી બજારો આવેલાં હતાં. પંથી એક બજારનો પણ પાર પામી શક્યો નહીં.)

**ભીતર બેઠા મન કોટવાલા,**
**પવનકા ચાબક હે રખવાલા.**

(અંદરના ભાગમાં મન રૂપી કોટવાળ બેઠેલો હતો અને પવન રૂપી ચાબૂક તેની રખેવાળી કરી રહ્યો હતો.)

**કોટ ફિકરકા બજાર માંહાં,**
**દરવાજા સબુરી દીયા તિસ ઠાંહાં.**

(એ બજારની અંદર ફિકર રૂપી કોટ આવેલો હતો અને તેની અંદર સબ્રતાનો દરવાજો બનાવેલો હતો.)

**કરાર ઉસકા હે દરવાંના,**
**એને લે રે દીયા તાલા રે ગમાંના.**

(એ દરવાજા ઉપર કરાર (શાંતિ) રૂપી દરવાન (દ્વારપાળ) હતો અને તેને ગુમાનનું તાળુ

મારેલું હતું.)

**ગઢ પતિ ઉસમાં પાંચ હૈં ચોરા,**
**વે બજાર લૂંટે પંથી રે તોરા.**

(એમાં ગઢપતિ રૂપી પાંચ ચોર આવેલા હતા અને હે પંથી ! એ બધા ચોરો તારું બજાર લૂંટતા હતા.)

**નેહકી કીલી તાલેકું કીતી,**
**વે કોટવાલ મન કે હાથ લે દીતી.**

(એ તાળાની ચાવી સ્નેહ-પ્રેમની બનાવેલી હતી અને તે ચાવી કોટવાળ રૂપી મનના હાથમાં આપેલી હતી.)

**તોપાં ઉસ ગઢ પર ગોસે કીયાં જાંનો,**
**ગોલે લાભકે પંથી રે પિછાંનો.**

(તે ગઢ ઉપર ખૂણે ખૂણે તોપો ગોઠવેલી હતી અને હે પંથી ! તું જાણ કે તે તોપોમાં લોભ રૂપી ગોળા ભરેલા હતાં.)

**ગનીમ ઉસકું લાગા હે શેતાંના,***
**વે નિત ઉઠ લાગે ભીતર મેદાંના.**

---

**ગનીમ ઉસકું લાગા હે સતાના.**

(દરરોજ ઉઠીને અંદરના મેદાનમાં દુશ્મનો તેને સતાવવા લાગ્યા છે.)

**જો ગઢપતિ ઉસસું જાંન કરેં મેલા,**
**તો ગઢ ઉસે દે કર કરે બોત ખેલા.**

(જો ગઢપતિ રૂપી ચોરો તેને મળવાની જાણ કરે તો ગઢ તેને આપીને ખૂબ ખેલ કરવા મંડી જાય.)

**તો હાથ કર પંથી એ ગઢ અપના,**
**દીપક હાથ કર ભીતર દેખના.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય પંથી ! તું તારા એ ગઢને તારા હસ્તક કરી લે. દીપકને હસ્તગત કરીને ત્યાર પછી અંદર જોઈ લેજે.)

**પંથ પીયાજી મેરડા, ભીતર કોટ અંધાર રે,**
**ભીતર કોટ અંધાર;**
**દીપક હાથ લે ચલ ગયે, બાકી રહે ગમાર રે,**
**બાકી રહે ગમાર.**

(મારા પીયુના પંથની અંદર આવેલ કોટમાં અંધકાર છે. દીપક હાથમાં લઈને ચાલનારા ચાલ્યા ગયા અને જે લોકો બાકી રહ્યા તે ગમાર સાબિત થયા.)

**બયાન નં.૮૪**

**પહેલા રે કોટવાલ હાથ કરીજે,**
**ચાબક પવના આપ હાથ લીજે.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે હે પંથી ! સૌ પ્રથમ તો તું તારા મન રૂપી કોટવાળને તારા હાથ ઉપર કરી લેજે અને ત્યાર બાદ પવન રૂપી ચાબૂકને હસ્તગત કરી લેજે.)

**જો રે તુજે પાવે કીલી નેહા,**
**તો રે કદી ગઢકા પાવે છેહા.**

(અય પંથી ! જો તું સ્નેહ રૂપી ચાવીને પ્રાપ્ત કરવામાં સફળ થાય તો કદાચ તું ગઢનો અંત-છેડો પ્રાપ્ત કરી શકે.)

**તબ ખોલ તાલા, જે હે રે ગમાંના,**
**જે ખોતા હે પંથકું કરે બોત માંના.**

(ત્યાર પછી હે પંથી તું ગુમાન રૂપી જે તાળુ છે તેને ખોલી નાખજે. જે અભિમાન કરે છે તે આ પંથને ખોઈ નાખે છે.)

**જો દરવાજા પાવે, જે હે રે સબુરી,**
**તો પંથી રે રાહ દેખેગા પુરી.**

(જો તરીકતનો પંથી સબ્ર રૂપી દરવાજાને પ્રાપ્ત કરી લે તો તે પંથી અલ્લાહ સુધી પહોંચવાના માર્ગને પૂરે પૂરો જોઈ લેશે.)

**જો કરાર હોવે દરવાંન તેરા,**
**તો ખોલે રે દરવાજા ઉસ કોટ કેરા.**

(જો તારા દરવાન તરીકે કરાર (મનની નિરાંત) હશે તો તે એ કોટનો દરવાજો તરત જ ખોલી નાખશે.)

**જબ જાને પેઠે ઉસ કોટ માંહાં,**
**તો રે પંથી પાવે પીયાકા તાંહાં.**

(જ્યારે તરીકતનો પંથી તે કોટની અંદર પ્રવેશ કરી લે છે તો પંથી પોતાના પીયાને ત્યાં મેળવી લે છે.)

**કરાર કે હાથ એ પંથ હે સારા,**
**✶એ પંથ નાં તેરા હે રે પિયારા.**

---

**✶એ બીના પંથ ના તેરા હોવે પીયારા.**

(કરાર(મનની નિરાંત)ના હાથમાં જ પંથને પ્રાપ્ત કરવાનો દારોમદાર રહેલો છે. એ કરાર વગર તારો આ પંથ પ્યારો બનશે નહીં.)

**જબ તાંએ ભીતર કોટ કે નાં જાવે,**
**તો વે રે ચોર તેરે હાથ નાં આવે.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે જ્યાં સુધી પંથી કોટના અંદરના ભાગમાં ન જાય ત્યાં સુધી એ ચોર તારા હાથમાં નહીં આવે.)

**જો દરવાનસું છુપ કર કોટ માંહે પેઠે,**
**ને હાકમ હો કર કોટ કેરા બેઠે.**

(જ્યારે તરીકતનો પંથી દરવાનથી છૂપાઈને કોટની અંદરના ભાગમાં પેસી ગયો અને કોટનો હાકિમ બનીને બેસી ગયો...)

**તબ ચોર તો કબુલે હુકમ રે તેરા,**
**જાં તું રે ચલાવે વાં કરે ફેરા.**

(જો એક વાર તું કોટનો હાકિમ બની ગયો તો પછી ચોર તારા હુકમોને માનશે તું જેવી રીતે તેમને ચલાવે એવી રીતે તે ચોર ફરતા રહેશે.)

**તો નેહ નાં લગાવે તુજકું વે ચોરા,**
**તબ જાને પાવે તું પીયાજી રે મોરા.**

(જ્યારે તે ચોરો તારી સાથે સ્નેહ કરવાનું છોડી દેશે ત્યારે જ તું મારા પીયુજીને પ્રાપ્ત કરી શકીશ.)

**એ ચોર જા કર નેહકું ન લાવે,**
**ઉનું બિના કોઈનાં નેહકું પાવે.**

(જ્યાં સુધી એ ચોર જઈને સ્નેહને નહીં લાવે ત્યાં સુધી તેમના વગર સ્નેહને કોઈ પ્રાપ્ત નહીં કરે.)

**જો ચોર દુર કીજે ઉસ ગઢ માંહાં,**
**તો નેહ નાં આવે ચોરૂં બિના તાંહાં.**

(જો એક વાર ચોરને ગઢમાંથી દૂર નહીં કરવામાં આવે તો ચોરના વગર સ્નેહ ત્યાં આવશે જ નહીં.)

**તો નેહ બિના નાં ખોલે તાલા ગમાંના,**
**કે ભીતર રાખે ઉસ રાહા કે માંહાં.**

(તો એક બાબત સમજી લો કે સ્નેહ વગર ગુમાન રૂપી તાળુ કદી ખુલશે નહીં. તે રસ્તાની અંદર ભીતરમાં તેને રાખી રહેલ છે.)

**જો ગઢ રે સારા તેરે હાથ આવે,**
**તો હુકમ રે તેરા ચોર નાં ફિરાવે.**

(જો આખો ગઢ તારા હસ્તક તારા તાબામાં આવી ગયો તો પછી ચોર તારા હુકમનો અનાદર નહીં કરે.)

**તો ચાકર તેરે ખાસો કહીએ,**
**ઉનું બિના પીયા નેહ પંથ નાં લહીએ.**

(તો એ વખતે તારા નોકર ચાકરો ઘણા બધા કહેવાશે. એમના વગર પંથમાં પીયુનો સ્નેહ મેળવી નહીં શકાય.)

**સુન રે પંથી પીયા કેરી રાહા,**
**ગઢ નાં હોવે અપના તો સબ ગમાહા.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય તરીકતના પંથી ! તું મારી વાત સાંભળ. જો પીયુના રસ્તામાં ગઢ તારો પોતાનો નહીં બને તો તું સર્વસ્વ ગુમાવી દઈશ.)

**કોટવાલ અપના મન કર, કુંચી લીજે નેહ રે,**
**કુંચી લીજે નેહ;**
**કરાર દરવાંન તેરડા, તો કદી પાવે છેહ રે,**
**તો કદી પાવે છેહ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે હે પંથી ! તું તારા મનને કોટવાળ બનાવીને અને ત્યાર પછી સ્નેહની કુંચી ધારણ કરજે. જો કરાર (મનની નિરાંત) જો તારો દરવાન બની જાય તો આ માર્ગનો છેડો પ્રાપ્ત કરી શકીશ.) ✻

સંકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

(ગતાંકનું ચાલુ)

**યતીમોનો માલ ખાઈ જનારા અને વ્યાજ ખાનારા**

મેં લોકોની એક જમાઅતને જોઈ કે જેમના મોઢામાં આગ રેડવામાં આવી રહી હતી અને તે આગ તેમના નીચલા છેડેથી નીકળી રહી હતી.

મેં આની સમજૂતી આપવા વિનંતી કરી કે તેઓ કોણ છે. જિબ્રઈલે જવાબ આપ્યો,

'આ એ લોકો હતા કે જેમણે ગેરકાયદેસર રીતે યતીમોની મિલકત લઈ લીધી હતી.'

ત્યાર પછી મેં લોકોની એક બીજી જમાઅત જોઈ કે જેમનાં પેટ એટલાં બધાં મોટાં હતાં કે તેઓ ઊભા પણ થઈ શકતા ન હતા.

મેં આ લોકો અંગે એક પ્રશ્ન પૂછ્યો અને તેમનો જવાબ મને એ આપવામાં આવ્યો કે તે બધા એ લોકો હતા કે જેઓ વ્યાજ ખાતા હતા, શયતાન દ્વારા છેતરાયા હતા અને ફિરઓનના લોકોનો માર્ગ અપનાવતા હતા. દરરોજ સવારે અને સાંજે તેમને આગ આપવામાં આવે છે. તેઓ કહે છે, અય અલ્લાહ ! કયામતનો દિવસ ક્યારે આવશે કે જેથી અમને આ પ્રકારના જીવનમાંથી રાહત મળશે કે જે અમારી શક્તિને ક્ષીણ કરી રહી છે ?

**નિર્લજ્જ કૃત્યો આચરનારી સ્ત્રીઓ**

અમે અમારી સફર દરમિયાન સ્ત્રીઓની એક જમાઅતને મળ્યા કે જેમને તેમના છાતીના ભાગથી લટકાવવામાં આવેલી હતી.

મેં જિબ્રઈલને પૂછ્યું,

'આ સ્ત્રીઓ કોણ છે ?'

તેમણે જવાબ આપ્યો,

'આ એ સ્ત્રીઓ છે કે જેઓ જૂઠુ બોલતી હતી અને (કોઈ બીજા દ્વારા સંબંધિત) બાળકોને પોતાના પતિનાં હોવાનું ગણાવતી હતી અને તેથી એવો દાવો કરતી હતી કે આ બાળકો તેમનાં વારસદારો હતાં.'

પયગમ્બરે ખુદા(સ.)એ ફરમાવ્યું,

'અલ્લાહની આકરામાં આકરી સજા એ સ્ત્રી ઉપર છે કે જે બાળકને એ કુટુંબનું ગણાવે છે કે જે ખરેખર એ કુટુંબનું નથી, માત્ર પોતાના પતિની મિલકત ઉપર કાબૂ પ્રાપ્ત કરવા માટે.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૪, બાબા-૩, ઈસ્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**ફરિશ્તાનાં ગુણગાન**

તે લોકોથી અમે આગળ વધ્યા અને ફરિશ્તાઓની એક જમાઅત પાસે પહોંચ્યા કે જેઓ કીર્તિવંત અને બુલંદ અલ્લાહ દ્વારા તેની ઈચ્છાથી પેદા કરવામાં આવ્યા હતા કે જેમનું સંપૂર્ણ અસ્તિત્વ અલ્લાહ(સુ.વ.ત.)ની ગુણગાથામાં અને યાદમાં પસાર થયેલું હતું.

આ ફરિશ્તા ઊંચા સ્વરમાં એક અલ્લાહનાં વખાણ કરી રહ્યા હતા અને આભાર માની રહ્યા હતા અને તેના પ્રત્યેના પ્રેમ અને ભયના આવેશમાં આક્રંદ કરી રહ્યા હતા.

મેં તેમના વિષે પૂછ્યું તો જિબ્રઈલે મને કહ્યું,

'આપ જોઈ શકો છો કે દરેક ફરિશ્તો બીજા ફરિશ્તાની બાજુમાં ઊભેલો છે તેમ છતાંય તેઓ એકબીજા સાથે વાતચીત કરતા નથી. તેમનું એક

માત્ર કાર્ય છે બુલંદ અને કીર્તિવંત અલ્લાહનાં ગુણગાન ગાવાં અને વખાણ કરવાં તેથી તો તેઓ ઊંચું કે નીચું જોતા પણ નથી.'

મેં તેમને સલામ કરી તો તેમણે પણ તેમનું માથું હલાવીને મારા તરફ જોયા વગર જ જવાબ આપ્યો. જિબ્રઈલે કહ્યું,

'આ મોહંમદ(સ.), પયગમ્બરોના સમર્થક અને રહેમતના પયગમ્બર છે. તેઓ બધા જ પયગમ્બરોના આગેવાન અને સરદાર છે. તમે તેમની સાથે કેમ વાતચીત કરતા નથી ?'

જ્યારે તેમણે આ સાંભળ્યું તો તેમણે મને સલામ કરી અને મને માન આપ્યું અને મને અને મારી ઉમ્મતને ખુશખબરી આપી.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૪, બાબા-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**પયગમ્બર યહ્યા(અ.) અને પયગમ્બર ઈસા(અ.)**

અમે બીજી જન્નત તરફ જવા માંડ્યા. મેં બે માણસોને જોયા કે જેઓ એક બીજાને મળતા આવતા હતા. મેં પૂછ્યુ;

'જિબ્રઈલ ! આ બે માણસો કોણ છે ?'

તેમણે જવાબ આપ્યો,

'તેઓ યહ્યા(અ.) અને ઈસા(અ.) બે પયગમ્બરો અને એકબીજાના પિત્રાઈ ભાઈ છે.'

મેં તે બન્નેને સલામ કરી અને અલ્લાહ સમક્ષ તેમની મગ્ફેરતની દુઆ માગી. તે બન્ને જણે મને વળતી સલામ કરી અને મારી મગ્ફેરત માટે દુઆ કરી અને મારું સ્વાગત કરીને મને કહ્યું,

'અય અમારા સત્યનિષ્ઠ અને ભલા ભાઈ ! પધારો.'

એ જગ્યાએ ત્યાં ફરિશ્તાઓ પણ હાજર હતા કે જેઓ નમ્રતાપૂર્વક અને આજીજીપૂર્વક સિજદામાં ઝુકેલા હતા. સર્વશક્તિમાન અલ્લાહે તેમને જુદા જુદા સ્વરૂપોમાં પેદા કર્યા હતા અને જુદા જુદા અવાજોમાં તેઓ બધા અલ્લાહની પ્રશંસા કરવામાં અને ગુણગાન ગાવામાં વ્યસ્ત હતા.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૫, બાબા-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**પયગમ્બર યૂસુફ(અ.)**

ત્યાર પછી અમે ઉપર ત્રીજી જન્નતમાં ગયા. એ જગ્યાએ મેં એવા એક માણસને જોયો કે જેનામાં બીજા કોઈનામાં ન જોઈ હોય તેવી ઉત્કૃષ્ટતા અને સદ્ગુણો જોયા. તે એવા માણસો હતા કે જેઓ મહિનાની દસમી તારીખના ચંદ્રની જેમ ચમકી રહ્યા હતા. મેં જિબ્રઈલને પૂછ્યું,

'તે કોણ છે ?'

તેમણે જવાબ આપ્યો,

'આ તમારા ભાઈ યૂસુફ(અ.) છે.'

મેં તેમને સલામ કરી અને તેમની મગ્ફેરત માટે દુઆ કરી. તેમણે મારી સલામનો જવાબ આપ્યો અને મારી રહેમત માટે દુઆ કરી અને કહ્યું,

'પધારો ! અય મારા બંધુ ! અય વિશિષ્ટ નીતિમત્તા ધરાવનારા પયગમ્બર કે જેમને એક સારા અને સુયોગ્ય સમયે નીચે મોકલવામાં આવ્યા છે. આ સ્થળે ત્યાં ફરિશ્તાઓ પણ હાજર હતા કે જેઓ સંપૂર્ણ નમ્રતાથી સિજદામાં ઝુકેલા હતા અને અલ્લાહની યાદમાં તલ્લીન હતા. તેમની સાથે મારો પરિચય કરાવવામાં આવ્યો અને બીજા ફરિશ્તાઓની માફક જ તેમણે પણ મારી સાથે સન્માનપૂર્વકનો વ્યવહાર કર્યો.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૫,

બાબા-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

### પયગમ્બર ઈદરિસ(અ.)

એના પછી અમોએ ચોથી જન્નત તરફની અમારી સફર ચાલુ કરી. ત્યાં મેં એક માણસને જોયો અને જિબ્રઈલને પૂછ્યું,

'તે કોણ છે ?'

તેમણે જવાબ આપ્યો,

'આ ઈદરિસ(અ.) છે કે જેમને મહાન અલ્લાહે એક ઊંચા સ્થાને પહોંચાડ્યા છે.'

મેં તેમને સલામ કરી અને તેમની મગ્ફેરતની દુઆ કરી. તેમણે પણ મારી મગ્ફેરત માટે દુઆ કરી. આ જન્નતમાં પણ ફરિશ્તાઓ હતા કે જેમણે અગાઉની જન્નતોની માફક મને ખુશખબરી આપી. ત્યાર પછી મેં બીજા એક ફરિશ્તાને જોયો કે જે એક સિંહાસનની સામે ટેકો લઈને ઊભેલો હતો અને તેના તાબા હેઠળ સિત્તેર હજાર ફરિશ્તાઓ હતા. મોટા અવાજે જિબ્રઈલે તેને બૂમ પાડીને ઊભા થવાનું કહ્યું તો તેણે આજ્ઞાનું પાલન કર્યું અને ઊભો થયો અને કયામતના દિવસ સુધી તે એ પરિસ્થિતિમાં ઊભો રહેશે.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૫, બાબા-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

### પયગમ્બર હારૂન(અ.)

અમે ચોથી જન્નતમાં પહોંચ્યા કે જ્યાં મેં એક ઊંચા માણસને જોયો અને અત્યાર સુધીમાં મેં તેના જેવો બીજો કોઈ જોયો નથી. તેની આંખો મોટી હતી અને તે ઘણો વૃધ્ધ હતો. તેમની કોમ (ઉમ્મત) તેમના ફરતાં હતી.

મેં જિબ્રઈલને પૂછ્યું,

'આ માણસ કોણ છે ?'

તેમણે કહ્યું,

'આ ઈમરાનના પુત્ર હારૂન છે કે જેમણે તેમની કોમની સહમતી મેળવી હતી.'

તેમને પણ મેં સલામ કરી અને અલ્લાહ સમક્ષ તેમની મગ્ફેરતની દુઆ કરી. આ જન્નતમાં પણ ફરિશ્તાઓ હતા કે જે આજીજીપૂર્વક અને નમ્રતાપૂર્વક અલ્લાહ(સુ.વ.ત.)ના વખાણમાં તલ્લીન હતા.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૫, બાબા-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

### એક ખૂબ ઊંચો માણસ

ઊંચેરા જન્નત તરફ અમે સફર ચાલુ રાખી. છઠ્ઠી જન્નતમાં મેં એક ખૂબ ઊંચા માણસને જોયો કે જેનું શરીર વાળથી આચ્છાદિત હતું, એવું કે જાણે તેણે એક પહેરણ પહેર્યું હોય, વાળ તેમાંથી બહાર નીકળેલા હોય.

તે માણસે કહ્યું,

'બની ઈસરાઈલ એવું કહે છે કે અલ્લાહની નજરમાં હું ઈસ્લામના સૌથી ઉત્તમ સંતાનોમાંથી છું તેમ છતાં ઈસ્લામના આ ઉમદા પયગમ્બર(સ.) મારા કરતાં અલ્લાહની નજરમાં વધારે સારા અને વધારે લાભપ્રદ છે.'

મેં તેમને સલામ કરી અને તેમની મગ્ફેરત માટે દુઆ માગી. તેમણે મારી સલામનો જવાબ આપ્યો અને મારી મગ્ફેરત માટે દુઆ માગી. આ જગ્યાએ પણ ફરિશ્તાઓ નમ્રતા અને આજીજીમાં અલ્લાહ(સુ.વ.ત.)નાં ગુણગાન ગાવામાં તલ્લીન હતા જેવી રીતે કે તેઓ બીજી જન્નતોમાં તલ્લીન હતા. (ક્રમશઃ)

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે અમીર(અ.)ની શારીરિક તાકાત

અબુ રાફેઅ(રઝી.)થી મનકુલ છે કે જ્યારે જનાબે રિસાલત મઆબ(સ.)એ હઝરત અમીર(અ.)ને અલમ આપીને ખૈબરમાં રવાના કર્યા ત્યારે અમે જનાબે અમીર(અ.)ની સાથે હતા. એક યહૂદીએ કિલ્લામાંથી બહાર નીકળીને આપના ઉપર પ્રહાર કર્યો. આપે ઢાલ ફેંકી દઈને કિલ્લાનો દરવાજો ઉપાડી લીધો ત્યાં સુધી કે ખુદા તબારક વ તઆલાએ આપને ફતેહ અર્પણ કરી. તે (દરવાજો) આપના હાથ મુબારક ઉપર હતો. ત્યાર પછી આપે તેને ફેંકી દીધો. મેં સત્તર માણસો સહિત તેને ઉથલાવવાની ઈચ્છા કરી પરંતુ તે ઉથલાવી ન શકાયો.

જાબિર બિન અબ્દુલ્લાહ(રઝી.)થી રિવાયત છે કે જનાબે અમીર સલ્વાતો સલામે ખૈબરના દિવસે દરવાજાને પોતાની પવિત્ર પીઠ ઉપર ઉઠાવી લીધો હતો એટલે સુધી કે મુસલમાનોએ તેના ઉપર ચઢીને કિલ્લાને ફતેહ કર્યો. તેના પછી ચાલીસ માણસોએ તેને ઉઠાવવાની ઈચ્છા કરી તો તેને ઉઠાવી ન શક્યા. કન્ઝુલ અમ્માલમાં આ હદીસ જાબિર બિન સમરા(રઝી.)થી મરવી છે અને સાહેબે કન્ઝુલ અમ્માલ કહે છે કે આ હદીસ સાચી છે અને એક રિવાયતમાં છે કે ત્યાર પછી સાઈઠ માણસોએ તેને ઉથલાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો.

જનાબે અમીર(અ.) જ્યારે સિફ્ફીન તરફ જવા નીકળ્યા ત્યારે એક જગ્યાએ જનાબે અમીર(અ.)ના સાથીદારો પાસે પાણી ન હતું. તેમણે જમણી અને ડાબી બન્ને તરફ શોધ્યું પણ પાણીનો પત્તો ન લાગ્યો. જનાબે અમીર તેમને રસ્તા ઉપરથી ઉતારીને એક તરફ લઈ ગયા. થોડે દૂર ગયા તો ખ્રિસ્તીઓનું એક દેવળ જોવા મળ્યું. લોકોએ તેની નજીક જઈને તેના પાદરીને પાણી અંગે પૂછપરછ કરી. તેણે કહ્યું, અહીંથી બે ફરસખના અંતરે કે જે તરફ હું ઈશારો કરી રહ્યો છું, તે તરફ ચાલ્યા જાઓ. આશા છે કે તમને પાણી મળી જશે. અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું, સાંભળો, આ રાહિબ શું કહે છે તે. લોકોએ અરજ કરી, તે આપણને પાણીનો પત્તો બતાવે છે કે અહીંથી બે ફરસખના અંતરે છે. પરંતુ અમારામાં ત્યાં સુધી પહોંચવાની તાકાત નથી.

જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, તમારે ત્યાં સુધી જવાની જરૂર નથી. આપે કિબ્લા તરફ પોતાના ખચ્ચરનું મોઢું ફેરવીને આ દેવળની નજીક એક મકાનની તરફ ઈશારો કર્યો અને ફરમાવ્યું કે આને ખોદો. લોકોએ ખોદવાનું શરૂ કર્યું. ત્યાં એક વજનદાર પથ્થર દેખાયો. લોકોએ અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! અહીં તો પથ્થર છે જેમાં ખોદવાનું શક્ય નથી. આપે ફરમાવ્યું, આ પથ્થર પાણીના ઉપર જ છે. લોકોએ તેને ઉપાડવાનું શરૂ કર્યું પણ તે ધ્રુજ્યો પણ નહીં અને પોતાની જગ્યાએથી હાલ્યો પણ નહીં. આખા લશ્કરે એક સાથે ભેગા થઈને જોર લગાવ્યું પરંતુ તે પોતાની જગ્યાએ જરા પણ ન હાલ્યો. આ જોઈને આ પપોતાની સવારી ઉપરથી નીચે ઉતર્યા અને બાંયો ચડાવીને તે પથ્થરની નીચે આંગળીઓ ભરાવીને તેને હલાવ્યો અને હાથ ઉપર ઉઠાવી લીધો. તેની નીચેથી ખૂબ જ મીઠા પાણીનું ઝરણું નીકળ્યું. લોકો દોડીને પાણી પીવા

લાગ્યા. તેમને આખી સફરમાં આવું મીઠું પાણી મળ્યું ન હતું. પછી આપે તે પથ્થરને એ જ જગ્યાએ મૂકી દીધો જેવી રીતે કે તે પહેલાં આવેલો હતો. રાહિબ પોતાના દેવળની છત ઉપરથી આ બધું જોઈ રહ્યો હતો. તેણે લોકોને કહ્યું, મને નીચે ઉતારો. લોકોએ તેને છત ઉપરથી નીચે ઉતાર્યો અને જનાબે અમીર(અ.)ની સામે આવીને ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો, એવું લાગે છે કે શું આપ કોઈ નબી મુર્સલ છો ? આપે ફરમાવ્યું, ના. તે બાલ્યો, શું આપ કોઈ નિકટવર્તી ફરિશ્તા છો ? આપે ફરમાવ્યું, ના. હું ખુદાના રસૂલ મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ(સ.) ખાતેમુ-ન્નબીય્યીનનો વસી છું. રાહિબ કહેવા લાગ્યો, આપ હાથ લાંબો કરો. હું આપના હાથ ઉપર ઈસ્લામ ધર્મથી મુશર્રફ થાઉં છું. આપે હાથ લાંબો કર્યો અને રાહિબ મુસલમાન થઈ ગયો.

જનાબે અમીર(અ.) ફરમાવે છે કે એક વાર હું અને જનાબે રસૂલે ખુદા(સ.) ખાનએ કા'બામાં ગયા. આં હઝરત(સ.)એ મને ફરમાવ્યું, બેસી જાઓ. હું બેસી ગયો અને મારા ખભા ઉપર સવાર થયા. હું ઉઠવા લાગ્યો જ્યારે કે જનાબે મારી નિર્બળતાને જોઈ તો ઉતરી પડ્યા અને ખુદ પોતે બેસી ગયા અને ફરમાવ્યું, મારા ખભા ઉપર સવાર થઈ જાઓ. જ્યારે આપ પવિત્ર ખભા ઉપર સવાર થયા તો એવો વિચાર આવતો હતો કે હું ઈચ્છું તો આકાશના કિનારા સુધી પહોંચી જાઉં એટલે સુધી કે હું ખાનએ કા'બાની છત ઉપર ચઢી ગયો. ત્યાં એક મૂર્તિ, તાંબાની કે પિત્તળની મૂકેલી હતી. હું તેને જમણે ડાબે અને આગળ પાછળ હલાવતો રહ્યો એટલે સુધી કે તે ઉખડી ગઈ. જનાબે મને ફરમાવ્યું, કે તેને ફેંકી દે. મેં તેને ઉખાડીને ફેંકી દીધી. તે મૂર્તિ એવી રીતે તૂટી ગઈ કે જેવી રીતે કાચ તૂટી જતો હોય છે. પછી હું જનાબની સાથે દોડવા લાગ્યો અને અમે બન્ને ઘરમાં સંતાઈ ગયા જેથી અમને કોઈ જોઈ ન લે. અલ્લામા ઈબ્ને હદીદ કહે છે કે આ મૂર્તિનું નામ હુબલ હતું અને વજનમાં એટલી બધી વજનદાર હતી કે કેટલાય માણસો ભેગા થાય ત્યારે તેને ઉપાડી શકતા હતા. જનાબે અમીરે તેને સરળતાપૂર્વક ઉપાડી લીધી, એમ છતાંય કે હઝરત અમીર ઘણી વખત રોઝા રાખતા હતા અને ખાવાનું પણ પેટ ભરીને ખાતા ન હતા અને તે પણ સૂકાયેલી રોટલી જ હતી. તેમના ઉપર તાકાતની એવી પરિસ્થિતિ હતી કે ઈબ્ને કનીબા લખે છે કે એવા કોઈ પહેલવાનની સાથે હઝરતે કુસ્તી કરી નથી કે જેને આપે પછાડ્યો ન હોય. હઝરતની શારીરિક તાકાતની પરિસ્થિતિની વિગતવાર વાત શુજાઅતના વિભાગમાં વર્ણન થઈ ચૂકી છે. માત્ર આટલું જ અહીં પર્યાપ્ત છે. ટૂંકમાં હઝરતની તાકાત, ખુદાની પવિત્ર તાકાત હતી. તેથી તો હઝરતનો કોલ છે કે અમે ખૈબરનો દરવાજો કુવ્વતે જિસ્માનીથી ઉઠાવ્યો નહોતો પરંતુ કુવ્વતે રહેમાનીથી ઉઠાવ્યો હતો. *


## એક નાનુ ઘર ખરીદો

- **વિસ્તાર : ઝહીરાબાદ(હિંમતનગર)**
- **બે રૂમ - રસોડુ**
- **આશરે ૫૦૦ ફૂટ બાંધકામ**
- **ફક્ત ૧૦ જ મકાનની સ્કીમ**
- **વહેલા તે પહેલાના ધોરણે ફાળવણી**

**:::::::::: સંપર્ક ::::::::::**
**મો.શેરઅલી એચ. વિજાપુરા**
**મો.૯૪૨૭૬૧૮૧૧૦**

# તૌહીદ

લેખન
મોલ્વી અકબરઅલી મીચાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

કુફ્રનું પણ એ જ પરિણામ છે, જહન્નમ. ખુદાનો ઈન્કાર કરવો એ કુફ્ર છે. ખુદાને માનવા છતાં દીનના હુકમોમાંથી કોઈ હુકમને જાણી બુઝીને ન માનવો અને ખુદાનો વિરોધ કરવો એ પણ કુફ્ર છે. ખુદાને માનવા છતાં ખુદાની નેઅમતોનો ઈન્કાર કરવો એ પણ કુફ્ર છે.

અલ્લાહ સત્તાર છે, બંદાના ગુનાહો ઉપર અને ખરાબ બાબતો પર પડદો ઢાંકનાર છે. સમગ્ર સૃષ્ટિનો પેદા કરનાર સર્જનહાર એક માત્ર અલ્લાહ જ છે. તે પ્રકાશરૂપ છે. અલ્લાહ એવો રાજા છે કે એના જેવો કોઈ થયો પણ નથી અને કદી થશે પણ નહીં. પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે :

**એક ઈલાહી રે ખાલિક, બીજો જોડે ના આવે;**
**હાથ પગને શીશે, પીયુને કાંઈના કાવે.**

સૃષ્ટિનો સર્જનહાર તો માત્ર અલ્લાહ જ છે. તેની સરખામણીમાં બીજો આવી શકે નહીં. અલ્લાહને હાથ, પગ, માથું, વિગેરે કંઈ જ નથી. અલ્લાહ જિસ્મ(શરીર) નથી એટલા માટે કે કોઈ જિસ્મ એટલે કે શરીર તેના અવયવો વગરનું નથી હોતું. શરીર એ **મુરક્કબ** છે અને આપણે ઉપર જોયું એમ અલ્લાહ એ **મુરક્કબ** નથી એટલે એ જિસ્મ પણ નથી એ ઉપરાંત શરીરને તો સમય અને સ્થળનું બંધન છે. અલ્લાહ એવા તમામ બંધનોથી વિમુક્ત છે. કોઈ પણ વસ્તુ જો પોતાના અસ્તિત્વનો આધાર બીજી ગમે તે વસ્તુ પર રાખતી હોય તો તે અલ્લાહ હોઈ શકતો નથી. બીજાના આધારે જીવનાર પોતે કદી પરિપૂર્ણ એટલે કે કામિલ ન હોઈ શકે. એ ઉપરાંત બીજાના આધારે અસ્તિત્વમાં આવનાર કરતાં તેનો આધાર પહેલાં અસ્તિત્વમાં આવશે એટલે કે તેના કરતાં તેનો આધાર વધારે 'કદીમ' પુરાતન હશે અને અલ્લાહ કરતાં વધારે કદીમ બીજું કશું જ નથી. તે કોઈ સમય, સ્થળ કે પ્રસંગનો મોહતાજ નથી. તે આશા અને નિરાશા, વેદના અને દર્દ, રાહત અને તકલીફ, પ્રેમ અને તિરસ્કાર, વિગેરે સઘળી ઈન્સાની નિર્બળતાઓથી તદ્દન વિમુક્ત છે.

અલ્લાહના જે ગુણો છે એમાંનો એક પણ ગુણ એવીને એવી જ કક્ષા અને સ્થિતિમાં અન્ય કોઈની પાસે પણ નથી. એવી જ રીતે અલ્લાહ જોડે કંઈક અંશે પણ સત્તામાં, વિશેષતાઓમાં, કુદરતમાં, માન મરતબામાં, સરખાપણું ધરાવનારો પણ કોઈ નથી. જ્યારે સમસ્ત સૃષ્ટિના સર્જનના કાર્યમાં અને તેના વિશાળ અને બહોળા વહીવટના કાર્યમાં તેનો કોઈ શરીક નથી તો અન્ય બાબતોમાં એનો કોઈ શરીક હોય એ વાત કેવી રીતે માનવામાં આવી શકે એમ છે ? અલ્લાહ સર્વવ્યાપી છે તેના અંશ જરૂર છે પણ અલ્લાહ કોઈનો અંશ હોઈ શકે નહીં. આપણે અલ્લાહને જોઈ શકીશું નહીં ન તો આલોકમાં આપણે તેને જોઈ શકીશું કે ન પરલોકમાં, એટલે કે આખેરતમાં કારણ કે દશ્યમાન તો કેવળ એ જ વસ્તુ હોઈ શકે કે જે કોઈનું શરીર હોય અથવા શરીર જેવા ગુણો ધરાવતું હોય. અલ્લાહ એવી કોઈ પણ આકૃતિ ધરાવતો નથી. તે પૂર્વમાં કે પશ્ચિમમાં નથી પણ સર્વત્ર છે. અલ્લાહ કોઈનો મોહતાજ નથી. મોહતાજ તો એ હોય કે જેનામાં પોતાનામાં કશી ખામી કે ઉણપ હોય. અલ્લાહમાં કશી જ ઊણપ નથી. અલ્લાહ તો સર્વ રીતે કામિલ અને સંપૂર્ણ છે. તેનામાં તો તેના સઘળા ગુણો પાછળથી ગ્રહણ કરેલા નથી પણ તેની અંદર મૂળથી જ સમાયેલા છે. જેવી રીતે તબીબી વિદ્યા પૂરી પ્રાપ્ત કર્યા વગર આપણે કોઈને ડૉક્ટર કહેતા નથી એવું અલ્લાહના માટે નથી. એ ઉપરાંત એ વસ્તુ પણ સમજી લેવી જરૂરી

છે કે અલ્લાહને કેવળ એ જ નામે પોકારવો જોઈએ જે નામોનો કુરઆનમાં અને હદીસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય અથવા તો એ જ નામોનું બીજી ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું હોય જેવી રીતે અલ્લાહ શબ્દનો ફારસીમાં તરજૂમો 'ખુદા' થાય છે અને 'ખાલિક'નું ગુજરાતીમાં ભાષાંતર સર્જનહાર છે. આ શબ્દોનો પ્રયોગ થઈ શકે પણ આપણા તરફથી કોઈ નવા નામોની શોધ કરીને તેને અલ્લાહ તરફ સંબંધિત કરવી એ કોઈ પણ હિસાબે યોગ્ય નથી. એટલા માટે એ બહુ શક્ય છે કે સાચી ઓળખ વગર આપણે અલ્લાહ તઆલા માટે એવું કોઈ નામ નક્કી કરીએ કે જે તેના ગુણો અને તેની વિશિષ્ટતાઓનો અનાદર પણ કરતું હોય. તેથી એવા નામકરણથી દૂર રહેવું સારું અને એ દોષથી બચવા માટે માત્ર એ જ નામોનો પ્રયોગ આપણે કરવો જોઈએ કે જે નામોને અલ્લાહ તઆલાએ પોતાની ઝાત માટે લાયક ગણ્યાં હોય.

અલ્લાહ 'સાદિક' છે, એટલે સાચો છે. ઝાતે ઈલાહી દરેક રીતે નિર્મળ અને પવિત્ર હોય છે. તો તેના માટે તો સત્યવાદી હોવું જ જોઈએ. જો અલ્લાહના સત્યવાદી હોવા વિશે સહેજ સરખી પણ શંકા ઉપસ્થિત થાય તો જગતભરના તમામ ધર્મોના પાયા જ હચમચી ઊઠે કારણ કે જો અલ્લાહમાં સત્યનો અભાવ હોય એવી શંકા ઉઠે તો પછી તેના મોકલેલા રસૂલોના સત્ય વિશે પણ લોકો શંકા ઊઠાવે. તેની આજ્ઞાઓ પણ સત્ય છે કે કેમ એ પણ શંકાસ્પદ બાબત બની જાય અને અલ્લાહે જે મોક્ષ, મુક્તિ, સવાબ અને જઝાનાં વચનો આપ્યાં છે, બહુ શક્ય છે કે એ પણ પૂરાં ન થાય. તેથી એ વાત પુરવાર થાય છે કે અલ્લાહ માત્ર 'સાદિક' નથી પણ 'અસદકુસ્સાદિક' એટલે સૌ સત્યવાદીઓ કરતાં પણ શ્રેષ્ઠ સત્યવાદી છે.

અલ્લાહ ન તો કોઈ બિનજરૂરી કાર્ય કરે છે કે ન તો કોઈના ઉપર દમન ચલાવે છે કે ન તો તે કંઈ ખોટું કામ કરે છે. અલ્લાહ બધું જ જાણે છે. જાણ અને માહિતી ન હોવી અલ્લાહના 'ઈલ્મે મુત્લક'ની વિરૂધ્ધ છે એટલે અલ્લાહની બાબતમાં એ બરાબર નથી અને બીજી બે વાતો અલ્લાહના 'કુદરતે મુત્લક'ની વિરૂધ્ધ છે એટલે એ પણ તેને કોઈ પણ હિસાબે બંધબેસતી નથી. એ પછી પણ જો આપણે એમ માની લઈએ કે અલ્લાહમાં પણ કંઈક ને કંઈ ખોટાપણું હોઈ શકે તો મઆઝલ્લાહ આપણે એમ પણ માનવું પડશે કે તે જૂઠું પણ બોલી શકે છે, વચનનો ભંગ કરી શકે, દુષ્કૃત્યો કરનારાઓને પોતાના રસૂલ પણ બનાવીને મોકલી શકે. સારી વાતની મનાઈ ફરમાવે, કારણ કે આ બધા પણ ખોટાપણાના પ્રકારો જ છે ને? અને જ્યારે આટલી બધી શક્યતાઓ હશે તો ન તો જન્નતની શ્રધ્ધા રહેશે કે ન દોઝખની કોઈને ખાત્રી હશે, ન તો રસૂલની સદાકત કોઈ માનશે કે ન તો શરીઅતની હકીકતો ઉપર કોઈની માન્યતા કાયમ રહેશે અને કુરઆનના સઘળા વચનો ઉપરથી લોકાનો વિશ્વાસ ડગી જશે.

મારો કહેવાનો મકસદ ફક્ત એ છે કે અલ્લાહમાં કોઈ ખોટાપણું નથી. અલ્લાહ કદી નકામાં કામો કરતો નથી. અલ્લાહ કદી આપણા લાભ વગરનાં કામો કરતો નથી. તેનાં તમામ કૃત્યોમાં કંઈકને કંઈક ઉદ્દેશ, રહસ્ય અને લાભ જરૂર હોય છે કેમકે નકામાં કામો કરવાં એ ખોટું છે અને અલ્લાહ દરેક પ્રકારના ખોટાપણાથી સુરક્ષિત છે. જેવી રીતે એક સાન-ભાનનો માણસ કશા કારણ વગર સડક પર અહીંથી તહીં દોડતો ફર્યા કરે તો ગમે તે માણસ તેની સામે વાંધો લેશે અને તેની ટીકા કરશે. પણ જો એ જ માણસ કોઈ ચોરને પકડવાના પવિત્ર ઉદ્દેશથી દોડાદોડ કરશે તો કોઈ તેની સામે વાંધો પણ નહીં લે અને તેની ટીકા પણ નહીં કરે કારણ કે તેનું પહેલું કૃત્ય બિનજરૂરી હતું અને બીજાની પાછળ એક સારો ઉદ્દેશ હતો. (ક્રમશઃ)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### છેતરપીંડી અને લુચ્ચાઈ

- જીવન જીવવાના મૂળભૂત સિધ્ધાંતોમાંનો એક સિધ્ધાંત છે લોકો સાથે ભળી જવું અને હળી મળીને જીવવું જેથી બન્ને પક્ષોને એક બીજાથી લાભ થાય અને બન્ને સંતોષ અનુભવે.
- આપણે બધા એ જ ધ્યેયની તરફ જઈ રહ્યા છીએ અને તે છે અલ્લાહની ખુશનુદી પ્રાપ્ત કરવી અને ઈન્શાઅલ્લાહ તેની બનાવેલી શાશ્વત જન્નતમાં જવું. આ બાબત આપણને બધાને સહભાગીદાર બનાવે છે કે જેઓ એક જ મંઝિલની પ્રાપ્તિ માટે સાથે મળીને કામ કરે.
- વિશ્વાસઘાતી અને લુચ્ચા બનવાનો અર્થ થાય પોતાની જાતને યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા અથવા કોઈની આગળ જૂઠું બોલીને વધારે સારું સ્થાન પ્રાપ્ત કરવું અને એ જ વેળાએ બીજાઓને એવું વિચારતા કરી દેવા કે આપણે તેમને મદદ કરી રહ્યા છીએ.
- એટલા જ માટે તો વિશ્વાસઘાત અને લુચ્ચાઈ અત્યંત ખરાબ કૃત્ય છે અને તેનો ભોગ બનનાર વ્યક્તિ પોતે માફ કરે તો ઠીક છે. બાકી આવા કૃત્યની માફી બીજો કોઈ માણસ આપી શકતો નથી.
- બીજી કોઈ વ્યક્તિના ભોગે કંઈક કરવું તે ઈસ્લામ ધર્મમાં સ્વીકાર્ય(જાઈઝ) બાબત નથી.
- છેતરપીંડી આચરવાથી આપણે સામેની વ્યક્તિને અમુક બાબત મનાવી દઈએ છીએ જ્યારે કે તેનાથી ઉલટી તે સાચી બાબત હોય.
- જો કોઈ માણસ આપણને એવું કહે કે આ ટપાલ ટિકિટ ખૂબ દુર્લભ છે અને તેની કિંમત ૫૦૦૦ પાઉન્ડ છે અને તે આપણને ૨૫૦૦ પાઉન્ડમાં વેચીને આપણી સાથે સોદો કરે છે.
- જો આપણે તે ટિકિટ ખરીદીએ અને પછી ખબર પડે કે તેની કિંમત તો માત્ર પાંચ પાઉન્ડ જ છે તો આપણે તેનાથી છેતરાઈ ગયા.
- ઘણા બધા લોકો વાસ્તવિક જીવનમાં આવું કરતા હોય છે અને વળી એવો દાવો કરતા હોય છે કે ધંધામાં તો બધું જ જાઈઝ છે.
- આ પ્રકારનો ધંધો વિનાશ તરફ લઈ જશે. આપણું નામ પણ બદનામ થશે અને આપણું હૃદય પણ હલકટ બની જશે અને કોઈ પણ માણસ આપણો વિશ્વાસ નહીં કરે.
- એક વાર જો આપણે લોકોનો વિશ્વાસ ગુમાવી દીધો તો પછી આપણે કદી પણ આ જીવનમાં ય સુખ જોવા નહીં પામીએ કે કયામતના દિવસે ઊભા કરવામાં આવીશું ત્યારે પણ નહીં.
- આપણે ફક્ત સાચા અને ઈમાનદાર બનવું પૂરતું નથી પરંતુ આપણે એવા લોકોથી સાવચેત બનવું જ પડશે કે જેઓ છેતરપીંડી કરે છે કે છેતરપીંડી કરવાનો પ્રયત્ન કરે છે.
- કેટલાક લોકો એવા હોય છે કે જે ઈસ્લામ ધર્મને અનુસરવાનો ઢોંગ કરે છે પરંતુ આપણને સાચા રસ્તાથી દૂર જ દોરવાનો પ્રયત્ન કરે છે. જયારે આપણા જીવનમાં કોઈ સારી બાબત બને તો તેઓ આનંદિત બનવાનો ઢોંગ કરે છે પરંતુ વાસ્તવમાં તેઓ ખૂબ જ ઈર્ષાળુ અને હલકટ હોય છે. આવા લોકો માત્ર આપણને છેતરવાનો જ પ્રયત્ન કરી રહ્યા હોય છે ભલેને તેમના સારા હોવાનું આપણે વિચારતા હોઈએ.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં સૂરએ

આલે ઈમરાન, આયત-૧૨૦માં ફરમાવે છે :

**'(હે ઈમાનદારો !) અગર તમને કાંઈ લાભ મળે છે તો તેમને દુઃખ થાય છે, અને જો તમારા ઉપર કોઈ મુસીબત (આવી) પડે છે ત્યારે તેનાથી તેઓ આનંદ પામે છે, અને જો તમે ધીરજ ધરશો તથા તેમનાથી બચતા રહેશો તો તેમનાં કાવતરાં તમને સ્હેજ પણ નડશે નહીં; એમાં શંકા નથી કે જે કાંઈ પણ તેઓ કરે છે તે (સઘળું) અલ્લાહની જાણમાં ઘેરાયેલું છે.'**

- શયતાન હંમેશાં આપણને છેતરવાના પ્રયત્નો કરતો હોય છે. તે આપણને દુન્યવી વિચાર કરાવતો હોય છે જેથી આપણે એ બાબત ભૂલી જઈએ કે આપણે અહીં થોડા સમય માટે જ રહેવાનું છે. પરંતુ ઉપરોક્ત આયતમાં અને તેના પછીની આયતમાં અલ્લાહ આપણને સમજાવે છે કે જો આપણે માનીએ અને ઈમાન ધરાવીએ તો કોઈ પણ આપણને જાળમાં ફસાવી નહીં શકે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'જેઓ ઈમાનવાળા છે, તેઓ અલ્લાહ ખાતર જ લડે છે અને જેઓ ઈમાન લાવ્યા નથી તેઓ તાગૂત (શેતાન)ની રાહમાં લડે છે તેથી તમે શયતાનના મિત્રો સામે લડો, ખચીત જ શેતાનનો ફરેબ પોકળ છે.'**

(સૂરા-૪, આયત-૭૬)

- ઈમાનની બાબતમાં ફસાઈ જવું એ ખરાબમાં ખરાબ બાબત છે. જ્યારે લોકો તમારી પાસે આવે છે અને તમારી સાથે વાતચીત કરે છે અને એવું કહે છે કે તમે જેને અનુસરો છો તે ખોટું છે, તો તેઓ જે કંઈ કહે છે તેના ઉપર વિચાર કરો. તેમનું આંધળું અનુકરણ ન કરો પરંતુ તમારી જાતને પ્રશ્ન પૂછો અને તમારા ઈમાનને સમજવાનો પ્રયત્ન કરો. અલ્લાહ આપણને કહે છે કે હંમેશાં કોઈ ગુમરાહ કરનારો તો હશે જ માટે આપણે સાવચેત રહેવું જોઈએ અને આવા લોકોની અવહેલના કરવી જોઈએ.

**'એવી જ રીતે અમોએ શરારતી ઈન્સાનો તથા જિન્નાતોમાંથી દરેક નબી(ની કસોટી) માટે એક દુશ્મન બનાવ્યો હતો જે ધોકો આપવા માટે કેટલાક કેટલાકના કાનમાં શૃગારિક જૂઠી વાતો ફૂંકતા હતા... તેઓ આ વાતને ખૂબ પસંદ કરે અને એ માટે પણ કે તેઓ જે(બૂરી) કમાણી કર્યા કરે છે તે તેઓ કર્યા જ કરે.'**

(સૂરએ અન્આમ, આયત-૧૧૨/૧૧૩)

આ આયતમાં આપણને 'ફક્ત એવા જ લોકો' કે જેઓ છેતરાશે, તેઓ એવા છે કે જેમને પરલોકની જિંદગીમાં અને કયામતના દિવસમાં વિશ્વાસ નથી. જો આપણે આપણા માર્ગ ઉપર અડગ રહીશું તો અલ્લાહ આપણને એ બધા ખતરાઓ અને યુક્તિઓથી બચવા માર્ગદર્શન આપશે.

જ્યારે કોઈ માણસ છેતરપીંડી આચરે છે તો તે આ દુનિયામાં થોડા સમય માટે જ લાભમાં રહે છે. તેમને કદાચ ધન અથવા કીર્તિ પ્રાપ્ત થાય પરંતુ લાંબા ગાળે તેઓ ગુમાવનારા છે કારણ કે કયામતના દિવસે જે માણસ સામે તેમણે યુક્તિ અજમાવી હશે તે તેમની સન્મુખ હશે અને એ વખતે જ તેમને પસ્તાવો થશે પરંતુ એ વખતે ઘણું મોડું થઈ ગયું હશે.

**ઈશ્ક વાડી માંહે ન નિપજે, ઈશ્ક હાટ ન વેચાય,**
**ઈશ્ક તો હઈડામાં નિપજે, તેનું હઈડું કોરી ખાય.**

(ઈશ્ક કંઈ વાડીમાં કે ખેતરમાં પેદા થતો નથી. ઈશ્ક કંઈ દુકાનમાં વેચાતો મળતો નથી. ઈશ્ક તો હૃદયની અંદર ઉત્પન્ન થતો હોય છે અને તેના હૈયાને કોરી ખાતો હોય છે.)

અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'આ રીતે અમોએ દરેક વસ્તીમાં ગુનેગારોને આગેવાન બનાવેલા છે, દુષ્ટ માણસોને તેની અંદર કાવતરાં રચવા પરંતુ તેઓ માત્ર તેમના પોતાના નફસ વિરૂધ્ધ જ કાવતરાં રચે છે અને તેની તેમને ખબર પડતી નથી.'**

(સૂરએ અન્આમ, આયત-૧૨૩)

આ બાબતથી શીખવા જેવું એ છે કે જો આપણે છેતરપીંડી આચરીશું તો લાંબા ગાળે આપણી જાતને જ નુકસાન કરીશું. આપણને જે મળેલું હોય તેનાથી બીજાઓ કદી મુશ્કેલી ન વેઠે તે પણ જોવું જોઈએ. જો આપણે એવું કરીશું તો તે સ્વાર્થ છે અને અલ્લાહની મખ્લૂકની સામે જવું એટલે ખુદ અલ્લાહ વિરૂધ્ધ જવું ગણાશે. *


કામરાન એજ્યુકેશન સેન્ટર, પાટણને યશસ્વી દસ વર્ષ પૂરાં થયાં તેની ખુશીમાં **તન્ઝીમે ઝયનબીયા** અને **ફેઈથફુલ** દ્વારા ફૂલસ્કેપ નોટબુક બહાર પાડી છે જેનું વિમોચન તા.૨૧-૨-૧૧ના રોજ હાજરપીરે કામરાન સેન્ટર ખાતે કર્યું હતું. જેના ભાવ નીચે મુજબ છે.

**ચોપડા નંગ-૧ રૂા.૧૫/-, નંગ-૩ રૂા.૪૦/-, નંગ-૬ રૂા.૭૫/-, નંગ-૯ રૂા.૧૧૦/-, નંગ-૧૨ રૂા.૧૪૦/-**

**::::: ઉપલબ્ધ સ્થળ :::::**

- સાબરકાંઠાના તમામ ગામોમાં
- મકતબા જાફરીયા
- કામરાન એજ્યુકેશન સેન્ટર, પાટણ
- મશાયખી બોયઝ હોસ્ટેલ, અમદાવાદ

**::::: સંપર્ક :::::**

૯૪૨૯૨૩૫૧૨૮ - હૈદરભાઈ

૯૯૭૪૪૪૬૬૮૬ - નજરમહંમદ

૯૨૨૭૭૮૬૪૪૦ - બાકરઅલી(નાઈસ)


## નુસ્ખા

### ખરજવું, ખસ, ખુજલી, દરાજ

* ગાજરને વાટીને તેમાં થોડું મીઠું નાખી ગરમ કરી ખરજવા ઉપર બાંધવાથી ખરજવું મટે છે.
* ખારેક અથવા ખજૂરના ઠળિયાને બાળીને તેની રાખ કપૂર અને હિંગ સાથે મેળવી ખરજવા પર લગાડવાથી ખરજવું મટે છે.
* કળી ચૂનો અને પાપડખારને મેળવીને પાણીમાં ભીંજાવી ખરજવા ઉપર લગાડવાથી ખરજવું મટે છે.
* તાંદળજાની ભાજીના રસમાં સાકર મેળવીને પીવાથી ખસ મટે છે.
* બટાટા બાફી તેના કટકા કરી સહન થાય તેવા ગરમાગરમ ખરજવા ઉપર બાંધવાથી ખરજવું મટે છે.
* ખરજવા ઉપર લીમડાનાં બાફેલાં પાન બાંધવાથી અને લીમડાનો અડધો કપ રસ સવાર-સાંજ પીવાથી ખરજવું મટે છે.
* પપૈયાના દૂધને અને ટંકણખારને ઉકળતા પાણીમાં મેળવીને લેપ કરવાથી ખરજવું ખસ મટે છે.
* જવના લોટમાં તલનું તેલ અને છાશ મેળવીને લગાડવાથી ખુજલી મટે છે.
* કોપરું ખાવાથી અને કોપરું બારીક વાટીને શરીરે ચોપડવાથી ખંજવાળ મટે છે.
* ટામેટાના રસમાં તેનાથી બમણું કોપરેલ મેળવી શરીર પર માલિશ કરીને, અડધા કલાક પછી સ્નાન કરવાથી ખુજલી મટે છે.
* આમળાંને બાળીને તલના તેલમાં મેળવીને ચોપડવાથી ખસ મટે છે.
* ચણાનો લોટ પાણીમાં મેળવીને શરીરે માલિશ કરવાથી અને સ્નાન કરવાથી ખુજલી મટે છે.
* તુવરનાં પાન બાળીને દહીમાં મેળવીને ચોપડવાથી ખસ મટે છે.
* આખા શરીરે ખુજલી આવતી હોય તો સરસિયાના તેલની માલિશ કરવાથી ખુજલી મટે છે.

# આપણા ઘરની વાતો

**● નવયુગ શાળા પરિવાર, ઈલોલના 'દશાબ્દી મહોત્સવ'ની ઉજવણી :**

મોમિન ચેરીટેબલ ટ્રસ્ટ, ઈલોલ સંચાલિત નવયુગ શિશુવિહાર, પ્રાથમિક અને માધ્યમિક શાળાનો દશાબ્દી મહોત્સવ તા.૪-૩-૨૦૧૧ને શુક્રવારે ઉજવવામાં આવ્યો હતો. નવયુગ શાળાના પટાંગણમાં આમંત્રિત મહેમાનો, બાળકો, વાલીગણ અને ગામના યુવાનોએ હાજર રહી બાળકો અને સ્ટાફને પ્રેરક બળ પૂરું પાડ્યું હતું. આ દિવસે વિજ્ઞાન પ્રદર્શન, મોડલ પ્રદર્શન, રંગોળી, રમતોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. તા.૪-૩-૨૦૧૧ના રોજ સવારે ૮-૩૦ કલાકે વિજ્ઞાન પ્રદર્શન અને મોડલ પ્રદર્શનનું ઉદ્ઘાટન ડૉ.ઝેડ.એમ.ગઢાવાલા(પ્રોફેસર, સાયન્સ કોલેજ, હિંમતનગર)ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું તેમજ રમતોત્સવ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મો.હસનભાઈ કે. હોલ્ડા(પૂર્વ આચાર્યશ્રી, ઈલોલ હાઈસ્કૂલ), મો.ઈસ્માઈલભાઈ કે. બલોસપુરા(મુખીશ્રી, શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત, ઈલોલ પહાડીયા), મો.રફીકભાઈ એ. વિજાપુરા(સદસ્ય, ઈલોલ દૂધ ઉ. સ. મંડળી), મો.નૂરમોહંમદ વી. લોઢા અને મો.મોહંમદહુસૈન ડી. નુરભાણેજ(સદસ્યો, વાલી મંડળ, નવયુગ શાળા) વગેરેએ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. રાત્રે ૮-૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સમારોહના અધ્યક્ષ સ્થાને જનાબ અબ્બાસભાઈ ડી. મોમિન (પ્રમુખ, એહમદ વિકાસ મંડળ) બિરાજમાન હતા અને જનાબ અબ્બાસભાઈ એન. સુણસરા(એલ.આઈ.સી.), જનાબ કાસમભાઈ આઈ. વિજાપુરા(તંત્રી, જાફરી આવાઝ), જનાબ ઈસ્માઈલભાઈ એસ. ગોદડ(પ્રમુખ, શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા), જનાબ રોશનઅલી જી. હોલ્ડા(ડીરેકટર, જમીન વિકાસ બેન્ક, હિંમતનગર), જનાબ વલીભાઈ એ. પટેલ(પૂર્વ સરપંચ, કનાઈ), જનાબ ગુલાહુસૈન એસ. દેધરોટીયા(આચાર્યશ્રી, ઈલોલ હાઈસ્કૂલ), જનાબ ઈકબાલભાઈ આર. ખણુશીયા(ઉપ પ્રમુખ, નૂતન કેળવણી મંડળ, ઈલોલ), વગેરે મહાનુભાવોએ અતિથિ વિશેષ તરીકે હાજર રહી બાળ કલાકારોને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા.

આ ઉજવણીના બન્ને સેશનમાં હાજર રહેલ મહેમાનોએ બાળકો દ્વારા તૈયાર કરેલ થર્મોકોલના નમૂનાઓ, માટીના નમૂનાઓ તેમજ વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વસ્ત્રોના નમૂનાઓ અને રંગોળીની ભરપેટ પ્રશંસા કરી હતી અને બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિનાં વખાણ કર્યાં હતાં. રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ બાળગીત, અભિનય ગીત, કવ્વાલી, એક પાત્રીય અભિનય, વેશભૂષા દ્વારા બ્રહ્માંડ અને તેમાં રહેલા ગ્રહોનું જ્ઞાન, ગંડું રાજાનું ટૂંકું પ્રહસન, સ્વચ્છતા અભિયાન અભિનય ગીત, તોફાની બાળકોનો વર્ગખંડ વગેરેની રજૂઆત દ્વારા જનમેદનીને ખૂબ જ પ્રભાવિત કરી હતી. આ પ્રસંગે સમારંભમાં હાજર રહેલ આમંત્રિત મહેમાનો અને ગ્રામજનોનું ઉમળકાભેર સ્વાગત કર્યા પછી ડો.અબ્બાસભાઈ આગલોડીયાએ સંસ્થા પરિચય અને પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમના આભારનો ભાર આભારવિધિ દ્વારા હળવો કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળા પરિવારના સૌ શિક્ષક મિત્રોએ ઉત્સાહભેર સાથ સહકાર આપ્યો હતો.

**● મશાયખ બોયઝ હોસ્ટેલ, અમદાવાદમાં મિલન સમારંભ :**

'જાફરી આવાઝ'ના અમદાવાદ સ્થિત માનદ પ્રતિનિધિ મો.જી. એસ. કડીવાલાની યાદી જણાવે છે કે એહમદ વિકાસ મંડળ, સંચાલિત મશાયખ બોયઝ હોસ્ટેલ, અમદાવાદમાં તા.૯-૩-૨૦૧૧ને બુધવારના રોજ હોસ્ટેલના વિદ્યાર્થીઓ, સંચાલકો અને મોમિન મિત્ર મંડળના સભ્યોનો એક મિલન સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં હાજી ઈબ્રાહીમભાઈ સેલીયા(કાકોશી), મો.ગુલામહુસૈન પટેલ(બાદરપુર), મો.કાસમભાઈ સાલેહ(પીરોજપુરા), મો.મયસમઅલી હોલ્ડા(ઈલોલ તલાવ), મો.એમ.વી.સુણસરા(સેવાણી), મો.ઈસ્માઈલભાઈ દાઉવા, મો.જી.કે.પટાવટ તેમજ અન્ય મોમિન ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે હોસ્ટેલ વિષે તેમજ વિદ્યાર્થીઓ વિષે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વિદ્યાર્થીઓ પૈકી મો.તાહેરઅલી વિજાપુરા(ઈલોલ) તથા મો.એહસાનઅલી મોમિન(દસાવાડા)એ હોસ્ટેલ અંગેના પોતાના વિચારો અને સૂચનો રજૂ કર્યાં હતાં. મિલન સમારંભના વક્તાઓનો સૂર આપણા રૂહાની રહેબરની મરજી મુજબ ઈલ્મ પ્રાપ્ત કરીને સમાજને એક ઉદાહરણ પૂરું પાડવા અંગેનો રહ્યો હતો. કાર્યક્રમના અંતે મો.કાસમભાઈ દાઉવા(મોલીપુરવાળા)એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની પણ માહિતી આપી હતી. એક મોમિન ભાઈ તરફથી રાખવામાં આવેલ જમણવાર પછી સમારંભનું વિસર્જન થયું હતું.

**● ઈન્નાલિલ્લાહે :**



કેસીમ્પા નિવાસી **મર્હૂમ મો.ગુલામભાઈ નુરમદભાઈ વાઘમાર** મુ.તા.૨૧, સફર-૧૪૩૨, તા.૨૭-૧-૨૦૧૧ને ગુરૂવારના રોજ ૪૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નમ્ર અને ઠંડા મિજાઝના હતા અને તેઓ અઝાદારીમાં અગ્રેસર રહેતા હતા. ---➜



←--- સેવાલણી નિવાસી **મર્હૂમા મો.મરીયમબેન નશીરભાઈ મોમજી મોળપીયા** મુ.તા.૨, રબીઉલ અવ્વલ-૧૪૩૨, તા.૬-૨-૨૦૧૧ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, હસમુખાં, લાગણીશીલ, માયાળુ તેમજ બાળપ્રેમી હતાં.



ઈલોલ પહાડીયા નિવાસી **મર્હૂમ મો.ગુલામહૈદર શરીફભાઈ દાંત્રેલિયા** મુ.તા.૧૫, સફર-૧૪૩૨, તા.૨૦-૧-૨૦૧૧ને ગુરૂવારના રોજ ગંભીર બીમારી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ ઈલોલ પહાડીયા મસ્જિદમાં મુજાવર તરીકે સેવા બજાવતા હતા. ---➜




←--- કેસીમ્પા નિવાસી **મર્હૂમ મો. ડૉક્ટર શબ્બીરઅલી ગુલામહૈદર ઉમતીયા** મુ.તા.૨૫, સફર-૧૪૩૨, તા.૩૧-૧-૨૦૧૧ને સોમવારના રોજ ૨૫ વર્ષની યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ શબ્બીરઅલી **M.D.**(ફીઝીશીયન) ડીગ્રી ધરાવતા હતા અને અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં સેવા આપતા હતા. તેમને ચાલુ સેવાએ ગંભીર ચેપી રોગની અસર થવાથી અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યાં બે દિવસ બાદ અવસાન પામ્યા હતા. મર્હૂમના મૃત્યુના સમાચાર મળતાં સમગ્ર જમાઅતમાં દુઃખની લાગણી ફેલાઈ

ગઈ હતી. મર્હૂમ સ્વભાવે નરમ અને હસમુખા હતા. તેઓ પીરો મુરશિદ અને મઝહબી વાતોમાં ખૂબ જ રસ ધરાવતા હતા. તેમની ખોટ જમાઅતમાં ક્યારેય પૂરી થાય તેમ નથી.

બાદરપુર નિવાસી **મર્હૂમા મો.જીજીબેન હબીબભાઈ કોડાલીયા** મુ.તા.૨૪, રબીઉલ અવ્વલ-૧૪૩૨, તા.૨૮-૨-૨૦૧૧ને સોમવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નિખાલસ, હસમુખાં, માયાળુ, નેક અને પ્રેમાળ હતાં. તેઓ પીરો મુરશિદ સાથે ખૂબ જ મોહબ્બત ધરાવતાં હતાં અને એહલેબયત(અ.)નાં ચાહક હતાં. મર્હૂમાની ફાતિહાખ્વાનીમાં આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. ---➔





⟵--- હૈદરપુરા નિવાસી **મર્હૂમ મો.રસુલભાઈ દાઉદ વાઘણીયા(ભગત)** મુ.તા.૩, રબીઉલ આખર-૧૪૩૨, તા.૯-૩-૨૦૧૧ને બુધવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક અને પંચગાના નમાઝના પાબંદ હતા. મર્હૂમ ઉમ્રહ હજથી પણ મુશર્રફ થયેલા હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત મદ્રેસાની વાર્ષિક પરીક્ષા હિજરી સન-૧૪૩૨ પ્રથમ ત્રણ ક્રમે આવતા મદ્રેસાઓ**

| ક્રમ | મદ્રેસાનું નામ | ગામનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| | | **વિભાગ-એ (૨૦૦ ઉપર સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ શીઆહ જાફરી | કેસીમ્પા | ૩૭૧ | ૯૦.૮૩% |
| (૨) | મદ્રસએ ઝયનુલ ઈસ્લામ | બાદરપુર | ૩૨૨ | ૯૦.૩૭% |
| (૩) | મદ્રસએ મહેરૂલ ઊલૂમ | કાકોશી | ૨૦૭ | ૮૮.૮૮% |
| | | **વિભાગ-બી (૧૫૧ થી ૨૦૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ મહેરૂલ ઊલૂમ | જોગેશ્વરી-મુંબઈ | ૧૭૯ | ૯૮.૩૨% |
| (૨) | મદ્રસએ મશાયખી | વાઘરોલ | ૧૮૪ | ૯૫.૬૫% |
| (૩) | મદ્રસએ અહેમદીયા | મેતા | ૧૫૪ | ૯૪.૮૦% |
| | | **વિભાગ-સી (૧૦૧ થી ૧૫૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ હસનીયા | સેવાલણી | ૧૧૭ | ૯૯.૧૪% |
| (૨) | મદ્રસએ નૂરે ઈમાન | ખડીયાસણા | ૧૨૬ | ૯૬.૮૨% |
| (૩) | મદ્રસએ નૂરૂલ ઈમાન | બાદરગઢ | ૧૨૮ | ૯૪.૫૩% |
| | | **વિભાગ-ડી (૫૧ થી ૧૦૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ ફૈઝુલ ઊલૂમ | કિશોરગઢ | ૧૦૦ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ રૂહે ઈમાન | ચડોતર | ૯૯ | ૧૦૦.૦૦% |
| (૩) | મદ્રસએ શમ્સુલ ઊલૂમ | શેરપુરા | ૭૮ | ૧૦૦.૦૦% |
| | | **વિભાગ-ઈ (૨૬ થી ૫૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ હુસેનીયા | ઝહીરાબાદ-હિંમતનગર | ૪૬ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ બાબુલ ઈલ્મ | કૌસરી-મુંબઈ | ૪૪ | ૧૦૦.૦૦% |
| (૩) | મદ્રસએ ફાઝેલુલ ઊલૂમ | ગણેશપુરા | ૩૭ | ૧૦૦.૦૦% |

**લી. મોલ્વી હાસમભાઈ વલીભાઈ, સિધ્ધપુર**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૪૨૯/- મો.મર્હૂમ સુલેમાનભાઈ સાવદીભાઈ કરમુલા(બાદરપુર)ના પરિવારજનો તરફથી મર્હૂમની રૂહના સવાબ અર્થે.**

**મર્હૂમ મો.ગુલામભાઈ નુરમદભાઈ વાઘમાર(કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/-મો.નુરમદભાઈ નશીરભાઈ વાઘમાર
રૂા.૧૦૧/-મો.શબ્બીરભાઈ નુરમદભાઈ વાઘમાર
રૂા.૧૦૧/-મો.રસુલભાઈ નુરમદભાઈ વાઘમાર
રૂા.૧૦૧/-મો.મહેમૂદઅલી ગુલામભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.અહેસાનઅલી ગુલામભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.અહેમદઅલી શબ્બીરભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.અમીનાબેન નુરમદભાઈ વાઘમાર
રૂા.૫૦/-મો.ઝયનબબેન ગુલામભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.સખીનાબેન શબ્બીરભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.હુસૈનાબેન રસુલભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.હબીબાબેન અકબરભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.મહેરફાતેમા શબ્બીરભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.મેઅરાજફાતેમા રસુલભાઈ વાઘમાર
રૂા.૨૫/-મો.સાજેદાબેન મહેમૂદભાઈ વાઘમાર
રૂા.૫૦/-મો.સુલેમાભાઈ અલાદભાઈ નાગલપરા
રૂા.૫૦/-મો.જનુબેન સુલેમાનભાઈ નાગલપરા
રૂા.૨૫/-મો.આબિદઅલી સુલેમાનભાઈ નાગલપરા
રૂા.૨૫/-મો.ફાતેમાબેન આબિદઅલી નાગલપરા
રૂા.૨૫/-મો.સખીનાબેન ગુલામભાઈ નાગલપરા
રૂા.૨૫/-મો.સાબેરાબેન આબિદઅલી સાઠીયા
રૂા.૨૫/-મો.હુસૈનાબેન હસનભાઈ શેરશીયા
રૂા.૫૦/-મો.ગુલામભાઈ અલીમદભાઈ નાગલપરા
રૂા.૪૬/-મો.અકબરઅલી નુરમદભાઈ વાઘમાર

**રૂા.૫૦૦/-મો.મર્હૂમા મરીયમબેન નશીરભાઈ મોમજી મોળપીયા(સેવાલણી)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.**

**મર્હૂમ મો. ડૉ. શબ્બીરઅલી ગુલામહૈદર ઉમતીયા(કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/-મો.ગુલામહૈદર હબીબભાઈ ઉમતીયા
રૂા.૨૦૧/-મો.હુસૈનાબેન ગુલામહૈદર ઉમતીયા
રૂા.૨૦૧/-મો.અબ્બાસઅલી ગુલામહૈદર ઉમતીયા
રૂા.૧૫૧/-મો.મકસુદાબેન આશિકહુસૈન માણસીયા
રૂા.૧૫૧/-મો.આશિકહુસૈન અકબરભાઈ માણસીયા
રૂા.૧૫૧/-મો.નશીરભાઈ વજીરભાઈ પટેલ
રૂા.૧૦૦/-મો.અમીનાબેન નશીરભાઈ પટેલ
રૂા.૧૦૦/-મો.સાદિકઅલી નશીરભાઈ પટેલ
રૂા.૧૦૦/-મો.મુસ્તાકઅલી નશીરભાઈ પટેલ
રૂા.૧૦૦/-મો.મહંમદઅલી નશીરભાઈ પટેલ
રૂા.૨૦૦/-મો.હાસમભાઈ સુલેમાનભાઈ શેરસીયા
રૂા.૧૦૦/-મો.સુગરાબેન હાસમભાઈ શેરસીયા
રૂા.૧૦૦/-મો.રિઝવાનઅલી હાસમભાઈ શેરસીયા
રૂા.૧૫૧/-મો.રસુલભાઈ નુરાભાઈ નાગલપરા
રૂા.૧૦૦/-મો.જીવુબેન રસુલભાઈ નાગલપરા
રૂા.૧૫૧/-મો.ગુલામભાઈ રસુલભાઈ નાગલપરા
રૂા.૧૦૦/-મો.મોલ્વી હબીબભાઈ નુરાભાઈ નાગલપરા
રૂા.૧૦૦/-મો.નુરીબેન હબીબભાઈ નાગલપરા
રૂા.૧૦૧/-મો.માસુમભાઈ રસુલભાઈ નાગલપરા
રૂા.૧૦૧/-મો.ફિજ્જાબેન માસુમભાઈ નાગલપરા
રૂા.૧૦૦/-મો.આબેદાબેન માસુમભાઈ નાગલપરા
રૂા.૧૦૦/-મો.નજમાબેન હૈદરઅલી માણસીયા

રૂા.૧૧૦/-મો.આમેનાબેન અકબરભાઈ રામસડા
રૂા.૧૦૫/-મો.ઈસ્માઈલભાઈ રસુલભાઈ નાગલપરા
રૂા.૫૧/-મો.રહેમતબેન ઈસ્માઈલભાઈ નાગલપરા
રૂા.૧૦૧/-મો.સાકેરાબેન જાવેદમહંમદ મોમિન
રૂા.૧૦૧/-મો.રોશનઅલી ઈસ્માઈલભાઈ શેરસીયા
રૂા.૧૦૧/-મો.ફાતેમાબેન રોશનભાઈ શેરસીયા
રૂા.૬૦/-મો.રસુલભાઈ નુરમદભાઈ શેરસીયા
રૂા.૬૦/-મો.હાજરાબેન રસુલભાઈ શેરસીયા
રૂા.૫૧/-મો.મોલ્વી સુલેમાનભાઈ વલીભાઈ ભોરણીયા
રૂા.૧૦૧/-મો.ગુલામહૈદર સુલેમાનભાઈ રામસડા
રૂા.૧૦૧/-મો.સખીનાબેન ગુલામહૈદર રામસડા
રૂા.૫૧/-મો.સાબેરાબેન હૈદરભાઈ માણસીયા
રૂા.૧૦૦/-મો.ગુલામહુસૈન શરીફભાઈ સાઠીયા
રૂા.૧૦૦/-મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ પટેલ
રૂા.૧૦૦/-મો.મોલ્વી રહીમભાઈ વલીભાઈ ગાંધી
રૂા.૧૦૦/- વિરચંદભાઈ ચૌધરી-અમદાવાદ
રૂા.૫૧/-મો.મહંમદભાઈ સુલેમાનભાઈ મુખી
રૂા.૫૧/-મો.ફિજ્જાબેન મહંમદભાઈ મુખી

**મર્હૂમ મો.રસુલભાઈ દાઉદ વાધણીયા (ભગત)(હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/-મો.હુરીબેન રસુલભાઈ વાધણીયા
રૂા.૧૦૧/-મો.કાસમભાઈ રસુલભાઈ વાધણીયા
રૂા.૫૦/-મો.સકીનાબેન કાસમભાઈ વાધણીયા
રૂા.૫૦/-મો.ઝાહેદાબેન નજરમોહંમદ જગરાળા
રૂા.૨૫/-મો.સાબેરાબેન કાસમભાઈ વાધણીયા
રૂા.૨૫/-મો.શબ્બીરઅલી કાસમભાઈ વાધણીયા
રૂા.૧૧/-મો.સુગરાફાતેમા કાસમભાઈ વાધણીયા
રૂા.૧૧/-મો.રહમતફાતેમા કાસમભાઈ વાધણીયા
રૂા.૧૧/-મો.ઈનામઅલી નજરમોહંમદ જગરાળા
રૂા.૧૦૧/-મો.શબ્બીરઅલી રસુલભાઈ વાધણીયા
રૂા.૫૦/-મો.આબેદાબેન શબ્બીરઅલી વાધણીયા
રૂા.૨૫/-મો.હસનઅલી શબ્બીર વાધણીયા
રૂા.૨૫/-મો.સાદિકઅલી શબ્બીર વાધણીયા
રૂા.૧૦૦/-મો.રહમતબેન શબ્બીર કડીવાલા
રૂા.૫૦/-મો.ઝયનબબેન ઈસ્માઈલભાઈ સુણસરા

**રૂા.૧૦૦૧/-મો.મર્હૂમા જીજીબેન હબીબભાઈ કોડાલીયા(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મો.હબીબભાઈ સલેમભાઈ કોડાલીયા તથા તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/-મો.ઝોહરાબેન શેરઅલી કોવડીયા(કનાઈ)તરફથી જનાબા સૈયદા હસીનાબેગમ સાહેબા તથા જનાબ સૈયદ મોઈનુદ્દીન મીર(વડોદરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/-મો.સુગરાબેન મુસ્તાકઅલી દાવડા(કનાઈ)તરફથી જનાબા સૈયદા હસીનાબેગમ સાહેબા તથા જનાબ સૈયદ મોઈનુદ્દીન મીર(વડોદરા)ની રૂહના સવાબ અર્થે.


**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**